

# Current663

## June 2016

**Price Rs. 45**




**ગુજરાત જાહેર સેવા આયોગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ જાહેરાતો માટે Day to Day Current Affairs આપતી વેબસાઈટ હવે પુસ્તક સ્વરૂપે.........**

# EDITORIAL:

નમસ્કાર વાચક મિત્રો,

આપ સર્વે ગુજરાત સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓને આપનું લક્ષ્ય બનાવીને તે સિદ્ધ કરવા માટે પ્રયત્નશીલ છો, તે બદલ આપ સર્વેને હું અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું.

આપને ઉપયોગી જૂન – 2016નો આ અંક પ્રકાશિત કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું. આ અંકમાં સ્થાનિક વર્તમાનપત્રો તથા સામયિકો ઉપરાંત રાષ્ટ્રીય વર્તમાનપત્રો અને આંતરરાષ્ટ્રીય સમાચારો માટેના અન્ય સ્રોત, મેગેઝીન તેમજ સમાચાર ચેનલોનો ઉપયોગ કરીને સચોટ અને વાસ્તવિક માહિતી આપના સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

કોઈ પણ જગ્યાએ બિનજરૂરી ફોટા કે બિનજરૂરી માહિતી સમાવીને આ અંકને વધુ વજનદાર બનાવવાને બદલે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી સામગ્રી આપીને તેને વધુ ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જે માહિતી અહીં આપેલી છે, એ જ માહિતીને પુનઃ 100 કે 500 વૈકલ્પિક પ્રશ્નોના સ્વરૂપે રજૂ નથી કરી. જેથી આપનો કિમતી સમય આપ આપના લક્ષ્યની પ્રાપ્તિ માટે ઉપયોગમાં લઈ શકો. જે વિગતો વર્તમાન પ્રવાહો સાથે સંબંધિત છે અને પરીક્ષા માટે ઉપયોગી છે એવી તમામ માહિતી અન્ય સ્રોતો દ્વારા મેળવીને વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ અંકમાં એપ્રિલ માસની અને ફેબ્રુઆરી માસની દિવસવાર અને મુદ્દાવાર માહિતી આપી છે. જો કે આપ દિવસવાર વિગતો અમારી link http://current663.wordpress.com પરથી પણ દરરોજ મેળવી શકો છો. પરંતુ કેટલીક માહિતી એવી છે કે જેને અમારી મર્યાદાને કારણે અમે વેબસાઈટ પર મૂકી શક્યા નથી. પરંતુ તેમ છતાં એવી તમામ વિગતોનો અંકમાં સમાવેશ કર્યો છે. તેમ છતાં જો આપ આ સાહિત્યને વધુ શ્રેષ્ઠ બનાવવા ઈચ્છુક હો તો આપ આપના સૂચનો અમારી વેબસાઈટ http://current663.wordpress.com પર અથવા www.facebook.com/currentdaily પર મોકલી શકો છો. આપનાં સૂચનો અમારા માટે અમૂલ્ય છે. અમારી ટીમ તેની યોગ્યતા તપાસીને અમારા આગામી અંકમાં સમાવિષ્ટ કરશે.

આપ આપના લક્ષ્યની પ્રાપ્તિ કરો અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી અપેક્ષા સહ...

વંદે માતરમ......................ભારત માતા કી જય............................

સંપાદક

Komal Chaudhary

current663.wordpress.com

# April 1 2016

❖ વિખ્યાત લેખક અને પત્રકાર બાબુ ભારદ્વાજનું નિધન :

- વિખ્યાત લેખક અને પત્રકાર બાબુ ભારદ્વાજનું 68 વર્ષની વયે નિધન થયું છે.
- તેમને કેરળ સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.
- બાબુ ભારદ્વાજે એક ફિલ્મ પણ બનાવી હતી.

❖ ડીજીટલ ગુજરાત અંતર્ગત 28 પ્રકારનાં સર્ટીફીકેટ ઓનલાઈન :

- ડીજીટલ ઈન્ડીયાના ભાગરૂપે રાજ્ય સરકારે ડીજીટલ ગુજરાત અંતર્ગત વિવિધ સરકારી વિભાગોની 28 જેટલી સેવાઓ એક જ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લીધો છે.
- 1 લી એપ્રિલથી આ પોર્ટલ કાર્યરત થઈ જશે.
- તા.31 માર્ચના રોજ વિધાનસભામાં રાજ્ય કક્ષાના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલે આ બાબતની જાહેરાત કરી હતી.
- Digitalgujarat.gov.in નામના પોર્ટલના માધ્યમથી વિવિધ વિભાગો, જનસેવા કેન્દ્રો અને એટીવીટી કેન્દ્રો પર આ સેવા ઉપલબ્ધ બનશે.
  આ સેવાઓ નીચે પ્રમાણે છે.
  - ☞ પ્રથમ તબક્કે સામાજીક ન્યાય, પુરવઠા, મહેસૂલ, નાણા, મહિલા-બાળવિકાસ અને ગૃહ વિભાગની સેવાઓ ઉપલબ્ધ કરાશે.
  - ☞ જેમાં નાના ખેડૂતનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, એસ.ઈ.બી.સી.નું પ્રમાણપત્ર, એસ.સી.-એસ.ટી. જાતિ પ્રમાણપત્ર, વારસાઈ સર્ટીફીકેટ, ડોમીસાઈલ પ્રમાણપત્ર, સીનિયર સીટીજન સર્ટીફીકેટ, ચારિત્ર્ય પ્રમાણપત્ર, ધાર્મિક લઘુમતિ, વિધવા પ્રમાણપત્ર, આર્થિક પછાત, હોટલ લાઈસન્સ રીન્યુઅલ, પાક સંરક્ષણ, આર્મ લાઈસન્સ, નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ, રેશનકાર્ડ સહિતની સેવાઓનો સમાવેશ કરાયો છે.

❖ વિધાનસભામાં નવું જમીન સંપાદન બિલ પસાર :

- આ બિલની જોગવાઈ મુજબ હવે રાજ્ય સરકાર જમીન સંપાદન માટે એમ જાહેર કરે કે તે જમીન સંપાદન જાહેર હેતુ માટે છે, ત્યારે જમીન સંપાદન સરળતાથી થઈ જશે.

❖ આજથી નાગરિકોનો જાહેર સેવા અંગેનો અધિકાર અમલી :

current663.wordpress.com

- હવે આ અધિનિયમ અંતર્ગત આવરી લેવામાં આવેલી સેવાઓ નિયત સમયમર્યાદામાં નાગરિકોને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- તેમાં ચૂક કરનાર અધિકારી માટે દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

❖ ભારતની કંપનીઓ હેલિકોપ્ટર, તોપ, પરમાણુ શસ્ત્રો અને લોન્ચર બનાવશે :

- તાતા, મહિન્દ્રા, રિલાયન્સ, કલ્યાણી અને એલ એન્ડ ટી જેવાં અગ્રણી કોર્પોરેટ જૂથો મેક ઈન ઈન્ડીયા હેઠળ માત્ર સંરક્ષણ ક્ષેત્રમાં ઉતર્યા નથી, પરંતુ તેઓ વૈશ્વિક કંપનીઓ બનાવવાનું લક્ષ્ય બનાવી રહ્યા છે.
- ડિફેન્સ એક્ષ્પોમાં આ કંપનીઓએ આ માટે અગ્રણી વિદેશી કંપનીઓ સાથે સમજૂતી કરાર પણ કર્યા છે.

❖ બિહારમાં હવે સંપૂર્ણપણે દારૂબંધી :

- 1 લી એપ્રિલથી બિહારમાં દારૂબંધીનો અમલ શરૂ થયો છે.
- આ અંગે નીતિશ કુમારે વિધાનસભામાં ઉત્પાદ સુધારા એક્ટ-2016 બિલ રજૂ કર્યું હતું.
- આ અધિનિયમ અંતર્ગત દારૂ પીને ઘરમાં ધમાલ કરનારને પણ 10 વર્ષ સુધીની કેદની સજા થઈ શકે તેવી જોગવાઈ છે.
- આ સિવાય અત્યારે ગુજરાત, મણિપુર અને નાગાલેન્ડમાં દારૂબંધી છે.

## April 2 2016

❖ વર્ષે રૂ. 50 લાખથી વધુ કમાનારે સંપત્તિની વિગતો આપવી પડશે.

❖ આવકવેરા વિભાગે રીટર્નનાં નવાં ફોર્મ બહાર પાડ્યાં.

❖ તાજમહેલ સહિત દેશના 116 સ્મારકોની પ્રવેશ ફી મોંઘી થઈ.

❖ વિનોદ ભટ્ટ (દિવ્ય ભાસ્કરના કટાર લેખક) ને ગુજરાત સાહિત્ય અકાદમીનો રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિક એનાયત.

❖ આજે ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડે –

- આ દિવસ લેખક હેન્સ ક્રિશ્ચિયન એન્ડરસનનો જન્મદિવસ છે.
- ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડેની વર્ષ 2016ની થીમ 'વન્સ અપોન અ ટાઈમ....' છે.
- આ વખતે ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ બુક ડેના સ્પોન્સર બ્રાઝીલ છે.

current663.wordpress.com

## April 3 2016

- શક્તિદૂત યોજના :
  - આ યોજના અંતર્ગત રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓને જરૂરિયાતના ધોરણે રમતગમતનાં અદ્યતન સાધનો, કોચિંગ, ટ્રેનિંગ, સ્પર્ધા ખર્ચ (વિદેશ પ્રવાસ સહિત) અને અન્ય સુવિધાઓ આપવામાં આવે છે.
  - ખેલાડીની કક્ષા મુજબ 12 થી 20 વર્ષની વયના ખેલાડીઓને વાર્ષિક મહત્તમ 25 લાખ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે.
  - આ યોજનાનો હેતુ રાજ્યના રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્યનું નામ રોશન કરે તે છે.

- આધાર કાર્ડ ધારકોની સંખ્યા 100 કરોડની નજીક :
  - દેશમાં આધાર કાર્ડ ધારકોની સંખ્યા ટૂંક સમયમાં જ 100 કરોડને પાર થઈ જશે.
  - અત્યાર સુધીમાં કૂલ 99.91 કરોડ લોકોને આધાર નંબર આપી દેવામાં આવ્યો છે.

## April 4 2016

- **T-20** વર્લ્ડ કપ : ઈંગ્લેન્ડને હરાવી વેસ્ટ ઈન્ડીઝ ચેમ્પિયન
- **ICC T-20** વિમેન્સ વર્લ્ડ કપમાં પણ વેસ્ટ ઈન્ડીઝ ચેમ્પિયન

## April 5 2016

- આજે સમતા દિવસ : બાબુ જગજીવનરામનો જન્મ દિવસ
- માયામી ઓપન : નોવાક જોકોવીચ છઠ્ઠી વખત ચેમ્પિયન
- **IIM** – અમદાવાદ બીજા નંબરની સંસ્થા

  **IIT** બેંગ્લૂરૂ ટોચની સંસ્થા

  માનવ સંશાધન વિકાસ મંત્રાલયનો અહેવાલ

## April 6 2016

- દેશની પહેલી સેમી હાઈસ્પીડ ટ્રેન 'ગતિમાન એક્સપ્રેસ' શરૂ :
  - રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભુએ ટ્રેનને લીલી ઝંડી આપી.
  - તેની મહત્તમ ઝડપ 160 કિમી/કલાક છે.
  - આ ટ્રેનમાં વાઈ-ફાઈની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

current663.wordpress.com

- ❖ રીઝર્વ બેંક દ્વારા રેપો રેટ ઘટાડવામાં આવ્યો :
  - ➢ આ અગાઉ 6.75% રેપોરેટ હતો.
  - ➢ તેમાં 0.25% ઘટાડો કરીને હવે 6.50% કરવામાં આવ્યો છે.
  - ➢ હાલમાં રીઝર્વ બેન્કના વિવિધ દર નીચે મુજબ છે.

| No | Name of Rate | Full Form | Rate |
|---|---|---|---|
| 1 | R. R. | Repo Rate | 6.50 % |
| 2 | Reverse R. R. | Reverse Repo Rate | 6 % |
| 3 | SLR | Statutory Liquidity Ratio | 21.25 % |
| 4 | CRR | Cash Reserve Ratio | 4 % |
| 5 | BR | Bank rate | 7 % |
| 6 | BR | Base Rate | 9.3 % to 9.7 % |
| 7 | MSF | Marginal Standing Facility | 7 % |

- ❖ હેલેન ક્લાર્ક :
  - ➢ હેલેન ક્લાર્ક ન્યુઝીલેન્ડના પૂર્વ વડાપ્રધાન છે.
  - ➢ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ પદ માટે તેઓ નોમિનેટ થયા છે.
- ❖ શ્રીમતી અરૂંધતી ભટ્ટાચાર્યને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ :
  - ➢ SBIના ચેરપર્સન શ્રીમતી અરૂંધતી ભટ્ટાચાર્યને કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ દ્વારા લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો.
  - ➢ આ એવોર્ડ કોર્પોરેટ ક્ષેત્રમાં તેમના પ્રદાન બદલ તેમને કેન્દ્રીય શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ દ્વારા આપવામાં આવ્યો.

## April 7 2016

- ❖ CBI ના એડીશનલ ડાયરેક્ટર પદે રાકેશ અસ્થાનાની નિમણૂંક કરવામાં આવી:
  - ➢ ઘાસચારા કૌભાંડની તપાસમાં તેમની મુખ્ય ભૂમિકા હતી.
  - ➢ આ કેસમાં તેમણે લાલુપ્રસાદ યાદવને જેલ હવાલે કર્યા હતા.
  - ➢ આ પદ પર તેમની ચાર વર્ષ માટે નિમણૂંક કરાઈ છે.
- ❖ અંજુ શર્મા રાહત કમિશ્નરના પદે નિયુક્ત :

current663.wordpress.com

- ડી. એન. પાંડેને રાહત કમિશ્નરના પદ પરથી હટાવીને આ જગ્યાનો વધારાનો હવાલો Gujarat State Disaster Management Authorityના CEO અંજુ શર્માને આપવામાં આવ્યો.
- આ સાથે જ GSPCનો ચાર્જ નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ જે. એન. સિંહને આપવામાં આવ્યો છે.

❖ ગુજરાત હાઈકોર્ટમાં પાંચ નવા જજની નિમણૂંક કરવામાં આવી.

1. બી. એન. કારિયા
2. એ. જે. શાસ્ત્રી
3. બી. એન. વૈષ્ણવ
4. એ. આઈ. સુપૈયા
5. એ. વાય. કોહજે

- મુખ્યમંત્રી નિદાન યોજના :-
  - આ યોજનાનો 7 એપ્રિલ, વિશ્વ આરોગ્ય દિનથી સમગ્ર રાજ્યમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.
  - આ યોજના અંતર્ગત સમગ્ર રાજ્યમાં હોસ્પિટલોમાં વિના મૂલ્યે લેબોરેટરીની તપાસની સુવિધા આપવામાં આવશે.

- ફોર્બ્સ મેગેઝીન :-
  - એશિયાની સૌથી શક્તિશાળી મહિલા વેપારીઓમાં નીતા અંબાણી પ્રથમ અને SBI ના ચેરપર્સન અરૂંધતી ભટ્ટાચાર્ય બીજા સ્થાને છે.

## April 8 2016

❖ ગુજરાતી બોલપટને 84 વર્ષ પૂર્ણ :

- 8 એપ્રિલ, 1932ના રોજ મુંબઈની વેસ્ટ એન્ડ ટોકીઝમાં (અત્યારના નાઝ થિયેટર) ફૂલ લેન્થની પ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા' રજૂ થઈ હતી.
- અહીંથી ગુજરાતી બોલપટનો જન્મ થયો એમ માનવામાં આવે છે.
- આ ઘટનાને આજે 84 વર્ષ પૂર્ણ થયા છે.

## April 9 2016

❖ સોની ચોરાસિયાનો વર્લ્ડ રેકોર્ડ :

current663.wordpress.com

- વારાણસીની સોની ચોરાસિયાએ 126 કલાક અને 5 મિનિટ સુધી કથક નૃત્ય કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- નૃત્ય કરીને તેણે કેરળની હેમલતા કમંડલૂનો 123 કલાક 15 મિનિટનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.
- આ સોનીનો બીજો પ્રયત્ન હતો. અગાઉ 14 થી 17 નવેમ્બર દરમ્યાન તે 87 કલાક અને 18 મિનિટ નૃત્ય કર્યા બાદ પડી ગઈ હતી.
- પરંતુ તેના બીજા પ્રયત્નમાં તેને સફળતા મળતાં હવે તેને ગિનિઝ બુકમાં સ્થાન મળ્યું છે.

## April 10 2016

- દેશમાં મોબાઈલનું માર્કેટ 1 લાખ કરોડને પાર :
  - દેશમાં પહેલી વાર મોબાઈલનું માર્કેટ 1 લાખ કરોડને પાર થઈ ગયું છે.
  - દેશમાં 431 બ્રાન્ડઝ હોવા છતાં 62% લોકો માત્ર પાંચ કંપનીના મોબાઈલ જ વાપરે છે.
- તાજેતરમાં દેશમાં 'ભારત માતા કી જય' બોલવા પર વિવાદ ચાલી રહ્યો છે.

## April 11 2016

- કેરળમાં આતશબાજીમાંથી અકસ્માત :
  - કેરળના કોલ્લમ જિલ્લાના 100 વર્ષ જૂના પુત્તિંગલ દેવી મંદિરમાં આતશબાજી સ્પર્ધા દરમ્યાન આગ લાગતાં 106 લોકોનાં મોત થયાં છે.
- અમદાવાદ મ્યુનિ.ની નવી પહેલ :
  - અમદાવાદમાં જન્મ-મરણનો દાખલો હવે સ્પીડ પોસ્ટથી મળશે.
  - અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને પોસ્ટ વિભાગ વચ્ચે આ અંગે કરાર થયા છે.
- વિદેશથી પરત થનારાઓ માટે 15% ડ્યુટી :
  - 1 વર્ષ પછી વિદેશથી પરત થનારાએ 15% ડ્યુટી ભરવી પડશે.
  - ઘરેણાં સિવાયના સોના-ચાંદીના દાગીના પર પણ આ ડ્યુટી લાગુ પડશે.
  - જો કે કુલ 13 જેટલી વસ્તુઓને આ ડ્યુટીમાંથી બાકાત રાખવામાં આવી છે.

current663.wordpress.com

❖ સચિન તેંડુલકરના જીવન પર આધારિત ફિલ્મ **'Sachin : A Billion Dreams'** આજે રીલીઝ થઈ.

# April 12 2016

❖ વિશ્વમાં વાઘની સંખ્યામાં વૃદ્ધિ :

- ➢ સમગ્ર વિશ્વમાં વાઘની સંખ્યા વધીને 3,890 થઈ.
- ➢ સમગ્ર વિશ્વના 50% થી વધુ 2,226 વાઘ ભારતમાં છે.
- ➢ આ આંકડા WWF ((World Wild Fund For Naturte – New York – U.S.A.) અને ગ્લોબલ ટાઈગર ફોરમ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. જો કે વાઘ સંબંધિત આ આંકડા ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઑફ નેચર દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે.
- ➢ વાઘ ધરાવતા દેશોમાં ક્રમ મુજબ ભારત, રશિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, નેપાળ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, ભૂતાન વગેરે દેશોનો સમાવેશ થાય છે. આ સિવાય મ્યાનમાર, ચીન અને લાઓસમાં પણ વાઘ છે.

❖ ચાલુ નોકરીએ મૃત્યુ પામનાર કર્મચારીને સહાય :

- ➢ વર્ગ ૩ અને ૪ના કર્મચારી ચાલુ નોકરીએ મૃત્યુ પામશે તો પરિવારને ૮ લાખની સહાય.
- ➢ અગાઉ ઉચ્ચક રકમ અપાવામાં આવતી હતી.

❖ ગુજરાત હાયર એજ્યુકેશન કાઉન્સીલ બિલ-૨૦૧૬નો વિરોધ :

- ➢ દિલ્હી યુનિ.ના પૂર્વ પ્રમુખ ડૉ. આદિત્ય નારાયણના નિવેદન મુજબ 1903માં લોર્ડ કર્ઝને યુનિ.નો જે મુસદ્દો તૈયાર કર્યો હતો, તે પ્રમાણેનું જ આ બિલ છે. ખાનગી યુનિ.ઓને લાભ આપવા યુનિ.ઓની સ્વાયત્તતા છીનવી લેવાનો આ પ્રયાસ છે, એવો તેમણે આરોપ મૂક્યો છે.

❖ ડૉ. અનિલ ચૌહાણની સેવાઓનું સન્માન :

- ➢ ડૉ. અનિલ ચૌહાણની ૧૯૯૬ થી સરકારી સેવામાં જોડાયેલા.
- ➢ તેઓ ૨૦૦૧થી ગૃહમાં તબીબી સારવારની જવાબદારી સંભાળે છે.
- ➢ તેમની સેવાઓને વિધાનસભા અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા દ્વારા બિરદાવવામાં આવી.



current663.wordpress.com

❖ જાપાનમાં G-7 વિદેશ મંત્રીઓની બેઠક પૂર્ણ. વિશ્વને પરમાણુમુક્ત કરવા આહ્વાન.

## April 13 2016

❖ 14 એપ્રિલથી 'ગ્રામોદયથી ભારત ઉદય' અભિયાનની શરૂઆત :

➢ ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મદિવસ નિમિત્તે સમગ્ર દેશમાં ૧૪ એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમ્યાન 'ગ્રામોદયથી ભારત ઉદય' અભિયાન ચાલશે.

➢ ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મસ્થળ મહુથી અભિયાનની શરૂઆત થશે.

➢ 24 એપ્રિલ, પંચાયતી રાજ દિવસના રોજ પ્રધાનમંત્રીશ્રીનું ભાષણ દૂરદર્શન અને આકાશવાણી દ્વારા દરેક ગ્રામસભામાં પ્રસારીત થશે.

➢ જમશેદપુરમાં આયોજીત થનાર પંચાયતી રાજના પ્રતિનિધિઓના સંમેલનમાં શ્રેષ્ઠ પંચાયતોને એવોર્ડ આપવામાં આવશે.

➢ સમગ્ર અભિયાન નીચે મુજબ ત્રણ ચરણમાં થશે.

1. સામાજીક સમરસતા કાર્યક્રમ :- 14, 15 અને 16 એપ્રિલ.

❖ આ ચરણ દરમ્યાન ગ્રામજનો દ્વારા સામાજીક સમરસતા મજબૂત કરવાનો સંકલ્પ કરવામાં આવશે.

❖ આંબેડકર સંબંધિત સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.

❖ આંબેડકર સંબંધિત પ્રદર્શનનું આયોજન અને પ્રતિભાવાન બાળકોનું સન્માન થશે.

2. ગ્રામ ખેડૂતસભા :- 17, 18, 19 અને 20 એપ્રિલ.

❖ કૃષિ યોજનાઓની જાણકારી અને તે સંબંધમાં ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવશે.

❖ ખેડૂતોની આવક 2022 સુધી બમણી કરવા પર વિચાર કરવામાં આવશે.

3. ગ્રામસભાની બેઠક :- 21, 22, 23 અને 24 એપ્રિલ.

❖ ગામોમાં પ્રભાતફેરી, સાંસ્કૃતિક, ખેલકૂદ અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન થશે.

❖ લોકોને વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવશે, જેમ કે પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના, મનરેગા, પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, બેટી બચાવો – બેટી પઢાવો, સ્વાસ્થ્ય વિમા યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, કૌશલ્ય ઉન્નયન યોજના વગેરે.

❖ ચાલુ વર્ષે ભારતનો વૃદ્ધિ દર ૭.૫ ટકા અને આગામી વર્ષે ૭.૭ ટકા રહેશે. – વર્લ્ડ બેન્ક



current663.wordpress.com

❖ **ભારતની સૌપ્રથમ SME નર્સરીની સ્થાપના :**

- SME (લઘુ અને મધ્યમ ઉદ્યોગો) સેક્ટરને ફ્રી નાણાકીય તાલીમ માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. દ્વારા ભારતની સૌપ્રથમ SME નર્સરીની સ્થાપના કરવામાં આવી.
- SME સેક્ટરમાં રોજગારી પૂરી પાડવામાં દેશમાં ગુજરાત બીજા ક્રમે છે.
- દેશના કુલ GDPમાં 8% હિસ્સા સાથે દેશમાં સૌથી વધુ રોજગારી પૂરી પાડવામાં SME સેક્ટર કૃષિ બાદ બીજા ક્રમે છે.

❖ **દેશમાં એપ્રિલ ૨૦૧૫ થી ફેબ્રુઆરી ૨૦૧૬ દરમ્યાન 42 અબજ ડોલરનું સીધુ વિદેશી રોકાણ (FDI – Foreign Direct Investment) આવ્યું.**

❖ **ઝેરી રસાયણોની આયાત પર પ્રતિબંધ :**

- કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયે 6 એપ્રિલ, 2016 થી PCB (Pollution Control Board) ના ઉત્પાદન અને આયાત પર એનવાયર્નમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, 1986 હેઠળ પ્રતિબંધ મૂક્યો હોવાનું જાહેરનામું બહાર પાડ્યું.
- તે અંતર્ગત ઝેરી રસાયણોની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

❖ **ભારત અને અમેરિકા વચ્ચે સૈન્ય કરાર અંગે સૈદ્ધાંતિક સમજૂતી :**

કરારના મહત્વના મુદ્દાઓ નીચે મુજબ રહેશે.

- બંને દેશ નજીકના સમયમાં 'વ્હાઈટ શીપીંગ' સંધિ કરશે.
- પરસ્પર નૌકાદળ વચ્ચે તાલમેળ વધારશે.
- બે અન્ય નવા પ્રોજેક્ટ પર કામ કરવામાં આવશે.
- જરૂર પડ્યે એકબીજાનાં સૈન્યને ઈંધણ અને સામગ્રી પૂરી પાડશે.

અમેરિકા દ્વારા પ્રશાંત મહાસાગરમાં ચીનની તાકાત રોકવાના પ્રયાસ સ્વરૂપે આ સંધિને માનવામાં આવી રહી છે.

❖ **કેરળ હાઈકોર્ટ દ્વારા કેરળનાં મંદિરોમાં આતિશબાજી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો :**

- અત્રે ઉલ્લેખનીય છે કે 10 એપ્રિલના રોજ કેરળના કોલ્લમ જિલ્લાના 100 વર્ષ જૂના પુત્તિંગલ દેવી મંદિરમાં આતિશબાજી સ્પર્ધા દરમ્યાન આગ લાગતાં 106 લોકોનાં મોત થયાં હતાં.


current663.wordpress.com

❖ રાષ્ટ્રપતિ દ્વારા 112 હસ્તીઓને પદ્મ એવોર્ડનું વિતરણ :

- ધીરૂભાઈ અંબાણી – પદ્મ વિભૂષણ (મરણોત્તર)
- શ્રી શ્રી રવિશંકર - પદ્મ વિભૂષણ
- શાસ્ત્રીય ગાયિકા ગિરિજાદેવી – પદ્મ વિભૂષણ
- અભિનેતા રજનીકાંત - પદ્મ વિભૂષણ
- સ્વામી દયાનંદ સરસ્વતી - પદ્મભૂષણ
- અભિનેતા અનુપમ ખેર – પદ્મભૂષણ
- વિનોદ રાય – ભૂતપૂર્વ કેગ – પદ્મભૂષણ
- ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા – પદ્મભૂષણ
- સાઈના નેહવાલ - પદ્મભૂષણ
- ગાયક ઉદિત નારાયણ – પદ્મભૂષણ
- અભિનેત્રી પ્રિયંકા ચોપરા – પદ્મશ્રી
- અજય દેવગન – પદ્મશ્રી
- એસ. એસ. રાજામૌલી – પદ્મશ્રી
- તિરંદાજીમાં દીપીકા કુમારી – પદ્મશ્રી
- ડૉ. સુધીર શાહ – ગુજરાત – મેડીસીન - પદ્મશ્રી
- શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી – ગુજરાત – સાહિત્ય અને શિક્ષણ – પદ્મશ્રી
- શ્રી ભીખુદાન ગઢવી – ગુજરાત – કલા - પદ્મશ્રી

પદ્મ વિભૂષણ :

| Name | Field | State |
|---|---|---|
| Ms. Yamini Krishnamurthi | Art- Classical dance | Delhi |
| Shri Rajinikanth | Art-Cinema | Tamil Nadu |
| Smt. Girija Devi | Art-Classical Vocal | West Bengal |
| Shri Ramoji Rao | Literature & Education-Journalism | Andhra Pradesh |
| Dr. Viswanathan Shanta | Medicine- Oncology | Tamil Nadu |
| Shri Shri Ravi Shankar | Others-Spiritualism | Karnataka |
| Shri Jagmohan | Public Affairs | Delhi |
| Dr. Vasudev Kalkunte Aatre | Science & Engineering | Karnataka |

current663.wordpress.com

| | | |
|---|---|---|
| Shri Avinash Dixit (Foreigner) | Literature & Education | USA |
| Late Shri Dhiru Bhai Ambani (Posthumous) | Trade & Industry | Maharashtra |

➢ **પદ્મભૂષણ :**

| Name | Field | State |
|---|---|---|
| Shri Anupam Kher | Art-Cinema | Maharashtra |
| Shri Udit Narayan Jha | Art-Playback Singing | Maharashtra |
| Shri Ram V. Sutar | Art-Sculpture | Uttar Pradesh |
| Shri Heisnam Kanhailal | Art-Theatre | Manipur |
| Shri Vinod Rai | Civil Service | Kerala |
| Dr. Yarlagadda Lakshmi Prasad | Literature & Education | Andhra Pradesh |
| Prof. N. S. Ramanuja Tatachaya | Literature & Education | Maharashtra |
| Dr. Barjinder Singh Hamdard | Literature & Education - Journalism | Punjab |
| Prof. D. Nageshwar Reddy | Medicine-Gastroenterology | Telangana |
| Swami Tejomayananda | Other-Spiritualism | Maharashtra |
| Shri Hafeez Contractor | Others-Architecture | Maharashtra |
| Shri Ravindra Chandra Bhargava | Public Affairs | Uttar Pradesh |
| Dr.Venkata Rama Rao Alla | Science & Engineering | Andhra Pradesh |
| Ms. Saina Nehwal | Sports-Badminton | Telangana |
| Ms. Sania Mirza | Sports-Tennis | Telangana |
| Ms. Indu Jain | Trade & Industry | Delhi |
| Late Swami Dayanand Sarawasati (Posthumous) | Others-Spiritualism | Uttarakhand |
| Shri Robert Blackwill (Foreigner) | Public Affairs | USA |

current663.wordpress.com

| | | |
|---|---|---|
| Shri Pallonji Shapoorji Mistry (NRI/PIO) | Trade & Industry | Ireland |

➢ પદ્મશ્રી :

| Name | Field | State |
|---|---|---|
| Smt. Prathibha Prahlad | Art- Classical Dance | Delhi |
| Shri Bhikhudan Gadhvi | Art- Folk Music | Gujarat |
| Shri Sribhas Chandra Supakar | Art- Textile Designing | Uttar Pradesh |
| Shri Ajay Devgn | Art-Cinema | Maharashtra |
| Ms. Priyanka Chopra | Art-Cinema | Maharashtra |
| Pt. Tulsidas Borkar | Art-Classical Music | Goa |
| Dr. Soma Ghosh | Art-Classical Vocal | Uttar Pradesh |
| Shri Nila Madhab Panda | Art-Film Direction and Production | Delhi |
| Shri S.S. Rajamouli | Art-Film Direction and Production | Karnataka |
| Shri Madhur Bhandarkar | Art-Film Direction and Production | Maharashtra |
| Prof. M. Venkatesh Kumar | Art-Folk Artist | Karnataka |
| Ms. Gulabi Sapera | Art-Folk Dance | Rajasthan |
| Smt. Mamta Chandrakar | Art-Folk Music | Chhattisgarh |
| Ms. Malini Awasthi | Art-Folk Music | Uttar Pradesh |
| Shri Jai Prakash Lekhiwal | Art-Miniature Painting | Delhi |
| Shri K. Laxma Goud | Art-Painting | Telangana |
| Shri Bhalchandra Dattatray Mondhe | Art-Photography | Madhya Pradesh |
| Shri Naresh Chander Lal | Art-Theatre & Cinema | Andaman & Nicobar |
| Shri Dhirendra Nath Bezbaruah | Literature & Education | Assam |

current663.wordpress.com

| | | |
|---|---|---|
| Shri Prahlad Chandra Tasa | Literature & Education | Assam |
| Dr.Ravindra Nagar | Literature & Education | Delhi |
| Shri Dahyabhai Shastri | Literature & Education | Gujarat |
| Dr.Santeshivara Bhyrappa | Literature & Education | Karnataka |
| Shri Haldar Nag | Literature & Education | Odisha |
| Shri Kameshwaram Brahma | Literature & Education - Journalism | Assam |
| Prof. Pushpesh Pant | Literature & Education- Journalism | Delhi |
| Shri Jawaharlal Kaul | Literature & Education- Journalism | Jammu & Kashmir |
| Shri Ashok Malik | Literature &Education | Delhi |
| Dr.Mannam Gopi Chand | Medicine-Cardio Thoracic Surgery | Telangana |
| Prof. Ravi Kant | Medicine-Surgery | Uttar Pradesh |
| Prof. Ram Harsh Singh | Medicine- Ayurveda | Uttar Pradesh |
| Prof. Shiv Narain Kureel | Medicine- Paediatric Surgery | Uttar Pradesh |
| Dr.Sabya Sachi Sarkar | Medicine –Radiology | Uttar Pradesh |
| Dr. Alla Gopala Krishna Gokhale | Medicine-Cardiac Surgery | Andhra Pradesh |
| Prof. T.K. Lahiri | Medicine-Cardio Thoracic Surgery | Uttar Pradesh |
| Dr. Praveen Chandra | Medicine-Cardiology | Delhi |
| Prof. (Dr) Daljeet Singh Gambhir | Medicine-Cardiology | Uttar Pradesh |
| Dr.Chandrasekar Shesadri Thoguluva | Medicine- Gastroenterology | Tamil Nadu |
| Dr. (Mrs.) Anil Kumari Malhotra | Medicine-Homeopathy | Delhi |
| Prof. M.V. Padma Srivastava | Medicine-Neurology | Delhi |
| Dr. Sudhir V. Shah | Medicine-Neurology | Gujarat |
| Dr. M. M. Joshi | Medicine-Ophthalmology | Karnataka |

current663.wordpress.com

| | | |
|---|---|---|
| Prof. (Dr) John Ebnezar | Medicine-Orthopaedic Surgery | Karnataka |
| Dr. Nayudamma Yarlagadda | Medicine-Paediatric Surgery | Andhra Pradesh |
| Shri Simon Oraon | Other –Environment Conservation | Jharkhand |
| Shri Imitiaz Qureshi | Other-Culinary | Delhi |
| Shri Piyush Pandey | Others-Advertising & Communication | Maharashtra |
| Shri Subhash Palekar | Others-Farming | Maharashtra |
| Shri Ravinder Kumar Sinha | Others-Wildlife Conservation | Bihar |
| Dr. H.R. Nagendra | Others-Yoga | Karnataka |
| Shri M. C. Mehta | Public Affairs | Delhi |
| Shri M. N. Krishna Mani | Public Affairs | Delhi |
| Shri Ujjwal Nikam | Public Affairs | Maharashtra |
| Shri Tokheho Sema | Public Affairs | Nagaland |
| Dr. Satish Kumar | Science & Engineering | Delhi |
| Dr.Mylswamy Annadurai | Science & Engineering | Karnataka |
| Prof. Dipankar Chatterji | Science & Engineering | Karnataka |
| Prof.(Dr.) Ganapati Dadasaheb Yadav | Science & Engineering | Maharashtra |
| Smt. (Prof.) Veena Tandon | Science & Engineering | Meghalaya |
| Shri Onkar Nath Srivastava | Science and Engineering | Uttar Pradesh |
| Ms. Sunita Krishnan | Social Work | Andhra Pradesh |
| Shri Ajoy Kumar Dutta | Social Work | Assam |
| Shri M. Pandit Dasa | Social Work | Karnataka |
| Shri P. P. Gopinathan Nair | Social Work | Kerala |
| Smt. Madeleine Herman de Blic | Social Work | Puducherry |

current663.wordpress.com

| | | |
|---|---|---|
| Shri Srinivasan Damal Kandalai | Social work | Tamil Nadu |
| Shri Sudhakar Olwe | Social Work | Maharashtra |
| Dr. T.V. Narayana | Social Work | Telangana |
| Shri Arunachalam Muruganatham | Social Work | Tamil Nadu |
| Ms. Deepika Kumari | Sports-Archery | Jharkhand |
| Shri Sushil Doshi | Sports-commentary | Madhya Pradesh |
| Shri Mahesh Sharma | Trade & Industry | Delhi |
| Shri Saurabh Srivastava | Trade & Industry | Delhi |
| Sh Dilip Sanghvi | Trade & Industry | Maharashtra |
| Dr. Keki Hormusji Gharda | Trade & Industry | Maharashtra |
| Late Shri Prakash Chand Surana (Posthumous) | Art -Classical Music | Rajasthan |
| Late Shri Saeed Jaffrey (NRI/PIO/Posthumous) | Art-Cinema | UK |
| Shri Michael Postel (Foreigner) | Art-Archaeology | France |
| Shri Salman Amin Sal Khan (NRI/PIO) | Literature & Education | USA |
| Smt. Hui Lan Zhang (Foreigner) | Others-Yoga | China |
| Shri Predrag K. Nikic (Foreigner) | Others-Yoga | Serbia |
| Dr.Sundar Aditya Menon (NRI/PIO) | Social Work | UAE |
| Shri Ajaypal Singh Banga (NRI/PIO) | Trade & Industry | USA |

- **'લેડી ઓફ ધ હાર્લી'નું નિધન :**
    - 'લેડી ઓફ ધ હાર્લી' અને 'હેગ રાણી' તરીકે ખ્યાતિ પામેલી અને બાઈક પર ભારત ભ્રમણ કરવા નીકળેલી જયપુરની બાઈક રાઈડર વિનુ પાલીવાલનું મધ્યપ્રદેશના વિદિશામાં માર્ગ અકસ્માતમાં નિધન થયું છે.

current663.wordpress.com

# April 14 2016

❖ પાર્કર ઈન્સ્ટીટ્યુટ ફોર કેન્સર ઈમ્યુનોથેરેપીની સ્થાપના :

- અમેરિકાના અબજપતિ સીન પાર્કરે કેન્સરનો ઉપચાર શોધવા માટે રૂ. 1664 કરોડ આપ્યા.
- આ માટે પાર્કર ઈન્સ્ટીટ્યુટ ફોર કેન્સર ઈમ્યુનોથેરેપીની સ્થાપના કરવામાં આવી.

❖ ભ્રામક જાહેરાતો બદલ હવે સેલીબ્રિટીને 5 વર્ષની જેલ :

- ભ્રામક જાહેરાતો બદલ હવે સેલીબ્રિટીને 5 વર્ષની જેલ અને રૂ. 50 લાખ સુધીનો દંડ થઈ શકશે.
- ટૂંક સમયમાં આ બાબતનો ખરડો સંસદમાં રજૂ થશે.
- બી. બી. ટંડનની અધ્યક્ષતાવાળી સંસદીય સમિતિ દ્વારા આ સંબંધમાં ભલામણ કરવામાં આવી છે.

❖ જ્યોતિબા ફૂલેને ભારતરત્ન :

- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના જણાવ્યા મુજબ મહારાષ્ટ્ર સરકાર જ્યોતિબા ફૂલેને ભારતરત્ન આપવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરશે.

❖ 30 એપ્રિલ પછી મહારાષ્ટ્રમાં IPL મેચ યોજવા પર બોમ્બે હાઈકોર્ટનો પ્રતિબંધ.

❖ **E-NAM (National Agricultural Market)** યોજના :-

- કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા આજથી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આજે વડાપ્રધાન દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હીથી દેશભરનાં 21 માર્કેટમાં આ યોજનાનો પ્રારંભ થશે.
- શરૂઆતમાં 8 રાજ્યોમાં 25 ઉત્પાદન અને 21 માર્કેટને સામેલ કરવામાં આવશે. ત્યારબાદ દેશભરનાં 585 માર્કેટનો સમાવેશ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં ગુજરાતનાં પાટણ, હિંમતનગર અને બોટાદ માર્કેટયાર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ યોજનાની વધુ માહિતી http://enam.gov.in અને http://farmer.gov.in પરથી મળી શકશે.

current663.wordpress.com

**આ યોજનાના લાભ :-**

- ખેડૂત દેશના કોઈ પણ ખૂણે વેપારીને માલ પોષાતી કિંમતે વેચી શકશે.
- ખેડૂત અને વેપારીઓ વચ્ચે સીધો જ સંપર્ક થતો હોવાથી દલાલો નીકળી જતાં તે ભાવફેરનો લાભ ખેડૂતોને મળશે.
- માર્કેટયાર્ડમાં સારામાં સારા ભાવની ખાતરી મળશે.
- જો ખેડૂત હરાજીથી ખુશ ન હોય તો તે પાક ફરીથી બીજા દિવસે હરાજીમાં વેચી શકશે.
- ખેડૂતોને તેમના પાકનાં નાણાં તે જ દિવસે બેંકના ખાતામાં જમા થઈ જશે.

## ❖ ભારતની સૌપ્રથમ મેરીટાઈમ સમિટ :

- 14 એપ્રિલ થી 16 એપ્રિલ દરમ્યાન યોજાનારી ભારતની સૌપ્રથમ મેરીટાઈમ સમિટનો આજથી ગોરેગાંવ, મુંબઈ ખાતે વડાપ્રધાન દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે.

## ❖ ગુડગાંવ જિલ્લાનું નામ હવે 'ગુરુગ્રામ' :

- હરિયાણા સરકાર દ્વારા ગુડગાંવ જિલ્લાનું નામ બદલીને 'ગુરુગ્રામ' અને મેવાત જિલ્લાનું નામ બદલીને 'નુંહ' કરવામાં આવ્યું.
- ટૂંક સમયમાં જ આ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવશે.
- હરિયાણા સરકારની વેબસાઈટ મુજબ ગુરુગ્રામ એ ગુડગાંવનું પૌરાણિક નામ છે.
- લોકો દ્વારા પણ આ બાબતે રજૂઆતો કરવામાં આવી હોવાથી આ નામાભિધાન કરવામાં આવ્યું છે, તેમ હરિયાણા સરકાર દ્વારા જણાવવામાં આવેલ છે.
- ગુરુગ્રામમાં પાંડવોના ગુરુ દ્રોણાચાર્યનો આશ્રમ હતો.

## ❖ આજે ડૉ. ભીમરાવ આંબેડકરની 125 મી જન્મજ્યંતિ :-

- 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશની મહુ લશ્કરી છાવણીમાં લશ્કરમાં નોકરી કરતા સૂબેદાર રામજી માલાજી સકપાલ અને તેમની પત્નિ ભીમાબાઈ સુરવાડકરના 14મા સંતાન તરીકે ભીમરાવનો જન્મ થયો હતો.
- 14 વર્ષની વયે રમાબાઈ સાથે તેમનાં લગ્ન થયાં. સપ્ટેમ્બર, 1917માં તેમની વડોદરા રાજ્યના સૈનિક સચિવ પદે નિમણૂક થઈ. પરંતુ અછૂત તરીકે તેમનું અપમાન કરાતાં તેઓ નોકરીને તિલાંજલિ આપી કાયમને માટે મુંબઈ આવી ગયા.
- તેમણે ફેબ્રુઆરી, 1920માં બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના કરી.

- 27 માર્ચ, 1927માં મહાડ તળાવ સત્યાગ્રહ કર્યો અને ઑક્ટોબર, 1927માં મજૂર ચળવળનો પ્રારંભ કર્યો. 23 નવેમ્બર, 1929ના રોજ પૂના ખાતે પર્વતી મંદિરમાં પ્રવેશ માટે સત્યાગ્રહ કર્યો. 1930માં કાલારામ મંદિર સત્યાગ્રહનો પ્રારંભ કર્યો.
- 20-25 સપ્ટેમ્બર, 1932ના રોજ ગાંધીજીના ઉપવાસ પછી પૂના કરાર થકી અસ્પૃશ્યો માટેના અલગ મતાધિકારની માંગ પડતી મૂકી.
- 27 મે, 1935ના રોજ તેમની પત્ની રમાબાઈનું અવસાન થયું.
- 1942માં તેઓ વાઈસરોય કાઉન્સીલમાં મજૂરપ્રધાન તરીકે નિમાયા હતા.
- એ જ અરસામાં તેમણે 'ઑલ ઈન્ડીયા શીલ્ડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન' નામે નવા રાજકીય પક્ષની સ્થાપના કરી હતી. દલિતોના હિતનું રક્ષણ કરનાર એ પ્રથમ દેશવ્યાપી રાજકીય પક્ષ હતો.
- 3 ઑગસ્ટ, 1947ના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં તેમના નામની કાયદામંત્રી તરીકે જાહેરાત કરવામાં આવી.
- સુધારાવાદી એવા હિન્દુ કોડ બિલના મુદ્દે તેમણે 1951માં કાયદામંત્રીના પદેથી રાજીનામું આપ્યું હતું.
- ત્યારબાદ 1952માં થયેલી સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાની ચૂંટણીમાં તેમનો 14 હજાર મતોથી પરાજય થયો હતો. ત્યાર પછી 1952માં તેઓ ચૂંટાઈને રાજ્યસભામાં પહોંચ્યા હતા. 1954માં તેઓ ભંડારા મતવિસ્તારની પેટાચૂંટણી લડ્યા હતા. તેમાં તેમનો પરાજય થતાં લોકસભામાં પ્રવેશની તેમની આશાનો અંત આવ્યો હતો.
- જો કે તેમના પ્રયત્નોથી દસ વર્ષ માટે બંધારણમાં અસ્પૃશ્યો માટે અનામતની જોગવાઈ કરવામાં આવી હતી.
- 29 ઑગસ્ટ, 1947ના રોજ તેઓ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ બન્યા.
- 15 એપ્રિલ, 1948ના રોજ તેમણે ડૉ. કુ. શારદા કબીર (ડૉ. સવિતા આંબેડકર – માઈસાહેબ) સાથે કોર્ટમેરેજ કર્યાં.
- 14 ઑક્ટોબર, 1956ના રોજ નાગપુર ખાતે સાત લાખ દલિતો સાથે બૌદ્ધ ધર્મની દીક્ષા ગ્રહણ કરી.
- અંતે તેઓ 6 ડિસેમ્બર, 1956ના રોજ દિલ્હી ખાતે પરિનિર્વાણ પામ્યા.
- તેમના જીવન પર 'ડૉ. આંબેડકર : એક અનકહા સચ' નામે જબ્બાર પટેલ નિર્દેશિત ફિલ્મ 2000માં રીલીઝ થઈ હતી. આ ફિલ્મના મુખ્ય અભિનેતા દક્ષિણના જાણીતા કલાકાર મામૂટીને બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. આ ફિલ્મ મૂળભૂત રીતે અંગ્રેજીમાં બનાવાઈ હતી., પરંતુ તે હિન્દીમાં પણ રીલીઝ થઈ હતી. આ ફિલ્મ કેન્દ્રીય સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલય અને મહારાષ્ટ્ર સરકારના આર્થિક સહકારથી બની હતી.



current663.wordpress.com

- તેમના જીવન પર મહારાષ્ટ્રના લેખક ધનંજય કીર દ્વારા 'ડૉ. આંબેડકર : લાઈફ એન્ડ મિશન' નામે એક પુસ્તક 1954માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. જેનો અનેક ભાષામાં અનુવાદ પણ થયો છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે આ પુસ્તક બાબાસાહેબની હયાતીમાં જ પ્રકાશિત થયું હતું અને તે કથા બાબાસાહેબે પોતે પણ વાંચી હતી અને તેમને તેમાં કોઈ દોષ જણાયો ન હતો. આથી આ પુસ્તકને તેમના જીવનચરિત્ર તરીકે વધુ પ્રમાણિત માનવામાં આવે છે.
- આ સિવાય તેમના જીવન પર 'ડૉ. બાબાસાહેબ આંબેડકર : સામાજીક ક્રાંતિના મહાનાયક' નામનું પુસ્તક કિશોર મકવાણા દ્વારા ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે.

## April 15 2016

### ❖ મહાત્મા મંદિર અને દાંડી કુટીરને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદનો સેફ્ટી એવોર્ડ :

- ગાંધીનગરના મહાત્મા મંદિર અને દાંડી કુટીરને વર્ષ 2015ની કામગીરી માટે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદનો પ્રથમ ક્રમાંકનો સેફ્ટી એવોર્ડ આપવામાં આવ્યો.
- વિજ્ઞાનભવન, નવી દિલ્હી ખાતે યોજાયેલા સમારોહમાં રાજ્યના માર્ગ અને મકાન વિભાગને કેન્દ્રીય શ્રમ અને રોજગાર પ્રધાન શ્રી બંડારુ દત્તાત્રેયના હસ્તે આ એવોર્ડ આપવામાં આવ્યો.
- આ પ્રોજેક્ટમાં બાંધકામ દરમ્યાન બે કરોડ માનવ કલાક ઉપરાંતની કામગીરી થઈ હતી. તે દરમ્યાન કોઈ અકસ્માત, ઈજા કે તાત્કાલિક સારવારનો બનાવ બન્યો ન હતો, તે બદલ આ એવોર્ડ આપવામાં આવેલ છે.

### ❖ માર્શલ અર્જનસિંહનું સન્માન :

- વાયુસેનાના પાંચ સ્ટારવાળા એકમાત્ર જીવીત માર્શલ અર્જનસિંહનું વાયુસેનાએ સન્માન કર્યું.
- તેમણે 1965ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભારતની વાયુસેનાનું નેતૃત્વ કર્યું હતું.

### ❖ ભારતની પ્રથમ મેરિટાઈમ સમિટ :

- મુંબઈમાં યોજાયેલી ભારતની પ્રથમ મેરિટાઈમ સમિટમાં વડાપ્રધાન દ્વારા સાગરમાલા પ્રોજેક્ટની માહિતી આપવામાં આવી.
- તે મુજબ દેશમાં 5 નવા બંદરો ઊભાં કરવાની યોજના છે.
- દેશના આંતરિક અને બાહ્ય જળમાર્ગનો મહત્તમ ઉપયોગ થશે.

current663.wordpress.com

- 2025 સુધી દેશમાં બંદરોની ક્ષમતા 1410 લાખ ટનથી વધારીને 3010 લાખ ટન કરવાનો ઉદ્દેશ છે.

❖ રાજકોટમાં આવતી કાલે હોકી માટે તૈયાર થયેલા રાષ્ટ્રીય કક્ષાના મેદાનનું લોકાર્પણ.

❖ પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ વર્ષના અંતે પૂર્ણ કરવાનું લક્ષ્ય :

- ઉત્તર ગુજરાતની પાણીની અછત ઉકેલવા પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ વર્ષના અંતે પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- વર્ષ 2010માં આ અંગે મહારાષ્ટ્ર સાથે કરાર કરવામાં આવ્યા હતા.
- પાર-તાપી-નર્મદા જોડાણ યોજના અંતર્ગત પાર અને તાપી નદી વચ્ચેની નદીઓ જેવી કે ઔરંગા, પાર, અંબિકા અને પૂર્ણા નદીના વધારાના જથ્થાને વાળીને ઉત્તર ગુજરાતના પાણીની અછતવાળા વિસ્તારોમાં પહોંચાડવાની યોજના છે.
- આ યોજના અંતર્ગત સિંચાઈ અને પીવા માટેનું પાણી પૂરૂ પાડવામાં આવશે.
- આ ઉપરાંત 6 જેટલાં પાવર હાઉસ પણ બનશે, જેમાંથી વિદ્યુત ઉત્પન્ન કરવામાં આવશે.
- કુલ 395 કિમી જેટલી લંબાઈની નહેરોનું નિર્માણ કરવામાં આવશે.

❖ 28 દિવસના બજેટ સત્રમાં કુલ 5195 પ્રશ્નોના જવાબ રજૂ થયા.
સમગ્ર સત્રમાં બે ધારાસભ્યો પુરૂષોત્તમ સોલંકી અને અમિત શાહ ગેરહાજર રહ્યા.

❖ ઈન્દીરા IVF (ઈન વીટ્રો ફર્ટીલાઈઝેશન) દેશનું આઠમું સેન્ટર અમદાવાદમાં શરૂ કરશે. 17 એપ્રિલના રોજ તેનું લોકાર્પણ કરવામાં આવશે.

❖ દિલ્હીમાં આજથી ફરી એકી-બેકી લાગુ.

## April 16 2016

❖ સુરતના એરપોર્ટના રન-વેના એક્સટેન્શનને કેન્દ્ર સરકારની મંજૂરી :

- સુરતના એરપોર્ટના રન-વેના એક્સટેન્શનને હવે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.
- આથી હવે રન-વે 3000 મીટરનો થતાં એરપોર્ટ ઈન્ટરનેશનલ કક્ષાનું બનશે.
- અત્યાર સુધી ઈન્ટરનેશનલ ફ્લાઈટો માટે રન-વે અનુકૂળ ન હતો.

❖ દિલ્હીમાં 1 વર્ષ માટે તમાકુ, ગુટખા પર પ્રતિબંધ :


current663.wordpress.com

- આ પ્રતિબંધમાં પાનમસાલા પણ આવરી લેવાયા છે.
- આ પ્રતિબંધ 13 એપ્રિલથી એક વર્ષ માટે અમલી રહેશે.
- દિલ્હી સરકારના જાહેરનામા અનુસાર કોઈ પણ પ્રકારની તમાકુ લોકોના આરોગ્યને ખરાબ કરે છે અને આવનારી પેઢીઓની જૈવિક સંરચનાને પ્રભાવિત કરતી હોવાથી પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.
- ચાવવા માટેની છૂટક તમાકુની પ્રોડક્ટસને પણ આ જાહેરનામામાં સામેલ કરવામાં આવી છે.
- ગુટખા, પાનમસાલા અને સુગંધિત પાનમસાલા માટે આ પ્રતિબંધ અમલી રહેશે.

❖ ઉત્તર કોરિયાએ ફરી મિસાઈલ છોડી. પરંતુ આ વખતે પરીક્ષણ નિષ્ફળ ગયું છે.

❖ સંયુક્ત રાષ્ટ્રોમાં ગુપ્ત વીટો પર ભારતે વિરોધ નોંધાવ્યો :

- ત્રાસવાદી મસૂદ અઝહર પર પ્રતિબંધ મૂકવાની ભારતની દરખાસ્ત પર ચીન દ્વારા વીટોનો ઉપયોગ કરવાથી નારાજ ભારતે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે.
- ભારતે સભ્યોના 'ગુપ્ત વીટો'ના ઉપયોગની ટીકા કરી છે. તે સાથે જ આ પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદેયિતાની માંગ પણ કરી છે.
- સંયુક્ત રાષ્ટ્રોમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ સૈયદ અકબરુદ્દીને કહ્યુ કે ગુપ્ત વીટોના પ્રયોગથી એ જાણવા નથી મળતું કે પ્રતિબંધ સમિતિની તરફેણમાં કોણ છે અને વિરોધમાં કોણ છે.

## April 17 2016

❖ મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પકડાયેલું રૂ. ૨૦૦૦ કરોડનું એફીડ્રીન ડ્રગ્સ :

- એફીડ્રીન ડ્રગ્સ પ્રોસેસ કરીને 'મેથાફેટામાઈન' બનાવવામાં આવે છે.
- એફીડ્રીન કેન્સર સામે લડત આપતી દવાઓ તૈયાર કરવા માટે વાપરવામાં આવતો સફેદ પાવડર છે. તેનો ઉપયોગ ઉત્તેજક દ્રવ્ય તરીકે કરવામાં આવે છે અને કોકેઈન જેવી જ અસર ઉત્પન્ન કરે છે. પારંપારિક હેરોઈન અને કોકેઈનના સ્થાને હવે હવે આ દ્રવ્યનો ઉપયોગ વધી રહ્યો છે.
- મેફીડ્રીન પણ પાર્ટી ડ્રગ્સ છે, જે 'એમ.ડી.' અથવા 'મ્યાઉ મ્યાઉ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ જાપાનમાં ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ



current663.wordpress.com

❖ પોસ્ટલ ડ્રોન :

- ઑસ્ટ્રેલિયામાં પોસ્ટલ વિભાગે ડ્રોનથી ડિલીવરી શરૂ કરી.
- ડીપાર્ટમેન્ટે તેને 'પોસ્ટલ ડ્રોન' નામ આપ્યું છે.

❖ ટેબલ ટેનિસ :-

- પ્રથમવાર ભારત ચાર ખેલાડીઓને ઑલિમ્પિકમાં ભાગ લેવા માટે મોકલશે.
- જે ચાર ખેલાડીઓ ઑલિમ્પિક માટે ક્વૉલિફાય થયા છે, તે ચાર ખેલાડીયોનાં નામ આ મુજબ છે.

1. સૌમ્યજીત ઘોષ
2. માનિકા બત્રા
3. શરથકમલ અચન્તા
4. મૌમા દાસ

❖ અઝલનશાહ હોકી કપ :-

- ઈપોહ (મલેશિયા) ખાતે યોજાયેલ અઝલનશાહ હોકી કપની ફાઈનલમાં ભારતને 4-0 થી હરાવીને ઑસ્ટ્રેલિયા વિજેતા બન્યું.
- ઑસ્ટ્રેલિયાએ 9 મી વખત આ ટાઈટલ જીત્યું છે.
- ભારતનો આ કપમાં છેલ્લા છ વર્ષનો શ્રેષ્ઠ દેખાવ રહ્યો છે અને સિલ્વર મેડલ મેળવ્યો છે.
- આ અગાઉ ભારતે 2010માં ગોલ્ડ જીત્યો હતો.

❖ ભારતની રીન્યુએબલ ઊર્જા યોજના માટે **NDB (New Development Bank)** ની 25 કરોડ ડોલરની લોનને મંજૂરી :

- NDBની સ્થાપના બ્રિક્સ દેશો દ્વારા કરવામાં આવેલ છે. (Brazil, Russia, India, China, South Africa – BRICS) આ બેંકની સ્થાપના જુલાઈ, 2014માં થયેલા કરાર અંતર્ગત જુલાઈ, 2015માં કરવામાં આવી છે.
- હાલમાં આ બેન્કના પ્રમુખ તરીકે કે. વી. કામથ કાર્ય કરી રહ્યા છે.
- રીન્યુએબલ ઊર્જા માટે જે ચાર દેશો પ્રથમ તબક્કે પસંદ કરવામાં આવેલ છે, તેમાં ભારતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારત સિવાય તેમાં ચીન, બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

current663.wordpress.com

- NDBનું વડુમથક ચીનમાં શાંઘાઈ ખાતે આવેલું છે.

# April 18 2016

- આવતી કાલે ૧૯ એપ્રિલના રોજ વર્લ્ડ લિવર ડે.

- મોન્ટે કાર્લો માસ્ટર્સ ટુર્નામેન્ટ :-

તાજેતરમાં 9 થી 17 એપ્રિલ દરમ્યાન યોજાયેલ મોન્ટે કાર્લો માસ્ટર્સ ટુર્નામેન્ટની વિગતો નીચે મુજબ છે.

  - વિજેતા :– રફેલ નડાલ (સ્પેન)
  - ઉપવિજેતા :- ગેઈલ મોન્ફિલ્સ (ફ્રાન્સ)
  - ત્રણ રાઉન્ડના અંક :- 7-5, 5-7, 6-0
  - લાલ માટીના ટેનિસ કોર્ટ પર આ ટુર્નામેન્ટ યોજવામાં આવે છે.
  - નડાલે આ ટુર્નામેન્ટનું આ 9 મું ટાઈટલ મેળવ્યું છે.
  - આ સાથે તેણે ફાઈનલની કુલ 100 મેચો જીતવાનો રેકોર્ડ પણ કર્યો છે.
  - તેણે 28મું માસ્ટર્સ ટાઈટલ જીતવાની સાથે ક્લે કોર્ટ પર 48મું ટાઈટલ જીત્યું હતું.

- નિકો રોસબર્ગ ચાઈનીઝ ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા-1માં ચેમ્પિયન :
  - મર્સિડીઝ ટીમનો રેસર નિકો રોસબર્ગ ચાઈનીઝ ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા-1માં ચેમ્પિયન બન્યો છે.
  - ચીનમાં આ તેનું સતત ત્રીજું ટાઈટલ છે.
  - તેણે ચાલુ સિઝનમાં સતત છઠ્ઠી એફ-1 રેસ જીતી છે.
  - સબાસ્ટીયન વેટ્ટલ બીજા તથા ડેનિલ કુયાત ત્રીજા ક્રમે રહ્યા હતા.

- જાપાન બાદ હવે ઈક્વાડોરમાં 7.8ની તીવ્રતાનો ભૂકંપ :
  - 235 કરતાં વધુનાં મૃત્યુ.
  - 1979 પછીનો આ સૌથી પ્રચંડ ભૂકંપ છે.

- કેરળમાં પ્રતિબંધ અને કડક સુરક્ષા વચ્ચે ‘પુરમ મહોત્સવ’ની શરૂઆત.

current663.wordpress.com

❖ ચીનમાં 'ડ્રાઈવર લેસ કારે' પોતાનો 2000 કિમીનો રોડ ટેસ્ટ પૂર્ણ કર્યો :

- આ કાર ચીનની 'ચાંગ યાન' કંપની દ્વારા બનાવવામાં આવી છે.
- આ અગાઉ ગૂગલે પણ આ પ્રકારની કાર બનાવી છે.

❖ ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજા રિવાબા સાથે લગ્ન ગ્રંથિથી જોડાયો.

❖ કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓનો લઘુતમ પગાર 10,000 :

- કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ એક આદેશ બહાર પાડીને કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓનો લઘુતમ પગાર 10,000 નિશ્ચિત કરશે.
- શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી બંડારુ દત્તાત્રેય દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

❖ 1 લી મે થી સ્કૂલોમાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી :

- આ ઉજવણી અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા અન્ય કાર્યક્રમો યોજવામાં આવશે.
- આ ઉપરાંત રાજ્યની ગ્રામીણ તેમજ વિસરાતી જતી રમતોનું પણ આયોજન કરવામાં આવશે.
- શહેરની લાઈબ્રેરીઓમાં પણ વાંચન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

❖ 'ગુજરાતના ઘડવૈયા : નરેન્દ્ર મોદી' નું વિમોચન :

- જાણીતા સાહિત્યકાર-લેખક નટવર ગોહેલનું ચરિત્રાત્મક અને ગુજરાતની વિકાસગાથાનું બયાન કરતું પુસ્તક 'ગુજરાતના ઘડવૈયા : નરેન્દ્ર મોદી' નું વિમોચન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું.
- વિવિધ વિષયોના ૩૦૦ જેટલા પુસ્તકો લખનાર નટવર ગોહેલનું 2007માં રાષ્ટ્રપતિ સ્વ. એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે પણ બહુમાન કરાયું હતું.
- આ પુસ્તકમાં નરેન્દ્ર મોદીની જીવનયાત્રાના કેટલાક યાદગાર પૃષ્ઠો આલેખાયા છે.

❖ સ્પિનર રંગાના હેરાથેની વન-ડે ક્રિકેટને અલવિદા :

- ટેસ્ટ કારકિર્દી પર ધ્યાન આપવા માટે શ્રીલંકાના અનુભવી સ્પિનર રંગાના હેરાથે વન-ડે ક્રિકેટને અલવિદા કહી દીધી.
- તેણે 71 વન ડે માં 74 તથા 18 ટી-ટ્વેન્ટી ઈન્ટરનેશનલમાં 17 વિકેટ લીધી છે.

❖ પેરિસમાં એફિલ ટાવર સામે ‘કલર રન’ યોજાઈ.

❖ બંગાળમાં બીજા તબક્કામાં 80%નું જંગી મતદાન.

❖ મેઘાલયના સોહરામાં રેઈન મ્યુઝીયમ અને રીસર્ચ સેન્ટર બનશે.

- ઘણાં વર્ષો સુધી વધારે વરસાદને કારણે હવામાનની રેકર્ડ બુકમાં સોહરાનું નામ ટોચ પર રહેલ છે.
- મ્યુઝીયમમાં લોકોને તેમની સંસ્કૃતિ અને વરસાદ વિશે માહિતી મળશે.

❖ નેતાજી સુભાષચંદ્ર બોઝના ડ્રાઈવર હવે વિશ્વની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ :

- નેતાજીના અંતેવાસી અને તેમના ડ્રાઈવર કર્નલ નિઝામુદ્દીન ઉર્ફે સૈફુદ્દીને બેંકમાં ખાતું ખોલવા માટે આપેલા દસ્તાવેજો મુજબ તેઓ ઈ.સ. 1900માં જન્મ્યા હતા.
- તે મુજબ આજે તેઓ વિશ્વની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ છે.

❖ સિંગાપુર ઓપનમાં ઈન્તાનોન રત્યાનોક વિજયી :

- ઈન્તાનોન થાઈલેન્ડની છે.
- તેણે ફાઈનલમાં ચીનની સુન યુને 18-21, 21-11, 21-14 થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું છે.

## April 19 2016

❖ ચિત્ર સ્પર્ધાનું આયોજન :

- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પૃથ્વીની સાંપ્રત સમસ્યાઓને ઉજાગર કરવા આગામી ‘વિશ્વ ધરતી દિને’ (22 એપ્રિલ) ‘પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય’ વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

❖ સુપ્રિમમાં કોહિનૂર સંબંધમાં કેન્દ્રનો જવાબ :-

- બ્રિટિશ સલ્તનતે તેને ચોર્યો ન હતો, પરંતુ તે તેમને ભેટ અપાયો હતો.
- પંજાબના મહારાજા રણજિતસિંહના વંશજોએ 1849માં શીખ યુદ્ધમાં મદદ કરવા માટે તેને ઈસ્ટ ઈન્ડીયા કંપનીને ભેટ આપ્યો હતો.

❖ દેશમાં પ્રવાસીઓની પ્રથમ પસંદ બન્યાં ઉદયપુર અને ગોવા :

- 1 જાન્યુ.થી 31 માર્ચ સુધીના બુકીંગના સર્વેને આધારે આ બાબત બહાર આવી છે.

❖ ‘મા અન્નપૂર્ણા યોજના’ના 4.22 લાખ લાભાર્થીઓમાં હવે ડીલિશન :-

current663.wordpress.com

- અમદાવાદ શહેરમાં હાલ રેશનકાર્ડ ધારકોની સંખ્યા 9.40 લાખ છે.
- જેમાંથી સોશિયલ ઈકોનોમિક કાસ્ટ સેન્સ (SECC) 2011 તરફથી 4.22 લાખ લાભાર્થીઓની યાદી જાહેર કરાઈ હતી.
- પરંતુ લાભાર્થીઓની યાદીમાં ખરેખર લાભ મળવાપાત્ર નથી તેવા કુટુંબોને પણ સામેલ કરી દેવાયા હોવાથી હવે ડીલીશનની કામગીરી શરૂ થઈ છે.

📖 મા અન્નપૂર્ણા યોજના :-

- તમામ અંત્યોદય કુટુંબોને પ્રતિમાસ 35 કિગ્રા અનાજ આપવામાં આવશે.
- ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને સસ્તા દરે પ્રતિમાસ વ્યક્તિદીઠ 5 કિગ્રા અનાજ મળશે.
- ઘઉં 2 રૂ/કિગ્રા અને ચોખા 3 રૂ. /કિગ્રા આપવામાં આવશે.
- રાજ્યના 3.82 કરોડ નાગરિકોને આ યોજના અંતર્ગત આવરી લેવાશે.

❖ દીપા કર્માકર :-

- ત્રિપુરાની દીપા કર્માકર ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરનાર ભારતની પ્રથમ મહિલા જિમ્નાસ્ટ છે.
- 52 વર્ષના મોટા અંતરાય બાદ કોઈ ભારતીય જિમ્નાસ્ટ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયેલ છે.
- દેશને સ્વતંત્રતા મળ્યા બાદ 11 ભારતીય પુરૂષોએ જિમ્નાસ્ટીક માટે ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો. જેમાંથી 2 એ 1952માં, 3 એ 1956માં અને 6 એ 1964માં ભાગ લીધો હતો.
- દીપાએ 2007માં જુનિયર નેશનલમાં સફળતા મેળવી હતી.
- તેણે સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલમાં કુલ 77 મેડલ પોતાના નામે કર્યાં છે.
- 22 વર્ષીય દીપાએ કુલ 52.698 પોઈન્ટ મેળવીને આગામી ઑગસ્ટમાં યોજાનાર ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું છે.
- 2014ના ગ્લાસ્ગો કોમનવેલ્થમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર તે પ્રથમ ભારતીય મહિલા છે.
- દીપાએ 2015માં હિરોશિમા એશિયન ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- ઑગસ્ટ 2015માં દીપાને અર્જૂન એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- ક્વોલિફાય ઉમેદવારોની યાદીમાં તેને 79મા સ્થાને દર્શાવવામાં આવી છે.
- 2010 થી 2014 દરમ્યાન દીપા પાંચ વખત નેશનલ ચેમ્પિયન રહી ચૂકી છે.

current663.wordpress.com

❖ લિયોનેલ મેસ્સીએ પોતાના 500 ગોલ પૂર્ણ કર્યા.

## April 20 2016

❖ 16 મેના રોજ દેશનાં 8 રાજ્યોમાં 10 બેઠકો પર પેટાચૂંટણી :

➢ તેમાં લોકસભાની 1 અને વિધાનસભાની 9 બેઠકો માટે ચૂંટણી થશે.

➢ મેઘાલયની તુરા લોકસભાની બેઠક લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ પી. એ. સંગમાના નિધનને કારણે ખાલી પડેલ છે.

➢ ગુજરાતની તલાલા બેઠક કોંગ્રેસના ધારાસભ્યશ્રી જશુભાઈ બારડના નિધનને કારણે ખાલી પડેલ છે.

❖ વાલ્મિકી સમાજને પેટા અનામત આપી શકાય નહીં – હાઈકોર્ટ

➢ રાજ્ય સરકાર દ્વારા 25 સપ્ટેમ્બર, 2012ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ તમામ જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરાતી વિદ્યાસહાયકોની ભરતીમાં વાલ્મિકી સમાજના બે ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવશે તે મુજબની જાહેરાત કરવામાં આવી હતી.

➢ વાલ્મિકી સમાજ અતિ પછાત હોવાથી તેમના ઉદ્ધાર માટે આ નીતિ બનાવવામાં આવી હતી.

➢ પરંતુ વર્ષ 2014માં કરવામાં આવેલી વિદ્યાસહાયકોની ભરતીમાં આવી કોઈ જોગવાઈ કરવામાં આવી ન હતી. આથી રાજ્ય સરકારે આ જાહેરનામાનો અમલ કરવો જોઈએ એવી દાદ માગવામાં આવી હતી.

➢ દરમિયાન હાઈકોર્ટે આ પિટિશન ફગાવી દેતાં નોંધ્યું છે કે વાલ્મિકી સમાજને હાલમાં અનામતનો લાભ મળે છે. આથી તેઓને પેટા અનામતનો લાભ મળે તેવા હૂકમો થઈ શકે નહીં.

❖ મીઠાના અગરો પર વેટ લેવાની રાજ્ય સરકારની નીતિમાં ફેરફાર :-

➢ ચાલુ વર્ષના બજેટમાં રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટના નામે સરકારે મીઠા પર 5% વેટ નાખવાનો નિર્ણય લીધા બાદ મીઠા ઉત્પાદકો અને અગરિયાઓનો ભારે વિરોધ થતાં આખરે સરકારે પોતાનો  નિર્ણય બદલ્યો છે. હવે સરકારે 10 એકર કે તેનાથી નાના પ્લોટમાં જ્યાં મીઠું પકવવામાં આવતું હોય; ત્યાં વેટમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે.

❖ પી.એફ. ઉપાડવાની નવી નીતિનો અમલ મોકૂફ :

current663.wordpress.com

➢ નિયમમાં 58 વર્ષ સુધી કર્મચારી પીએફ ઉપાડી ન શકે તે મુજબની જોગવાઈ હોવાના કારણે તેનો વિરોધ થતાં સરકારે હાલમાં જૂના નિયમ મુજબ કર્મચારી પીએફ ઉપાડી શકશે તે મુજબની જાહેરાત કરી છે અને નવા નિયમનો અમલ હાલ પૂરતો મોકૂફ રાખ્યો છે.

❖ ભાવનગરના મહુવામાં 19મા અસ્મિતા પર્વનો પ્રારંભ

❖ ઓલિમ્પિક ટેસ્ટ ઈવેન્ટમાં દીપાએ ગોલ્ડ હાંસલ કર્યો :

➢ તેની આ સિદ્ધિ બદલ પ્રધાનમંત્રીએ તેને અભિનંદન આપ્યા.

➢ વોલ્ટ ઈવેન્ટમાં પ્રથમ પ્રયાસમાં 14.833 પોઈન્ટ મેળવી તેણે ટોચનું સ્થાન મેળવી લીધું છે. આ પોઈન્ટ તેના પ્રથમ ક્રમાંક માટે પૂરતા છે.

➢ જો કે વોલ્ટ ઈવેન્ટમાં બીજા પ્રયાસમાં તેણે 14.566 પોઈન્ટ મેળવ્યા હતા.

❖ 16મો લોરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ :- બર્લિન – જર્મની

➢ વિશ્વના પ્રથમ ક્રમાંકિત ટેનિસ ખેલાડી સર્બિયાના નોવાક જોકોવિચને તથા અમેરિકાની ટેનિસ પ્લેયર સેરેના વિલિયમ્સને ત્રીજી વાર વર્ષના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર પ્રાપ્ત થયો.

➢ જોકોવિચને આ અગાઉ 2012 અને 2015માં પણ આ એવોર્ડ આપવામાં આવેલો છે.

➢ વિમેન્સ કેટેગરીમાં સેરેનાએ વિક્રમી દસમીવાર નોમિનેશન મેળવ્યું છે.

➢ એવોર્ડની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | ખેલાડી | દેશ | રમત | એવોર્ડની કેટેગરી |
|---|---|---|---|---|
| 1 | નોવાક જોકોવિચ | સર્બિયા | ટેનિસ | સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યર |
| 2 | સેરેના વિલિયમ્સ | અમેરિકા | ટેનિસ | સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર |
| 3 | જોર્ડન સ્પીથ | અમેરિકા | ગોલ્ફ | બ્રેક થ્રુપ ઓફ ધ યર |
| 4 | બ્લેક કેપ્સ (ટીમ) | ન્યુઝીલેન્ડ | રગ્બી | ટીમ ઓફ ધ યર |
| 5 | ડેન કાર્ટર | ન્યુઝીલેન્ડ | રગ્બી | કમબેક ઓફ ધ યર |
| 6 | નિકી લાઉડા | ઑસ્ટ્રીયા | રેસર | લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ |
| 7 | સ્વ. જ્હોન ક્રાયફ (કેન્સર પીડીત) | સ્પેન | ફૂટબોલ | સ્પીરીટ ઓફ ધ સ્પોર્ટ્સ |
| 8 | ડેનિયલ ડાયસ (ડિસેબિલિટી કેટેગરી) | બ્રાઝીલ | સ્વિમીંગ | સ્પોર્ટસ પર્સન ઓફ ધ યર |
| 9 | જાન ફ્રોડેનો | જર્મની | ટ્રાયથલોન એથ્લેટ | વર્લ્ડ એક્શન સ્પોર્ટ્સ પર્સન એવોર્ડ |
| 10 | મારિયા હાફેલ રિશ્ચે | જર્મની | અલ્પાઈન સ્કીયર | બેસ્ટ સ્કીયર એવોર્ડ |

❖ બ્લેકવેલની બોક્સિંગમાંથી નિવૃત્તિ :

➢ નિક બ્લેકવેલ ગયા વર્ષે બ્રિટિશ મિડલવેઈટના મુકાબલામાં ગંભીર રીતે ઘાયલ થયો હતો.

➢ તેણે કોમામાંથી બહાર આવતાં જ બોક્સિંગમાંથી નિવૃત્તિ લઈ લીધી.

❖ કાબૂલમાં બોમ્બ વિસ્ફોટ :

➢ આ હૂમલામાં 28 લોકોનાં મૃત્યુ થયાં છે.

➢ તાલિબાનોએ આ હૂમલાની જવાબદારી સ્વીકારી છે.

❖ બી. બી. ટંડન સમિતિની રચના :

➢ સરકારી માધ્યમોમાં આપવામાં આવેલી જાહેરાતો સર્વોચ્ચ અદાલતોના નિર્દેશો મુજબ છે કે નહીં તે જોવા માટે બી. બી. ટંડન સમિતિની રચના કરવામાં આવી.

❖ 'શાહીન - ઈગલ ૨૦૧૬' યુદ્ધ અભ્યાસ પાકિસ્તાન અને ચીન દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યો.

❖ ભારતે કરેલી શૂન્યની શોધને ખ્યાતિ અપાવતી શૂન્ય પરિષદ ફ્રાન્સના પેરિસમાં યોજાઈ.

❖ ભારત-પાકિસ્તાન વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદોની સુરક્ષા વધારવા માટે 'મધુકર ગુપ્તા સમિતિ'ની રચના કરવામાં આવી.

❖ પનામા પેપર્સમાં નામ આવ્યા બાદ આઈસલેન્ડના પ્રધાનમંત્રી સિંગુરદુર ઈન્ગી દ્વારા રાજીનામું આપવામાં આવ્યું.

❖ અશોક સિંઘવીને (વૈજ્ઞાનિક) **PRL (Physical Research Laboratory)** માં કરવામાં આવેલા તેમના કાર્ય બદલ 'નેશનલ જીયો સાયન્સ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા.

❖ આધાર નંબર આધારિત **ATM (Automatic Taylor Machine)** :

➢ દેશમાં આધાર નંબર આધારિત ATM (Automatic Taylor Machine) શરૂ કરવામાં આવ્યું.

➢ તેમાં કાર્ડ કે પીન નંબર વિના જ માત્ર આધાર નંબર અને બાયોમેટ્રીક કાર્ડના આધારે ઉપયોગ થઈ શકશે.

➢ આ ATM DCB બેંક દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

- ભારતમાં વાઘની વસતિમાં વૃદ્ધિ :
  - ભારતમાં વાઘની વસતિ છેલ્લા 4 વર્ષમાં 1706 થી વધીને 2,226 સુધી પહોંચી છે.
  - ભારતમાં વાઘની સૌથી વધુ વસતિગીચતા મદુમલાઈ અભયારણ્યમાં આવેલી છે.
  - વર્ષ 2016ની સમગ્ર એશિયાના દેશોની વાઘની પરિષદ દિલ્હીમાં યોજાશે.

- આ વર્ષે સામાન્યથી વધુ વરસાદ થવાની શક્યતા છે. 96% થી 104% સુધીના વરસાદને સામાન્ય વરસાદ ગણવામાં આવે છે.
- અફઘાનિસ્તાનમાં તાલિબાનો દ્વારા સરકારનાં લશ્કરી દળો વિરુદ્ધ શરૂ કરવામાં આવેલ ગેરિલા ઓપરેશનનું નામ 'ઓપરેશન ઓમારી' છે.
- ભારતની સહાયથી વિકાસ પામનાર ફર્ઝાદ બી ગેસ ક્ષેત્ર ઈરાનમાં આવેલ છે.
- વિશ્વની અર્થવ્યવસ્થાની કોકપીટ ગણવામાં આવતા G-7 દેશોની વર્ષ 2016ની પરિષદ જાપાનમાં મળશે.

## April 21 2016

- ભગવાન મહાવીરની 2614મી જન્મ કલ્યાણકની ઉજવણી.

- રાષ્ટ્રપતિ રાજા નથી. ભૂલ કરી શકે છે. – ઉત્તરાખંડ હાઈકોર્ટ
  - ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને પડકારતી અરજી પર સુનાવણી કરતાં હાઈકોર્ટે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ રાજા નથી; તેઓ પણ ખોટા હોઈ શકે છે. વિધાનસભાને સસ્પેન્ડ કરવાના તેમના નિર્ણયની સમીક્ષા થઈ શકે છે. કોર્ટે આ સાથે જ આશા પણ વ્યક્ત કરી છે કે કેન્દ્ર કેસમાં નિર્ણય આવે તે પહેલાં રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત કરીને અમને વધારે નહીં ઉશ્કેરે.
  - કેન્દ્ર તરફથી દલીલ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિએ પોતાના રાજકીય વિવેકથી રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય કર્યો હતો અને રાષ્ટ્રપતિનો નિર્ણય કોર્ટના અધિકાર ક્ષેત્રમાં આવતો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે બંધારણના અનુચ્છેદ 356 મુજબ રાષ્ટ્રપતિને પોતાને ખાતરી થાય કે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું પડે તેવા સંજોગો પ્રવર્તમાન છે, તો તેઓ પોતાના સ્વવિવેક અનુસાર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે.

current663.wordpress.com

- ત્યારબાદ કોર્ટે જણાવ્યું હતું કે ભૂલ કોઈથી પણ થઈ શકે છે. ભલે તે રાષ્ટ્રપતિ હોય કે ન્યાયાધીશ. રાષ્ટ્રપતિએ પ્રસ્તુત સામગ્રીથી જે નિષ્કર્ષ કાઢ્યો તેની કાયદેસરતાની ન્યાયીક સમીક્ષા કરવામાં આવી શકે છે.

❖ **'FAS'** ટેગ :

- ટોલબૂથ પર ટોલટેક્ષ ચૂકવવા માટે કેશલેસ ચૂકવણી સેવા 'FAS' ટેગ નેશનલ હાઈવે ઑથોરિટીએ શરૂ કરી છે.
- આ યોજના હેઠળ એક વખતે 200 રૂપિયાનો ચાર્જ ચૂકવી દેશભરના 250 ટોલબૂથ પરથી વાહનો પસાર કરી શકાશે.

❖ રાહુલ જોહરી **BCCI** ના પ્રથમ **CEO** :

- આગામી 1 જૂન, 2016 થી તેઓ પોતાનો પદભાર સંભાળશે.
- તેઓ નોન-ક્રિકેટીંગ બાબતોનો વહીવટ સંભાળશે.
- રાહુલ જોહરી પહેલાં ડિસ્કવરી નેટવર્ક સાથે જોડાયેલા હતા. તેમને મીડિયા ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનો 20 વર્ષનો અનુભવ છે. તેઓ ડિસ્કવરી નેટવર્ક એશિયા પેસિફિકના ઉપાધ્યક્ષ અને દક્ષિણ એશિયાના મહાપ્રબંધક રહી ચૂક્યા છે. તેમણે 15 વર્ષ સુધી ડિસ્કવરી નેટવર્કને પોતાની સેવાઓ આપી છે.
- હાલમાં BCCIના પ્રમુખ શશાંક મનોહર અને સેક્રેટરી શ્રી અનુરાગ ઠાકુર છે.

❖ CBSE એ વિદ્યાર્થીઓના સ્કૂલ બેગનું વજન ઓછું કરવાની ભલામણ કરતાં કહ્યું છે કે બીજા ધોરણ સુધીનાં બાળકોનાં પુસ્તકો શાળામાં જ મૂકાય. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આ પ્રકારનો પ્રોજેક્ટ વર્તમાનમાં ચાલુ જ છે; જેને 'પ્રજ્ઞા' (પ્રવૃત્તિલક્ષી જ્ઞાન)નામ આપવામાં આવ્યું છે અને ધોરણ 1 થી 4માં કેટલીક શાળાઓમાં તેનો અમલ થઈ રહેલ છે.

❖ 'રાજીવ ગાંધી ખેલ અભિયાન' **(RGKA)** હવે 'ખેલો ઈન્ડીયા' :

- 'રાજીવ ગાંધી ખેલ અભિયાન' (RGKA) ને યુપીએ સરકારમાં 2014માં શરૂ કરવામાં આવ્યું હતું.
- પહેલાં તેનું નામ 'પંચાયત યુવા ક્રીડા એવં ખેલ અભિયાન' હતું. પાછળથી તેનું નામ 'રાજીવ ગાંધી ખેલ અભિયાન' (RGKA) કરવામાં આવ્યું હતું.
- 'ખેલો ઈન્ડીયા'ના દાયરામાં હવે 'શહેરી ખેલ બુનિયાદી માળખા યોજના' અને 'રાષ્ટ્રીય ખેલ પ્રતિભા યોજના' પણ આવી ગઈ છે.

current663.wordpress.com

- કેન્દ્રીય ખેલપ્રધાન સર્વાનંદ સોનોવાલે 20 એપ્રિલના રોજ આ જાહેરાત કરી હતી.
- 'ખેલો ઈન્ડીયા' ગુજરાતના ખેલ મહાકુંભ મોડલ પર આધારિત છે. તેના હેઠળ સ્કૂલો અને કોલેજોનાં બાળકો લગભગ 27 રમતોમાં ભાગ લે છે. આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી દર વર્ષે ઉનાળુ શિબિર પણ આયોજીત કરે છે.

❖ **સદીમાં માત્ર 13 વાર બનતી અવિસ્મરણીય ઘટના :**

- 9 મી મે ના રોજ સાંજે 4:30 થી 7:11 સુધી સૂર્ય પરથી બુધ ગ્રહ પસાર થશે.
- સદીમાં માત્ર 13 જ વાર આવી અવિસ્મરણીય ઘટના બને છે.
- આ અગાઉ 8 નવેમ્બર, 2006ના રોજ સૂર્ય પરથી બુધ પસાર થયો હતો.
- હવે 9 મે, 2016 બાદ 11 નવેમ્બર, 2019 અને 13 નવેમ્બર, 2032ના રોજ આ ઘટના આકાર લેશે.
- આ ઘટના 13, 7, 10 અને 3 વર્ષના ગાળામાં ક્રમાનુસાર બને છે.

❖ **ભારત બીજા નંબરની સૌથી ઝડપી વિકસતી સર્વીસીસ ઈકોનોમી બની – CII & KPMG**

- વિશ્વમાં ભારત દર વર્ષે 10%ના ગ્રોથ સાથે સૌથી ઝડપી બીજા ક્રમે વિકસતું અર્થતંત્ર છે.
- ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકાસ કરી રહ્યું છે એમ CII & KPMG ના સંયુક્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.
- દેશની GDPમાં 2014-15માં સર્વિસ સેક્ટરનો 61% હિસ્સો છે.

❖ **IDBI બેન્ક દ્વારા 'સ્ટેન્ડ અપ ઈન્ડીયા' સ્કીમ લોન્ચ :-**

- IDBI બેન્કે 14 એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજ્યંતિ પર પોતાનાં બધાં જ કાર્યાલયોમાં સ્ટેન્ડ અપ ઈન્ડીયા સ્કીમ લોન્ચ કરી છે.
- તેનો ઉદ્દેશ એસ.સી.-એસ.ટી. અને મહિલાઓમાં ઉદ્યમને પ્રોત્સાહન આપવાનો તથા એમના સામાજીક ઉત્થાનમાં મદદ કરવાનો છે.
- બેન્ક આ યોજના હેઠળ પાત્રતા ધરાવનારને 10 લાખ રૂપિયાથી 1 કરોડ રૂપિયા સુધીની લોન આપશે.
- બેન્કના એમ.ડી. અને સી.ઈ.ઓ. કિશોર ખરાતે આ માહિતી આપી છે.

❖ **ઓનલાઈન ખરીદીની ફરિયાદોના નિવારણ અંગે સમિતિની રચના :-**

- જે ગ્રાહકો ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરે છે તેમની ફરિયાદોના નિવારણ માટે સરકારે એક સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે.



current663.wordpress.com

- આ માહિતી કન્ઝ્યુમર્સ અફેર્સ પ્રધાન રામવિલાસ પાસવાને આપી હતી.
- આ સમિતિ ફરિયાદોનું નિવારણ કરવા માટે સૂચનો કરશે.
- ઓનલાઈન ખરીદી કરનારા લોકો દ્વારા પ્રોડક્ટની ડીલીવરીમાં મોડું, ડીલીવરી નહીં થવાની અને પ્રોડક્ટની ગુણવત્તા ખરાબ હોવાની ફરિયાદો વધુ પ્રમાણમાં મળતાં સરકારે આ પ્રકારની સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે.

❖ વર્ષ 1999 બાદ સિંહાસન બત્રીસી પર સમ્રાટ વિક્રમાદિત્ય બિરાજ્યા :

- વર્ષ 1999 બાદ સિંહાસન બત્રીસી પર સમ્રાટ વિક્રમાદિત્ય બિરાજમાન થયા છે. મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે શરૂ થનાર સિંહસ્થ મહાપર્વમાં આવનાર લાખો પ્રવાસીઓ અહીં સમ્રાટ વિક્રમાદિત્યની શૌર્યગાથા અને તે સાથે જોડાયેલી કથાઓ જાણી શકે તે હેતુથી 9 રત્નોની મૂર્તિ અને 32 પૂતળીઓ બનાવવામાં આવી છે.
- 100 કલાકારો દ્વારા 5 માસના પરિશ્રમ બાદ આ મૂર્તિ તૈયાર થઈ છે.
- 35 ફૂટ ઊંચી અને 30 ફૂટ પહોળી આ મૂર્તિનું વજન 14 ટન છે.
- સિંહાસન બત્રીસીના નિર્માણ પાછળ નગર નિગમ દ્વારા 6.73 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- આર્કિટેક્ટ અશોક ભાર્ગવ અને તેમના સાથી કલાકારો દ્વારા આ મૂર્તિનું નિર્માણ કરવામાં આવ્યું છે.

❖ નોર્થ પોલ મેરેથોન :

- અમેરિકાની ડોર્ન વેનિંગરે વિશ્વની સૌથી ઠંડી નોર્થ પોલ મેરેથોન જીતી લીધી છે.
- તેણે 5 કલાક અને 17 મિનિટમાં આ મેરેથોન પૂર્ણ કરી છે.
- આ સ્પર્ધામાં કુલ 18 દેશોના 52 એથલેટોએ ભાગ લીધો હતો.
- અહીંનું તાપમાન -41 ડિગ્રી (માઈનસ એકતાળીસ) સેલ્સિયસ હોય છે.
- નોર્થ પોલ પર પહેલી મેરેથોન 2006માં યોજાઈ હતી.

❖ ચિથિરાવ થિરુવઝા કાર મહોત્સવ :

- તમિલનાડુના મદુરાઈમાં મીનાક્ષી મંદિર ખાતે આયોજીત ચિથિરાવ થિરુવઝા કાર મહોત્સવમાં શ્રદ્ધાળુઓનો ધસારો મોટા પ્રમાણમાં થયો છે.
- આ વિશ્વનો સૌથી લાંબો મહોત્સવ છે.
- આ મહોત્સવ એક મહિના સુધી ચાલે છે.
- પહેલા 15 દિવસ દેવી મીનાક્ષી અને અંતિમ 15 દિવસ ભગવાન મહાવિષ્ણુની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

current663.wordpress.com

❖ જમ્મુ-કશ્મીરમાં બે દિવસીય ટુરીઝમ ફેસ્ટીવલની શરૂઆત.

❖ પશ્ચિમ બંગાળમાં 62 બેઠકો માટે આજે ત્રીજા તબક્કાનું મતદાન.

❖ ચીને એશિયાનો સૌથી મોટો સસ્પેન્શન બ્રિજ ખૂલ્લો મૂક્યો.

- બ્રિજની લંબાઈ : 8000 ફૂટ (2.4 કિમી)
- બ્રિજની ઊંચાઈ : 920 ફૂટ
- બ્રિજના બે મુખ્ય ટાવર્સ વચ્ચેનું અંતર :3924 ફૂટ
- બ્રિજની પાછળ થયેલ ખર્ચ : 1.5 અબજ યુઆન (15.35 અબજ રૂપિયા)
- બ્રિજના નિર્માણ પાછળ લાગેલો સમય : પાંચ વર્ષ

❖ સતીષકુમાર શિવલિંગમ અને કે. સંજિતા ચાનૂ :

- સતીષકુમાર શિવલિંગમ અને કે. સંજિતા ચાનૂ ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં આજથી શરૂ થઈ રહેલી સીનીયર એશિયન વેઈટ લિફ્ટીંગ ચેમ્પિયનશિપમાં 16 સભ્યોની ભારતીય ટીમની આગેવાની કરશે. આ ટુર્નામેન્ટ ઓલિમ્પિકની ક્વોલિફાયીંગ ટુર્નામેન્ટ છે.

❖ ભારતીય શૂટર જિતુ રાય :

- રીયો ડી જાનેરોમાં યોજાયેલ ઈન્ટરનેશનલ શૂટીંગ સ્પોર્ટ્સ ફેડરેશનના વર્લ્ડકપની 50 મીટર પિસ્ટલ સ્પર્ધામાં ભારતીય શૂટર જિતુ રાયે છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો.

❖ બોટ્સવાનામાં મળ્યો સદીનો સૌથી મોટો હીરો :-

- આફ્રિકાના એક દેશ બોટ્સવાનાની એક ખાણમાંથી દુનિયાનો બીજા નંબરનો સૌથી મોટો હીરો મળી આવ્યો છે.
- આ હીરો છેલ્લા 100 વર્ષનો સૌથી મોટો હીરો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.
- તેની ક્વોલિટી 1,111 કેરેટની છે.
- 100 વર્ષ બાદ મળેલા આ હીરા માટે કેનેડાની એક કંપની લુકારા ડાયમંડ કોર્પોરેશન દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રાજધાની ગેબરોનીની ઉત્તરમાં લગભગ 500 કિમી દૂર કરાવે માઈનમાંથી આ હીરો મળ્યો છે અને 1905માં આફ્રિકામાંથી મળેલ કુલિનના ડાયમંડ બાદ આ બીજા નંબરનો સૌથી મોટો હીરો છે.

❖ સાયન્સ એક્સપ્રેસ ટ્રેન 20 એપ્રિલથી 7 મે દરમ્યાન ગુજરાતની મુલાકાતે.

❖ પોલિયોને સંપૂર્ણ નાબૂદ કરવા સમગ્ર વિશ્વ માટે પોલિયોની નવી રસી **BOVP** :



current663.wordpress.com

- ચાલુ વર્ષે માત્ર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં પોલિયોના નવ કેસ નોંધવામાં આવ્યા હતા.
- અત્યાર સુધી પોલિયોની માત્ર ટ્રાયવેલન્ટ ઓરલ વેક્સિન અપાતી હતી. તેનું સ્થાન હવે BOVP (બાયવેલન્ટ ઓરલ પોલિયો વેક્સિન) લેશે.
- રાષ્ટ્રસંઘની વેબસાઈટ પર જણાવ્યાનુસાર અત્યારે જંગલોમાં ટાઈપ-1 અને ટાઈપ-3ના જંતુ હોવાનો સંભવ છે. એ પ્રકાર પણ નાશ પામે તે માટે વિશ્વના 155 દેશોને રસી મોકલી આપવામાં આવી છે.

❖ વિશ્વ સિવિલ સર્વીસ ડે – 21 એપ્રિલ

## April 22 2016

❖ ઉજ્જૈનમાં સિંહસ્થ મહાપર્વનો પ્રારંભ :

- આ મહાપર્વ 22 એપ્રિલથી 21 મે સુધી ચાલશે.
- આ વખતે સિંહસ્થ મહાપર્વ પહેલીવાર કેશલેસ તથા પેપરલેસ હશે.
- સિંહસ્થ મહાપર્વ પર એક નજર :
  - ☞ સામાન્ય રીતે કુંભનો અર્થ ઘડો અથવા કળશ થાય છે. જ્યોતિષ વિદ્યામાં કુંભનો અર્થ રાશી સાથે સંકળાયેલો છે. આપણા ત્રિકાળદર્શી ઋષિઓએ ઘણા બધાં દેવીદેવતાઓની કલ્પના કુંભના સ્વરૂપમાં કરી છે.
  - ☞ ભારતવર્ષમાં કુંભપર્વ ક્યારથી શરૂ થયું તેનું ચોક્કસ પ્રમાણ મળતું નથી. એટલે આ ઉત્સવ પ્રાચીન છે એમ માની શકાય.
  - ☞ આ કુંભપર્વના પ્રવર્તક આદ્યગુરુ-જગદગુરૂ શંકરાચાર્ય છે.
  - ☞ કુંભપર્વ દર બાર વર્ષે ક્રમશ: હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને નાસિકમાં ઉજવવામાં આવે છે. આ કુંભપર્વ પૂર્ણકુંભ છે.
  - ☞ પરંતુ અર્ધકુંભ પર્વ માત્ર હરિદ્વાર અને પ્રયાગમાં જ ઉજવાય છે. પરંતુ તેનું નિશ્ચિત પ્રમાણ હજુ સુધી શાસ્ત્રોમાંથી મળ્યું નથી. માન્યતા એવી છે કે મોગલો દ્વારા હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવાના પ્રયાસો થયા એ સમયે હરિદ્વાર અને પ્રયાગમાં સમગ્ર ભારતવર્ષના સાધુ-સંતોનું મહાસંમેલન યોજાયું. આ સંમેલનના આધારે માત્ર હરિદ્વાર અને પ્રયાગમાં સમગ્ર ભારતવર્ષના હિંદુ ધર્મની રક્ષા કાજે અર્ધ કુંભ મનાવવાનું શરૂ થયું હશે.
  - ☞ શાસ્ત્રોમાં પુરાણો-વેદોમાં માત્ર પૂર્ણ કુંભની જ મહત્તા આપેલી છે. અહીં અર્ધકુંભ વિશે કોઈ ઉલ્લેખ નથી.



current663.wordpress.com

☞ હરિદ્વાર અને પ્રયાગમાં પૂર્ણ કુંભ અને અર્ધ કુંભ પર્વ બંને યોજાય છે. જ્યારે ઉજ્જૈન અને નાસિકમાં માત્ર પૂર્ણ કુંભ યોજાય છે. પ્રત્યેક ત્રણ વર્ષે એક સ્થાનમાં આ પર્વ યોજાય છે.

1. જ્યારે કુંભ રાશિમાં ગુરુ હોય ત્યારે હરિદ્વારમાં યોજાય છે.
2. ત્રણ વર્ષ બાદ જ્યારે વૃષભ રાશિમાં ગુરુ હોય ત્યારે પ્રયાગમાં યોજાય છે.
3. ત્રણ વર્ષ બાદ જ્યારે સિંહ રાશિમાં ગુરુ અને સૂર્ય હોય ત્યારે નાસિકમાં યોજાય છે.
4. ત્રણ વર્ષ બાદ જ્યારે સિંહ રાશિમાં ગુરુ અને સૂર્ય મેષ રાશિમાં હોય ત્યારે ઉજ્જૈનમાં આ કુંભ પર્વનું આયોજન થાય છે.

☞ આ બાર વર્ષના મધ્યમાં 6 વર્ષે હરિદ્વાર અને પ્રયાગમાં અર્ધ કુંભનું આયોજન થાય છે.

☞ કુંભ પર્વના સ્થાનો વિશે માન્યતા :

- સમુદ્રમંથન કર્યા પછી તેમાંથી ચૌદ રત્નો નીકળ્યાં, જેમાં અમૃત કુંભ પણ હતો. દેવો અને દાનવો વચ્ચે કુંભ મેળવવા માટે પડાપડી થઈ. એ સમયે ચંદ્રદેવે અમૃત કળશને છલકતો બચાવ્યો, સૂર્યદેવે કળશને ફૂટતો બચાવ્યો, દેવબૃહસ્પતિએ કળશની છુપાવીને રક્ષા કરી. આથી આ ત્રણેય ગ્રહોની વિશિષ્ટ સ્થિતિ અનુસાર ઉપર કહ્યા મુજબ કુંભપર્વ ઉજવાય છે.
- આ ખાસ ઝપાઝપીમાં કુંભમાંથી અમૃતનાં થોડાં ટીપાં જ્યાં પડ્યાં જેમ કે હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં ત્યાં પૂર્ણ કુંભપર્વ યોજાય છે.

❖ હાઈકોર્ટે ઉત્તરાખંડમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવ્યું :

➢ રાવત સરકારને 29મી સુધીમાં બહુમત સાબિત કરવા જણાવ્યું.

➢ કોર્ટની બેન્ચે જણાવ્યું કે અનુચ્છેદ 356નો દુરૂપયોગ થયો છે. તે ઉપરાંત જણાવ્યું કે અરજદાર પક્ષે સ્વતંત્રતા પછીના 4 દાયકાઓમાં જેવી રીતે આ અનુચ્છેદનો ઉપયોગ કર્યો છે તેને વખાણી શકાય નહીં.

➢ એટર્ની જનરલ મુકુલ રોહિતગીએ જણાવ્યું હતું કે કેન્દ્ર આ બાબતે હાઈકોર્ટના નિર્ણયને પડકારવા સુપ્રિમમાં જશે. દરમ્યાન, કોંગ્રેસે સુપ્રિમમાં કેવિયેટ દાખલ કરી દીધી છે.

❖ ટાઈમ મેગેઝીનની 100 પ્રતિભાશાળી લોકોની યાદીમાં **RBI**ના ગવર્નર રઘુરામ રાજનનો 13મા ક્રમે સમાવેશ :

➢ આ સિવાય અન્ય ભારતીય પણ તેમાં સામેલ છે, જેમનાં નામ નીચે મુજબ છે.

| ક્રમ | નામ | ક્ષેત્ર |
|---|---|---|
| 1 | રઘુરામ રાજન | રીઝર્વ બેન્કના ગવર્નર |
| 2 | સાનિયા મિર્ઝા | ટેનિસ પ્લેયર |
| 3 | પ્રિયંકા ચોપરા | અભિનેત્રી |
| 4 | સુંદર પિચાઈ | ગુગલના CEO |
| 5 | બિન્ની બંસલ | ફ્લિપકાર્ટના સ્થાપક |
| 6 | સચિન બંસલ | ફ્લિપકાર્ટના સ્થાપક |
| 7 | સુનિતા નારાયણ | કાર્યકર |

- આગામી 21 જૂનના રોજ વિશ્વ યોગ દિને રાજ્યમાં 1 કરોડથી વધુ લોકોને જોડવાનો રાજ્ય સરકારનો પ્રયાસ :
  - ગત વર્ષે પ્રથમવાર થયેલ ઉજવણીમાં ટકાવારીની દૃષ્ટીએ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે હતું.
  - આ વર્ષે પણ એ ક્રમ જાળવી રાખવા બે માસ અગાઉથી સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

- આજે હનુમાન જ્યંતિ.
  - ચૈત્ર સુદ પૂનમના દિવસે દર વર્ષે હનુમાન જ્યંતિની ઉજવણી કરવામાં આવે છે.

- 200 કિમી/કલાકની ઝડપે દોડતી ટેલ્ગો ટ્રેનનું ભારતમાં આગમન :
  - દિલ્હીથી આગ્રા કેન્ટોન્મેન્ટ વચ્ચે ગત 5 મી એપ્રિલે પ્રથમ વખત ભારતની સૌથી ઝડપી ટ્રેન ગતિમાન એક્સપ્રેસ દોડાવવામાં આવી હતી. આ ટ્રેન મહત્તમ 160 કિમી/કલાકની ઝડપે દોડે છે.
  - પરંતુ ટૂંક સમયમાં જ આ ટ્રેન ઈતિહાસ બની જશે. સ્પેનમાં નિર્મિત ટેલ્ગો ટ્રેનનું હવે ભારતમાં આગમન થઈ ચૂક્યું છે.
  - તેની મહત્તમ ઝડપ 200 કિમી/કલાકની છે.
  - તેમાં 20 કોચ રહેશે; જેમાં 14 એસી ચેર કાર, 3 એક્ઝીક્યુટીવ ચેર કાર અને 3 પાવર કારનો સમાવેશ થાય છે.

- સિયાચિનમાં ઠંડીથી ઠૂંઠવાતા લશ્કરી જવાનો માટે ઈસરોનું સુરક્ષા કવચ :
  - ઈસરોએ દુનિયાનો સૌથી હળવો પદાર્થ ‘સિલિકા એરોજેલ’ તૈયાર કર્યો છે.

current663.wordpress.com

- આ પદાર્થ તેની ઉષ્માને કારણે જવાનોને ઠંડી સામે રક્ષણ આપી શકશે.

- કૃત્રિમ એરોજેલ :-

- એરોજેલની શોધ 1922માં અમેરિકન વૈજ્ઞાનિક સેમ્યુઅલ કિસ્તરે કરી હતી.
- એરોજેલની બનાવટ વિવિધ રીતે થઈ શકે છે.
- એરોજેલને સિલિકા, આયર્ન ઓક્સાઈડ વગેરે પદાર્થોમાંથી બનાવી શકાય છે. 2 ગ્રામ એરોજેલનો ટુકડો હોય તેના પર અઢી કિગ્રાની ઈંટ મૂકવામાં આવે તો પણ એરોજેલના ટુકડાને કંઈ થતું નથી.

❖ **World Health Organization ની ઝુંબેશ :**

- વિશ્વને 2020 સુધીમાં રક્તપિત્ત(લેપ્રોસિસ)થી મુક્ત કરવા માટે World Health Organization દ્વારા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.
- અત્રે ઉલ્લેખનીય છે કે રક્તપિત્તના કૂલ દર્દીઓમાંથી 80% દર્દીઓ ભારત, બ્રાઝીલ અને ઓસ્ટ્રેલિયામાં છે.

❖ રાજપીપળામાં નવી યુનિવર્સિટીની સ્થાપના :-

- ગુજરાત સરકાર નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે આદિજાતિના વિદ્યાર્થીઓ માટે નવી યુનિવર્સિટીની સ્થાપના કરશે.
- આ યુનિવર્સિટીમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના રેગ્યુલર કોર્સીસની સાથે સાથે આદિજાતિ સંશોધન કેન્દ્ર પણ ઉભું કરવામાં આવશે.
- આ સંશોધન કેન્દ્રમાં આદિજાતિની કલા-સંસ્કૃતિ સંબંધિત સંશોધન કરવામાં આવશે.

❖ 50% મહિલા બેઠકો સાથે 10,485 ગ્રામ પંચાયતોની ડિસેમ્બરમાં સામાન્ય ચૂંટણીઓ :-

- અત્યાર સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે 33% બેઠકો અનામત હતી.
- 2014માં ગુજરાત સરકાર દ્વારા 50% મહિલા અનામતનો ખરડો પસાર થયા બાદ આ વખતે પહેલીવાર 50% મહિલા અનામત બેઠકો સાથે ચૂંટણીઓ થશે.

❖ આવનાર દસ વર્ષમાં અંતરિક્ષની સફરના ખર્ચમાં 50% ઘટાડો થશે :

- અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. સ્કોટ પેરાઝીન્સ્કીએ અમદાવાદની ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી ખાતે 21 એપ્રિલના રોજ જણાવ્યું હતું કે આવનાર દસ વર્ષમાં અંતરિક્ષની સફર 50% સસ્તી થઈ જશે.
- ડૉ. સ્કોટ પોતે પાંચ વાર એક વૈજ્ઞાનિક તરીકે અંતરિક્ષની સફરે જઈ આવ્યા છે.

current663.wordpress.com

- તેમના કહેવા પ્રમાણે ટેકનોલોજીના ક્ષેત્રમાં થયેલા વિકાસને કારણે આ બાબત હવે શક્ય બનશે.

❖ વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ :

- વર્લ્ડ પ્રેસ ફ્રીડમના આ વર્ષના આંકડા જાહેર કરવામાં આવ્યા છે.
- કુલ 180 દેશોને તેમના મીડિયાને આપેલ સ્વાતંત્ર્યના આધારે ક્રમ આપવામાં આવ્યા છે.
- 180 દેશોની આ યાદીમાં ભારતનો ક્રમ 133મો છે. જો કે ગયા વર્ષની સરખામણીમાં ભારત આ વર્ષે 3 ક્રમ આગળ છે. ગયા વર્ષે ભારતનો ક્રમ આ યાદીમાં 136મો હતો.

આ યાદીમાં સૌથી આગળ અને સૌથી પાછળના ત્રણ દેશોના નામ તથા તે સિવાય અન્ય કેટલાક મહત્વના દેશોનો ક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | દેશ | ક્રમ |
|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 1 |
| 2 | નેધરલેન્ડ | 2 |
| 3 | નોર્વે | 3 |
| 4 | તુર્કમેનિસ્તાન | 178 |
| 5 | ઉત્તર કોરિયા | 179 |
| 6 | ઈરીટ્રી | 180 |

| અ.નં. | દેશ | ક્રમ |
|---|---|---|
| 1 | અમેરિકા | 44 |
| 2 | અફઘાનિસ્તાન | 120 |
| 3 | પેલેસ્ટાઈન | 132 |
| 4 | ભારત | 133 |
| 5 | રશિયા | 148 |
| 6 | ચીન | 176 |

## April 23 2016

❖ વિદેશી મૂડીરોકાણની બાબતમાં ભારત ચીન કરતાં આગળ :

- વર્ષ 2015માં ભારતમાં કુલ 63 અબજ ડોલરની FDIની સામે ચીનમાં ઘટાડો જોવામાં આવી રહ્યો છે.
- ચીનમાં આ વખતે FDIની અંદર 16%નો ઘટાડો જોવામાં આવ્યો છે.
- જો કે નવા પ્રોજેક્ટની સંખ્યાની બાબતમાં ચીન હજુ પણ ટોચ ઉપર છે.

❖ તા.22/04/2016ના રોજ 'વિશ્વ ધરતી દિને' ભારતમાં વિવિધ જગ્યાએ ધરતીની પૂજા કરવામાં આવી.



current663.wordpress.com

❖ કર્મચારીઓના **DA** માં 6%નો વધારો :

- રાજ્યના સરકારી કર્મચારીઓના DA માં 6%નો વધારો કરવામાં આવ્યો.
- તમામ કર્મીઓને હવે 125% મુજબ મોંઘવારૂ ભથ્થુ ચૂકવવામાં આવશે.

❖ ઉત્તરાખંડમાં ફરી રાષ્ટ્રપતિ શાસન :

- સુપ્રિમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો.
- ઉત્તરાખંડ હાઈકોર્ટે રાવત સરકારને 29મી એપ્રિલ સુધીમાં બહુમત સાબિત કરવાનું કહ્યું હતું. પરંતુ સુપ્રિમ કોર્ટે હવે 27મી એપ્રિલ સુધી ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂકી દીધો છે.

❖ અરૂણાચલ પ્રદેશમાં ભૂસ્ખલન : 16 નાં મૃત્યુ.

❖ રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભા માટે 6 વ્યક્તિઓ નોમિનેટ :

- બંધારણની જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિને રાજ્યસભામાં કલા, વિજ્ઞાન, સમાજસેવા, સાહિત્ય, રમતગમત વગેરે જેવાં ક્ષેત્રોમાં વિશેષ જ્ઞાન ધરાવતા લોકોને નિયુક્ત કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- પોતાના બંધારણીય અધિકારનો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજી  દ્વારા 6 વ્યક્તિઓને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવી છે.

| ક્રમ | નામ | ક્ષેત્ર |
|---|---|---|
| 1 | સુબ્રમણ્યમ સ્વામી | ભાજપના નેતા |
| 2 | નવજોતસિંહ સિંધુ | ભૂતપૂર્વ ક્રિકેટર |
| 3 | એમ. સી. મેરિકોમ | બોક્સર |
| 4 | નરેન્દ્ર જાધવ | રાષ્ટ્રીય સલાહકાર |
| 5 | સુરેશ ગોપી | મલયાલમ એક્ટર |
| 6 | સ્વપ્ન દાસગુપ્તા | પત્રકાર |

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે શ્રી નરેન્દ્ર જાધવ યુપીએ-2 સરકારમાં રાષ્ટ્રીય સલાહકાર પરિષદ(National Advisory Council – NAC) ના સભ્ય રહી ચૂક્યા છે.

❖ સૌથી વધુ 98 બ્રિજ સાથે સુરત દેશમાં પ્રથમ :

- દર 3 કિલોમીટરે એક બ્રિજનું અહીં  નિર્માણ કરેલું છે.

📖 સુરત સુધરાઈની સ્થાપનાને આજે 164 વર્ષ પૂર્ણ થયા છે. 23 એપ્રિલ, 1852ના રોજ કલેક્ટર રોજર્સે સુરત સુધરાઈની સ્થાપના કરી હતી. તેનો પાયો 1850માં નાખવામાં


current663.wordpress.com

આવ્યો હતો. તેની પ્રથમ સભા નાનપુરા ડચગાર્ડનની સામેની જૂની પોસ્ટ ઑફિસમાં મળી હતી. 15 વર્ષ સુધી અહીં જ કચેરી કાર્યરત રાખ્યા બાદ તે નાની પડતાં 1867માં મુગલસરાઈ ખાતે સુરત સુધરાઈની કચેરીને ખસેડવામાં આવી.

❖ 'દિવ્ય વાલ્મિકી રામાયણ'નું વિમોચન :

➢ જાણીતા સાહિત્યકાર કરસનભાઈ પટેલ દ્વારા રચિત 'દિવ્ય વાલ્મિકી રામાયણ'નું વિમોચન કરવામાં આવ્યું.

➢ આ રામાયણને સદવિચાર પરિવાર દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

❖ ભાવનગરના મહુવા ખાતે યોજાયેલ અસ્મિતા પર્વમાં વિવિધ એવોર્ડનું વિતરણ :

➢ પટિયાલા ઘરાનાના ગઝલ ગાયક અને પાકિસ્તાનના સુપ્રસિદ્ધ કલાકાર ગુલામઅલીને દેશમાં તેમના ઠેર ઠેર થઈ રહેલા વિરોધ વચ્ચે ભાવનગરના મહુવામાં મોરારીબાપુના હસ્તે હનુમાન જ્યંતિ નિમિત્તે હનુમંત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

➢ આ સિવાય પણ અન્ય એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું; જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વ્યક્તિનું નામ | ક્ષેત્ર |
|---|---|---|
| | કૈલાસ લલિતકલા એવોર્ડ | |
| 1 | નાગજી પટેલ | શિલ્પકલા |
| | હનુમંત એવોર્ડ | |
| 2 | પંડિત ઉલ્હાસ કશાલકર | શાસ્ત્રીય કંઠ્ય સંગીત |
| 3 | સુરેશ તલવરકર | શાસ્ત્રીય તાલવાદ્ય- તબલાં |
| 4 | હેમામાલિની | ભારતીય નૃત્ય |
| 5 | ઉસ્તાદ ગુલામઅલી | ગઝલ ગાયક |
| 6 | પંડિત દેબૂ ચૌધરી | શાસ્ત્રીય તાલવાદ્ય – સિતાર |
| | નટરાજ એવોર્ડ | |
| 7 | પી. ખરસાણી | ગુજરાતી લોકનાટ્ય – ભવાઈ |
| 8 | યઝદી કરંજીયા | ગુજરાતી રંગભૂમિ –નાટક |
| 9 | પંકજ ધીર | ભારતીય ટેલીવિઝન |
| 10 | ધર્મેન્દ્ર | ભારતીય ફિલ્મ |

❖ **LPG** સબસિડી છોડવામાં ઉત્તર-પૂર્વ સમગ્ર દેશમાં મોખરે :

➢ LPG સબસિડી છોડવામાં ઉત્તર-પૂર્વનાં રાજ્યો સમગ્ર દેશમાં ટોચ પર છે, જ્યારે દક્ષિણ ભારત સૌથી પાછળ છે.

current663.wordpress.com

- LPG સિલિન્ડર ગ્રાહકોની સંખ્યા કુલ 16.63 કરોડ છે; જ્યારે કુલ 1 કરોડ નાગરિકોએ અત્યાર સુધીમાં LPG સિલિન્ડરની સબસિડીનો ત્યાગ કર્યો છે. જે કુલ ગ્રાહકોના 6.01% છે.
- હાલમાં 1 LPG સિલિન્ડર પર 140 રૂપિયાની સબસિડી આપવામાં આવે છે.
- સબસિડી છોડવાની બાબતમાં સૌથી ટોચનાં અને સૌથી છેલ્લાં રાજ્યો નીચે મુજબ છે.

📖 **LPG** સબસિડી છોડવાની બાબતમાં સૌથી આગળનાં પાંચ રાજ્યો:

| ક્રમ | રાજ્ય | ટકાવારી |
|---|---|---|
| 1 | મિઝોરમ | 18.32 % |
| 2 | નાગાલેન્ડ | 17.75 % |
| 3 | દિલ્હી | 15.96 % |
| 4 | મણિપુર | 14.07 % |
| 5 | અરૂણાચલ પ્રદેશ | 12.02 % |

📖 **LPG** સબસિડી છોડવાની બાબતમાં સૌથી છેલ્લાં રાજ્યો:

| ક્રમ | રાજ્ય | ટકાવારી |
|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | 2.21 % |
| 2 | પશ્ચિમ બંગાળ | 3.08 % |
| 3 | લક્ષદ્વીપ | 3.67 % |
| 4 | કેરળ | 3.70 % |
| 5 | અંદમાન નિકોબાર | 3.76 % |

📖 સબસિડી છોડનારા ગ્રાહકોની સંખ્યાની બાબતમાં મહારાષ્ટ્ર સૌથી ટોચ પર છે; જ્યારે સંખ્યાની ટકાવારીની દૃષ્ટીએ દિલ્હી તેના કરતાં પણ આગળ છે. આ કેટેગરીમાં ટોચનાં પાંચ રાજ્યો નીચે મુજબ છે.

| ક્રમ | રાજ્ય | કુલ ગ્રાહકો | સબસિડી છોડનાર ગ્રાહકો | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | મહારાષ્ટ્ર | 1.95 કરોડ | 16.44 લાખ | 8.43 % |
| 2 | ઉત્તરપ્રદેશ | 2.01 કરોડ | 12.53 લાખ | 6.21 % |
| 3 | દિલ્હી | 45.55 લાખ | 7.27 લાખ | 15.96 % |
| 4 | કર્ણાટક | 1.04 કરોડ | 6.96 લાખ | 6.66 % |
| 5 | રાજસ્થાન | 87.81 લાખ | 6.46 લાખ | 7.36 % |

current663.wordpress.com

❖ ચીન દ્વારા દુનિયાની સૌથી લાંબી રેન્જની મિસાઈલનું પરીક્ષણ :

➢ ચીન દ્વારા દુનિયાની સૌથી લાંબી રેન્જની ન્યુક્લિયર મિસાઇલ ડોંગ ફેંગ – 41 (DF-41)નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
➢ તેની રેન્જ 14,000 કિમી છે. આ અંતર આ મિસાઈલ માત્ર 30 મિનિટમાં જ પૂર્ણ કરી શકે છે.
➢ તેની વોરહેડ ક્ષમતા 10 ન્યુક્લિયર વોરહેડ લઈ જવાની છે.

❖ પાકિસ્તાનના સૌથી ધનિક નેતાઓમાં વડાપ્રધાન નવાઝ શરીફનો સમાવેશ.

❖ આજે વિશ્વપુસ્તક દિન :

➢ દર વર્ષે 23 એપ્રિલના રોજ વિલિયમ શેક્સપિયરની યાદમાં વિશ્વ પુસ્તક દિન ઉજવવામાં આવે છે.
➢ વિલિયમ શેક્સપિયરનો જન્મ 23 એપ્રિલ, 1564ના રોજ ઇંગ્લેન્ડના સ્ટેટફર્ડ નામના નાનકડા ગામમાં થયો હતો.
➢ તેમનું મૃત્યુ પણ 23 એપ્રિલ, 1616ના રોજ થયું હતું.
➢ તેમના સન્માનમાં સમગ્ર વિશ્વમાં આ દિવસે વિશ્વ પુસ્તક દિનની ઉજવણી કરવામાં આવે છે.
➢ 1995માં આંતરરાષ્ટ્રીય સહયોગ અને ભાવનાથી પ્રેરિત 193 દેશોના સભ્યો અને 6 સહયોગી દેશોની સંસ્થા યુનેસ્કોએ 'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ ડે'ની ઉજવણી માટે 23 એપ્રિલની પસંદગી કરી હતી. આ દિવસે સૌપ્રથમવાર વિશ્વ પુસ્તક દિનની ઉજવણી થઈ હતી.
➢ શેક્સપિયરે જુલિયસ સિઝર, કિંગ જ્હોન, એન્ટની એન્ડ ક્લિયોપેટ્રા જેવાં નાટકો અને હેમલેટ, મેકબેથ, ઓથેલો અને કિંગ લીયર જેવી ટ્રેજેડી રચનાઓનું નિર્માણ કર્યું છે.
➢ શેક્સપિયરે કુલ 37 નાટક અને 154 સોનેટની રચના કરી છે.
➢ તેમને ઇંગ્લેન્ડના રાષ્ટ્રીય કવિનું બિરુદ પણ મળેલું છે.
➢ જો કે એમ પણ માનવામાં આવી રહ્યું છે કે 1993માં સ્પેનમાં પુસ્તક વિક્રેતાઓએ પ્રસિદ્ધ લેખક મીગુયેલ ડી સરવેન્ટીસની યાદમાં તેમનુ સન્માન કરવા માટે આ દિવસની પસંદગી કરી હતી. તેમનું મૃત્યુ પણ 23 એપ્રિલના રોજ જ થયું હતું.

❖ પરમાણુ હૂમલા સામે બાથ ભીડવા માટે સેનાની 'શત્રુજીત' કવાયત.

❖ ભારતે યુ. એન.માં 170 દેશો સાથે પેરિસ ક્લાયમેન્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા.

➢ આ કરારથી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરવા માટે ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવાના પ્રયત્ન શરૂ કરવા વિકાસશીલ અને વિકસિત રાષ્ટ્રો એક થયા છે.



current663.wordpress.com

❖ બોન્ડ ફિલ્મના ડીરેક્ટર ગાય હેમિલ્ટનનું 93 વર્ષે નિધન :

➢ તેમની ફિલ્મોમાં ચાર ફિલ્મો ખાસ યાદગાર છે.

1. ગોલ્ડ ફિંગર
2. લાઈવ અને લેટ ડાઈ
3. ધ મેન વિથ ગોલ્ડન ગન
4. ડાયમંડ્સ આર ફોરેવર

# April 24 2016

❖ સલમાનખાન ઓલિમ્પિક માટે ગુડવિલ એમ્બેસેડર :

➢ ભારતીય ઓલિમ્પિક સંઘે સલમાનખાનને ઑગસ્ટમાં યોજાનાર રિયો ઓલિમ્પિકમાં ભારતીય ટીમનો ગુડવિલ એમ્બેસેડર બનાવ્યો છે.

➢ ભારતીય ઓલિમ્પિકના ઈતિહાસમાં આ પહેલીવાર છે કે, જ્યારે કોઈ બોલિવુડ અભિનેતાને ઓલિમ્પિક માટે ગુડવિલ એમ્બેસેડર બનાવવામાં આવ્યો હોય.

❖ ચીન સમુદ્રમાં તરતો પરમાણુ વીજ પ્લાન્ટ બનાવશે :

➢ વિવાદાસ્પદ ટાપુ સાઉથ ચાઈના સીમાં તૈયાર કરાયેલ સેટઅપ માટે પુષ્કળ વીજળીની જરૂર પડશે. આ સેટઅપ માટે ચીનમાંથી વીજળી પૂરી પાડવી મુશ્કેલ છે. આથી અહેવાલોના જણાવ્યા મુજબ ચીન 20 ફ્લોટીંગ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ બનાવશે.

➢ ચીનના જણાવ્યા મુજબ તેનો હેતુ પોતાના અધિકારવાળા તટીય વિસ્તારોમાં અને ટાપુઓમાં વીજળી પૂરી પાડવાનો છે.

➢ ચાઈના શિપ બિલ્ડીંગ ઈન્ડસ્ટ્રી કોર્પ આ ફ્લોટીંગ પાવર પ્લાન્ટ બનાવવાનો પ્લાન કરી રહી છે.

➢ ચીનના 'ગ્લોબલ ટાઈમ્સ' ન્યૂઝપેપરે પણ આ વાતની પુષ્ટી કરી છે. તે મુજબ ચીન ફ્લોટીંગ પાવર પ્લાન્ટથી સાઉથ ચાઈના સીમાં ચીનની રડાર સિસ્ટમ, લાઈટ હાઉસ, બેરેક, પાર્ટ્સ અને એર ફિલ્ડસને વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

➢ આ પાવર પ્લાન્ટથી ચીનની તાકાત સમુદ્રમાં અનેકગણી વધી જશે.

➢ ચાઈના એટમિક એનર્જી ઑથોરિટીના ડાયરેક્ટર શૂ દાઝેએ જણાવ્યું હતું કે ફ્લોટીંગ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ ચીનના પંચવર્ષીય ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનમાં પણ છે.

❖ કોમન સિટી પેમેન્ટ સિસ્ટમ પ્રોજેક્ટ :

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલ સ્માર્ટ કાર્ડ બેઈઝડ કોમન સિટી પેમેન્ટ સિસ્ટમ પ્રોજેક્ટ માટે બહાર પાડવામાં આવેલા એક્ષપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટમાં જુદી જુદી 8 બેન્કોએ રસ દાખવ્યો હતો.
- આ સર્વેમાં ICICI બેન્કને ઉપરોક્ત પ્રોજેક્ટની કામગીરી સોંપવામાં આવી છે.

❖ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)નો જંકફૂડ અંગે પરિપત્ર :

- CBSE દ્વારા સ્કૂલ્સ અને 200 મીટરના તેની આસપાસના વિસ્તારમાં જંકફૂડ વેચવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- શાળાની કેન્ટીનમાં અપાતા જંકફૂડને હાનિકારક માનીને આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- અગાઉથી જંકફૂડની દુકાન હશે તો શાળા સમય દરમ્યાન સ્કૂલ ડ્રેસમાં આવતા વિદ્યાર્થીને જંકફૂડ આપી શકાશે નહીં.
- કોઈ ફેરિયો શાળાની 200 મીટરની મર્યાદામાં જંકફૂડ વેચી શકશે નહીં.
- નાસ્તામાં વિદ્યાર્થીઓને જંકફૂડ આપવામાં ન આવે તેની દેખરેખ રાખવા માટે 7 થી 10 સભ્યોની કમિટી બનાવવા માટે સૂચના અપાઈ છે. આ કમિટીમાં શાળાના શિક્ષકો, વાલીઓ તેમજ કેન્ટીન ઓપરેટર રહેશે.

❖ આજે રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ :

- 24 એપ્રિલ, 1993ના રોજ 73મો બંધારણીય સુધારો, 1992 અમલમાં આવવાથી પંચાયતીરાજને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયેલ હોવાથી આ દિવસને 'પંચાયતીરાજ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- આ સુધારાથી બંધારણમાં 11મું પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું અને અનુચ્છેદ 243-243 O (ઓ) દાખલ કરવામાં આવ્યા.
- આ વખતે પ્રથમ વખત દેશભરમાં દરેક ગ્રામ પંચાયતમાં 'રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ' મનાવવામાં આવી રહ્યો છે.
- આજે જે.આર.ડી. ટાટા કોમ્પ્લેક્ષ, જમશેદપુર(ઝારખંડ) ખાતેથી બપોરના 3:00 કલાકે પ્રધાનમંત્રી તમામ ગ્રામ પંચાયતોને સંબોધશે.
- ટ્રાયબલ વિસ્તારોમાં (PESA) પંચાયતોને અધિકાર આપવા બાબતે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ છે.

current663.wordpress.com

❖ દોહા (કતાર) ખાતે યોજાયેલી એશિયન સ્નૂકરની સેમિફાઈનલમાં હારી જતાં પંકજ અડવાણીને માત્ર બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો.

❖ પર્યટન મંત્રાલયનો અનોખો રીપોર્ટ :

➢ ફરવાના મામલામાં શીખ, જ્યારે યાત્રા પર ખર્ચ કરવામાં જૈન સમુદાય સૌથી આગળ છે.
➢ પર્યટકોની પહેલી પસંદગી જમ્મુ-કશ્મીર રહ્યું છે.
➢ પર્યટન મંત્રાલય માટે આ અભ્યાસ નેશનલ કાઉન્સીલ ઑફ એપ્લાઈડ ઈકોનોમિક રીસર્ચે કર્યું છે.
➢ પર્યટકોએ સૌથી વધુ યાત્રા સામાજીક ઉદ્દેશથી કરી છે. જો કે ધાર્મિક, સ્વાસ્થ્ય અને બિઝનેસ માટે પણ યાત્રા કરવામાં આવી છે.
➢ વિવિધ સમુદાયની યાત્રા, ખર્ચ અને ઉદ્દેશની વિગતો નીચ એમુજબ છે.

| ક્રમ | સમુદાય | ટ્રીપ/વર્ષ |
|---|---|---|
| 1 | શીખ | 3.1 |
| 2 | જૈન | 2.19 |
| 3 | હિન્દુ | 2.13 |
| 4 | ખ્રિસ્તી | 1.94 |
| 5 | મુસ્લિમ | 1.82 |

| ક્રમ | સમુદાય | ખર્ચ/પ્રવાસ |
|---|---|---|
| 1 | જૈન | 2444 |
| 2 | ખ્રિસ્તી | 1740 |
| 3 | હિન્દુ | 965 |
| 4 | શીખ | 906 |
| 5 | મુસ્લિમ | 879 |

| ક્રમ | હેતુ | ટકા |
|---|---|---|
| 1 | સામાજીક | 74 % |
| 2 | ધાર્મિક | 10 % |
| 3 | સ્વાસ્થ્ય | 6.2 % |
| 4 | રજા | 5.4 % |
| 5 | બિઝનેસ | 4.4 % |

➢ બધા પર્યટકોએ હરવાફરવામાં સરેરાશ 2 દિવસ પસાર કર્યા છે. શહેરી પર્યટકોમાં શોપિંગનો ક્રેઝ દેખાયો. તેમણે શોપિંગમાં 2 દિવસ પસાર કર્યા. ઈલાજ માટે પર્યટન સ્થળોએ જનારા શહેરીજનોએ સરેરાશ 5 દિવસ બહાર પસાર કર્યા. 60% યાત્રા 30-59 વર્ષની વયના લોકોએ કરી; જ્યારે 40% યાત્રા 15-29 વર્ષની વયના લોકોએ કરી.

current663.wordpress.com

- ❖ જાપાને રડારમાં ન પકડાય તેવા ફાઈટર જેટ એક્સ-2 **(X-2)** નું પરીક્ષણ કર્યું.

## April 25 2016

- ❖ એરિક હર્નાંડેજ :
    - ➢ ક્યુબાના એરિક હર્નાંડેજે 36 કલાક અને 14 મિનિટ સુધી ફૂટબોલ પોતાના માથે રાખ્યો હતો.
    - ➢ 50 વર્ષીય એરિકે 1 મિનિટમાં 120 વખત ફૂટબોલને હેડર કર્યો હતો.
    - ➢ તેણે આ સિદ્ધીની સાથે જ પોતાનો જ 35 કલાક અને 2 મિનિટનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો.

- ❖ CJI તીરથસિંહ ઠાકુરની અદાલતોના કામ પરના ભારણ અંગેની રજૂઆત :
    - ➢ CJI તીરથસિંહ ઠાકુરે દિલ્હીમાં મુખ્યમંત્રીઓ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની બેઠકમાં આ રજૂઆત કરી હતી.
    - ➢ કાયદાપંચે 1987માં કહ્યું હતું કે દેશમાં 10 લાખ લોકો દીઠ માત્ર 10 જજ છે, જે સંખ્યા 50 ની હોવી જોઈએ.
    - ➢ અમેરિકામાં એક જજ પ્રત્યેક વર્ષે 81 કેસ પર ચુકાદો આપે છે, જ્યારે ભારતમાં જજ પ્રત્યેક વર્ષે 2600 કેસનો ચુકાદો આપે છે.
    - ➢ 10 લાખ લોકોએ હાલમાં જજોની સંખ્યા 17 છે.
    - ➢ દેશની બધી કોર્ટમાં હાલમાં 16 હાજર જજ છે.
    - ➢ 3 કરોડથી વધુ કેસો પડતર છે.
    - ➢ જો આ જ પરિસ્થિતિ રહે તો વર્તમાન કેસોનો નિકાલ કરવામાં 300 વર્ષ થઈ શકે છે.
    - ➢ દેશની 24 હાઈકોર્ટમાં 44% જગ્યાઓ ખાલી છે. 24 હાઈકોર્ટમાં ન્યાયાધીશની કૂલ 1056 જગ્યા છે, જેમાંથી હાલ 591 જગ્યાઓ પર નિયુક્તિ થયેલી છે. સૌથી વધુ 55% જગ્યાઓ અલ્હાબાદ હાઈકોર્ટમાં ખાલી છે.
    - ➢ એક કેસની સુનાવણીમાં જજોને સરેરાશ માત્ર 2 થી 5 મિનિટનો જ સમય મળે છે.
    - ➢ વર્તમાન પરિસ્થિતિ :

| ક્રમ | કોર્ટ | ખાલી જગ્યાઓ | પેન્ડીંગ્કેસ |
|---|---|---|---|
| 1 | સુપ્રિમકોર્ટ | 06 | 66,713 |
| 2 | હાઈ કોર્ટ | 465 | 49.57 લાખ |
| 3 | અન્ય કોર્ટ | 4600 | 2.57 કરોડ |

current663.wordpress.com

❖ મીઠા પર લાદેલા 5% વેટના વિરોધમાં મીઠા ઉત્પાદકોની 3 દિવસની હડતાલ

❖ ગુજરાત સરકાર કોમર્શિયલ કોર્ટની સ્થાપના કરશે :

- ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા દિલ્હીમાં મળેલ દેશના મુખ્યમંત્રીઓ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની બેઠકમાં જાહેરાત કરવામાં આવી કે ગુજરાત સરકાર કોમર્શિયલ કોર્ટની સ્થાપના કરશે.
- સાંધ્ય કોર્ટથી નવ લાખ કેસનો નિકાલ આવ્યો છે એમ રાજ્યના કાયદા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.
- આ કોમર્શિયલ કોર્ટ આંતરરાષ્ટ્રીય કક્ષાની રહેશે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

❖ હરિયાણાનો પહેલવાન સંદિપસિંહ તોમર રિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય:

- આ ઉપલબ્ધિ મેળવનાર તે ચોથો ભારતીય પહેલવાન છે.
- રિયો ઓલિમ્પિક આગામી 5 ઑગસ્ટથી શરૂ થનાર છે.
- મંગોલિયામાં ચાલી રહેલ વિશ્વ કુસ્તી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવતાં જ તેનું નામ રિયો ઓલિમ્પિક માટે નિશ્ચિત થઈ ગયું છે.

## April 26 2016

❖ સ્વાતંત્ર્ય સેનાની શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસાનું 103 વર્ષની વયે અવસાન :

- ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે આવેલા ઋતુંભરા કન્યા વિદ્યાલયના સ્થાપક અને સ્વાતંત્ર્ય સેનાની શ્રીમતી પૂર્ણિમાબેન અરવિંદભાઈ પકવાસાનું 25 એપ્રિલના રોજ ઋતુંભરા વિદ્યાલય-સાપુતારા ખાતે નિધન થયુંછે.
- તેઓ 103 વર્ષનાં હતાં.
- ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.
- સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી ગામના વતની એવાં પૂર્ણિમાબેને 1974થી ડાંગ જિલ્લામાં કન્યા શિક્ષણનો સેવાયજ્ઞ પ્રારંભ કર્યો હતો.
- આઝાદીની ચળવળ દરમ્યાન જેલવાસ ભોગવતાં તેમણે કસ્તુરબા ગાંધીને પણ ભણાવ્યાં હતાં.
- ગાંધીજીએ એકમાત્ર તેમને હથિયાર રાખવાની પરવાનગી આપી હતી.

❖ પાલનપુર ખાતે બનાસ ડેરીમાં ભારતનો સૌથી મોટો ચીઝ પ્લાન્ટ કાર્યરત :

current663.wordpress.com

- બનાસ ડેરીના ચેરમેન અને રાજ્ય કક્ષાના આરોગ્યપ્રધાન શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે આ પ્લાન્ટનો શુભારંભ કરવામાં આવ્યો.
- પ્રતિદિન 30 ટન લેખે એક માસની 900 ટનની આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા છે.
- તેની પાછળ કુલ રૂ. 350 કરોડનો ખર્ચ થયો છે.
- આ પ્લાન્ટમાં પ્રોસેસ ચીઝ અને મોરઝેલા ચીઝનું ઉત્પાદન થશે. અત્યાર સુધી ચીઝનું ઉત્પાદન માત્ર ખેડામાં જ થતું હતું.

❖ ભારતની પ્રથમ રોબોટિક સિસ્ટમ :

- 'અમૂલ' બ્રાન્ડ છેલ્લા પાંચ વર્ષથી નંબર વન છે.
- વિરાર, સુબુરબન, મંબઈ ખાતે ભારતનો સૌપ્રથમ રોબોટિક સિસ્ટમથી કાર્યરત ડેરી પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે.
- આ પ્લાન્ટની ક્ષમતા 4000 પેકેટના સંગ્રહની છે.

❖ બે માસમાં માહિતી કમિશ્નરની નિમણૂક કરવા હાઈકોર્ટનો આદેશ :

- માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત 10 માહિતી કમિશ્નરની નિમણૂક કરવાની જોગવાઈ હતી. પરંતુ આ કાયદાના અમલના 11 વર્ષ બાદ પણ માત્ર 2 જ માહિતી કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી છે.
- આ અંતર્ગત કરવામાં આવેલી એક પિટીશનની સુનાવણી કરતાં હાઈકોર્ટે રાજ્ય સરકારને બે માસમાં જ માહિતી કમિશ્નરની નિમણૂક કરવાના આદેશ આપ્યા છે.
- કેન્દ્ર સરકારે 2005માં માહિતી અધિકાર અધિનિયમ અમલમાં મૂક્યો હતો તે વખતે પણ આ મુજબ જોગવાઈ કરવામાં આવી જ હતી. કેન્દ્ર સરકારે આ કાયદાની મહત્વની જોગવાઈઓનો અમલ કરવાના દિશાનિર્દેશ પણ રાજ્ય સરકારોને કર્યા હતા.
- આ પરિસ્થિતિના કારણે હાલમાં માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત 10,000 અપીલો પડતર છે.
- હાલમાં માહિતી કમિશનર તરીકે એચ. વી. પટેલ અને આર. આર. વરસાણી (IAS) કાર્યરત છે.

❖ રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો 7% થયો :

- રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો જે અગાઉ 37% હતો, તે હવે 7% થયો છે.
- ઉપરોક્ત વિગતો શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા દ્વારા આપવામાં આવી હતી.

current663.wordpress.com

❖ મૈરાજને શૂટીંગ વર્લ્ડકપમાં સિલ્વર મેડલ :

- ભારતીય શૂટર મૈરાજ અહમદખાને રિયો ડી જાનેરો ખાતે યોજાયેલી ISSF (International Shooting Sports Federation) વર્લ્ડકપ શૂટીંગ ચેમ્પિયનશિપમાં ભારતને સ્કીટ ઈવેન્ટમાં પ્રથમ સિલ્વર મેડલ અપાવીને ઈતિહાસ રચ્યો છે.
- સ્વિડનના માર્ક સ્વેનસન સામે ફાઈનલમાં મૈરાજની હાર થતાં તેણે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.
- 40 વર્ષીય મૈરાજે ગોલ્ડ મેડલની મેચમાં 14 પોઈન્ટ હાંસલ કર્યા હતા અને શૂટ ઑફમાં એક પોઈન્ટ મળવાને કારણે તેને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો.
- આ વર્લ્ડકપમાં 88 દેશોમાંથી 23 દેશના શૂટર્સે 15 ઈવેન્ટમાં ભાગ લીધો હતો.
- આ અગાઉનું મૈરાજનું શ્રેષ્ઠ પ્રદર્શન 2010ની કોમનવેલ્થની શૂટીંગ ચેમ્પિયનશિપમાં ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ જીતવાનું છે.
- કુલ 26 વાર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લીધા બાદ મૈરાજને પ્રથમ વાર સિલ્વર મેડલ પ્રાપ્ત થયો છે.
- મૈરાજે ગયા વર્ષના સપ્ટેમ્બર માસમાં જ ISSF શોટગન વર્લ્ડકપમાં છઠ્ઠા ક્રમે રહીને રિયો ગેમ્સ માટે ક્વોલિફાયકરી લીધું છે.

❖ રોવર ખેલાડી દત્તુ ભોકાનલ રિયો ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય :

- ભારતીય નૌકાયાન(રોવર) ખેલાડી દત્તુ બબલ ભોકાનલે ક્વોલિફિકેશન ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીતીને ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું છે.
- તેણે દક્ષિણ કોરિયામાં ચાલી રહેલી ફિસા એશિયા ઓશિયાના ઓલિમ્પિક ક્વોલિફિકેશન ટુર્નામેન્ટના પુરૂષોના સિંગલ્સ ગ્રૂપમાં આ સિદ્ધિ મેળવી હતી.
- ભોકાનલે 2 કિમીનું અંતર 7 મિનિટ અને 7.63 સેકન્ડમાં પૂરૂ કરીને દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

❖ નડાલ બાર્સેલોના ચેમ્પિયનશિપમાં નવમી વખત ચેમ્પિયન :

- સ્પેનના રફેલ નડાલે ફાઈનલમાં જાપાનના કેઈ નિશીકોરીને 6-4, 7-5 થી હરાવીને બાર્સેલોના ઓપન ટેનિસ ટુર્નામેન્ટ નવમી વાર જીતી લીધી છે.
- આ વિજય સાથે જ નડાલે આર્જેન્ટિનાના મહાન ખેલાડી ગુલેર્મો વિલાના 49 ક્લે કોર્ટ ટાઈટલ જીતવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

❖ ISS ના ટ્રેડમિલ પર ટિમ પેકે દોડીને સુનિતા વિલિયમ્સનો રેકોર્ડ તોડ્યો ;

- બ્રિટિશ અંતરિક્ષયાત્રી ટિમ પેકે આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનમાં ટ્રેડમિલ ઉપર દોડવાનો નવો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે.
- તેણે લંડન મેરેથોન દરમ્યાન 3 કલાક 35 મિનિટ અને 21 સેકન્ડમાં 42.16 કિમીનું અંતર કાપ્યું હતું.
- 2007માં સુનિતા વિલિયમ્સે આ અંતર કાપવા માટે 4 કલાક 23 મિનિટ અને 10 સેકન્ડનો સમય લીધો હતો.

❖ 1 જાન્યુઆરીથી તમામ મોબાઈલમાં 'પેનિક' બટન ફરજિયાત :

- દેશમાં તમામ મોબાઈલમાં 1 જાન્યુઆરી, 2017થી પેનિક બટન આપવું ફરજિયાત કરવામાં આવ્યું છે.
- તેના કારણે લોકો ઈમરજન્સી કોલ સરળતાથી કરી શકશે.
- આ ઉપરાંત તમામ મોબાઈલમાં 1 જાન્યુઆરી, 2018 થી GPS નેવિગેશન સિસ્ટમ પણ ફરજિયાત બનાવવામાં આવી છે.
- ઉપરોક્ત વિગતો ટેલિકોમ પ્રધાન શ્રી રવિશંકર પ્રસાદ દ્વારા આપવામાં આવી છે.
- આ અંગે 22 એપ્રિલના રોજ જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે.
- ફીચર ફોન માટે 5 નંબર અથવા 9 નંબર દબાવીને ઈમરજન્સી કોલ લગાવી શકાય તેવી સુવિધા આપવામાં આવશે.

## April 27 2016

❖ રાજ્યસભામાં નામાંકિત સભ્યોએ શપથ લીધા :

- રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાં નામાંકિત સુબ્રમણ્યમ સ્વામી, મેરીકોમ, અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવ, સ્વપ્ન દાસગુપ્તા સહિત પાંચ વ્યક્તિઓએ રાજ્યસભાના સાંસદ તરીકે ગઈ કાલે શપથ લીધા.
- ભૂતપૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુ અને અભિનેતા સુરેશ ગોપીએ હજુ સુધી શપથ લીધા નથી.

❖ રૂ. 3600 કરોડના અગસ્તા સોદામાં ભૂતપૂર્વ એર ચીફ ત્યાગી દોષી : ઈટાલિયન કોર્ટ

- 2010માં અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટરનો સોદો કરવામાં આવ્યો હતો.
- મિલાન કોર્ટ મુજબ આ સોદા માટે 65 થી 100 કરોડ રૂપિયાની લાંચ અપાઈ હતી.

current663.wordpress.com

- મીડિયા રીપોર્ટ મુજબ કંપનીએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, તત્કાલિન સુરક્ષા સલાહકાર કે. નારાયણ અને તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે સોદા માટે લોબિંગ કર્યું હતું.
- અગસ્તા વેસ્ટલેન્ડ કંપનીએ રૂ. 3600 કરોડમાં 12 વી.વી.આઈ.પી. હેલિકોપ્ટર્સનો સોદો કર્યો હતો.

❖ સૌથી ઝડપી વોટર સ્લાઈડીંગનો રેકોર્ડ :

- યુ.એસ.ની કેન્સાસ સિટીના એક વોટરપાર્કમાં દુનિયાની સૌથી ઊંચી વોટર સ્લાઈડ આવેલી છે.
- વેરકટ નામની વ્યક્તિએ 105 કિમી/કલાકની ઝડપે 168 ફૂટની ઊંચાઈએથી સ્લાઈડીંગ કર્યું હતું.
- આથી હવે તેનું નામ ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવામાં આવ્યું છે.

❖ ગાંધીનગર મ્યુનિશિપલ કોર્પોરેશનની ચૂંટણી:

- તા. 26/04/2016ના રોજ પ્રસિદ્ધ થયેલાં પરિણામો મુજબ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટાઈની પરિસ્થિતિ નિર્માણ થઈ છે.
- અહીં ભાજપ અને કોંગ્રેસ બંનેને 16-16 બેઠકો પ્રાપ્ત થઈ છે.

❖ દેશી ગાયનું દૂધ વેચવા માટે વ્યવસ્થા :

- કેન્દ્ર સરકાર દેશી ગાયનું દૂધ ખરીદવા અને વેચવા માટે વ્યવસ્થા બનાવી રહી છે.
- આ વ્યવસ્થાનો હેતુ ખેડૂતો અને દેશી ગાયનું દૂધ ખરીદતા લોકોને રાહત આપવાનો છે.
- કૃષિ મંત્રી શ્રી રાધામોહન સિંહે આ માહિતી આપી હતી.

❖ IIT માં સંસ્કૃતનો વિવાદ :

- માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય પ્રધાન સ્મૃતિ ઈરાનીએ લોકસભામાં એક પ્રસ્તાવ મૂક્યો છે.
- તેમના પ્રસ્તાવ મુજબ IITના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભણાવવું જોઈએ.
- આ બાબતનો કેટલાક લોકો દ્વારા વિરોધ થતાં હવે તેણે વિવાદનું સ્વરૂપ ધારણ કર્યું છે.

current663.wordpress.com

- પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર એન. ગોપાલસ્વામીની અધ્યક્ષતા હેઠળ એક સમિતિ બની હતી. તેણે IITમાં સંસ્કૃત ભણાવવાનું સૂચન કર્યું હતું. જેથી સંસ્કૃત સાહિત્યમાં જણાવાયેલ વૈજ્ઞાનિક અને ટેકનિકલ તથ્યોનું વિશ્લેષણ કરી શકાય.

## ❖ ગેરમાર્ગે દોરતી જાહેરાતો બદલ સેલિબ્રિટિને દંડ :

- બી. બી. ટંડનની અધ્યક્ષતાવાળી સંસદીય સમિતિએ ગેરમાર્ગે દોરતી જાહેરાતોના મામલે સેલિબ્રિટીઓને પાંચ વર્ષ સુધીની કેદની ભલામણ કરી છે.
- આ સાથે જ રૂ. 50 લાખના દંડની પણ ભલામણ કરી છે.
- ગ્રાહક સંરક્ષણ બિલના સંબંધમાં સમિતિએ આ રીપોર્ટ આપ્યો છે. જેને મંગળવારે સંસદમાં રજૂ કરાયો હતો.
- આ બિલ 30 વર્ષ જૂના ગ્રાહક સંરક્ષણ કાયદાની જગ્યાએ નવો કાયદો ઘડવા માટે લાવવામાં આવ્યું છે.
- રીપોર્ટ મુજબ પહેલી વાર દોષી સાબિત થવા પર બે વર્ષ સુધીની જેલ અને રૂ. 10 લાખનો દંડ ફટકારવામાં આવશે. બીજીવાર દોષી સાબિત થવા પર પાંચ વર્ષની કેદ અને રૂ. 50 લાખનો દંડ ફટકારવામાં આવશે.
- એડવર્ટાઈઝીંગ કાઉન્સીલ ઑફ ઈન્ડીયાને ખોટી જાહેરાતોનો નિવેડો લાવવા માટે કાનૂની અધિકાર આપવા ઉપરાંત આ મામલે સંડોવાયેલા તમામ લોકોને સજા આપવા અને તેમના લાઈસન્સ રદ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

## ❖ ગતિશીલ ગુજરાતના ચોથા તબક્કાનો પ્રારંભ :

- મુખ્યમંત્રીએ 'ગતિશીલ ગુજરાત'ના ચોથા તબક્કાનો સચિવાલય ખાતેથી પ્રારંભ કર્યો છે.
- આ તબક્કામાં લોકોને સીધા સ્પર્શતા 251 મુદ્દા આવરી લેવાયા છે અને તેની કામગીરી 151 દિવસમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક વહીવટીતંત્રને આપવામાં આવ્યો છે.
- મુખ્યમંત્રીએ જિલ્લા વહીવટીતંત્રને લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે વધુ જવાબ્દારી સોંપી છે. અધિકારીઓની ટીમ દર અઠવાડિયે એક ગામની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનો સ્થળ પર જ નિવારણ લાવે તેવી વ્યવસ્થા કરી છે.
- આ તબક્કમાં 19 થીમમાં કુલ 251 મુદ્દા સમાવાયા છે, જેમાં વનબંધુ વિકાસ, આરોગ્યલક્ષી કાર્યક્રમો, કૃષિને લગતી બાબતો, લોકોની સલામતી, માળખાકીય સેવાઓ સુદૃઢ બનાવવા સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં 300 ગામડાંઓને સ્માર્ટ વિલેજ બનાવવાની યોજના પણ જાહેર કરી છે. આ ગામડાંઓને શહેરોના જેવી જ પાયાની સુવિધાઓ

અપાશે. ગતિશીલ ગુજરાતના ચોથા તબક્કાની સાથે જ આગામી 1 લી મે એ ગુજરાત સ્થાપના દિનથી લઈને 2 ઑક્ટોબર ગાંધી જ્યંતિ સુધીમાં સ્માર્ટ વિલેજના નિર્માણનું કામ શરૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

❖ 1લી મેના રોજ જુનાગઢમાં રન ફોર ગુજરાત :

- ગુજરાતના સ્થાપના દિને જૂનાગઢમાં 'રન ફોર ગુજરાત'ની દોડ લગાવવામાં આવશે.
- સવારે 7 વાગ્યે બહાઉદ્દીન કોલેજ ખાતેથી તેની શરૂઆત થશે.
- દોડની થીમ 'પાણી બચાવો'ની રખાઈ છે.

❖ પેટ્રોલ કંપનીઓને વેપર રીકવરી સિસ્ટમ લગાવવા આદેશ :

- કેન્દ્ર સરકારે બધી જ ઓઈલ કંપનીઓને 6 મહિનાની અંદર પેટ્રોલ ડીઝલ અથવા સીએનજી ભરવાની પાઈપની નોઝલમાં ઈનબિલ્ટ વેપર રીકવરી સિસ્ટમ લગાવવાનું ફરજિયાત કરી દીધું છે.
- જો કે કંપનીઓએ અસ્થાયી રીતે આ સિસ્ટમ લગાવવાની વાત કરી છે. પરંતુ સરકાર આનું સ્થાયી સમાધાન ઈચ્છે છે.
- આ સિસ્ટમ લગાવવાથી પાઈપની અંદરનો ગેસ ટેન્કના બદલે પાછો અંદર જતો રહેશે અને બહાર માત્ર તરલ પદાર્થ જ આવશે. તેના કારણે હવે ગ્રાહકો છેતરાશે નહીં.

❖ નેશનલ નેચરલ હિસ્ટ્રી ઑફ મ્યુઝીયમમાં આગ :

- નવી દિલ્હીમાં મંડી હાઉસ સ્થિત નેશનલ નેચરલ હિસ્ટ્રી ઑફ મ્યુઝીયમમાં ગત રાત્રે આગ લાગી હતી.
- આથી આ મ્યુઝીયમની તમામ વસ્તુઓ બળી ગઈ છે.
- અહીં રાખવામાં આવેલી પ્રાણીઓના ચામડાની દુર્લભ વસ્તુઓ પણ બળીને રાખ થઈ ગઈ છે.

❖ મુંબઈ દેશનું સૌથી ઘોંઘાટીયું શહેર છે, એમ તાજેતરના એક રીપોર્ટમાં બહાર આવ્યું છે.

❖ NSS (રાષ્ટ્રીય સેવા યોજના)ને એક વિષય તરીકે ભણાવવામાં આવશે. યુ.જી.માં ગૌણ વિષય તરીકે પણ રાખી શકાય એમ માનવામાં આવી રહ્યું છે.

# April 28 2016

- ❖ આજે વિશ્વ કર્મચારી સુરક્ષા અને સ્વાસ્થ્ય દિવસ
- ❖ જૈક મા એશિયાની સૌથી ધનિક વ્યક્તિ :
  - ➢ ઓનલાઈન રીટેલ કંપની અલીબાબાના ચેરમેન જૈક મા એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે.
  - ➢ તેમણે વાંડા ગ્રૂપના વાંગ જિયાનલીનને પાછળ મૂકી આ સ્થાન પ્રાપ્ત કર્યું છે.
  - ➢ બ્લૂમબર્ગ ઈન્ડેક્ષના જણાવ્યા પ્રમાણે જૈક માની કુલ સંપત્તિ 2.21 લાખ કરોડ રૂપિયા છે.

- ❖ ગ્લોબલ MBA રેન્કીંગમાં IIM-Aને 24મો રેન્ક મળ્યો :
  - ➢ ફાઈનાન્સીયલ ટાઈમ્સના ગ્લોબલ એમ.બી.એ. રેન્કીંગ-2016માં આઈ.આઈ.એમ.-અમદાવાદને 24મો રેન્ક મળ્યો છે.
  - ➢ આ રેન્કીંગમાં ગયા વર્ષે અમદાવાદનો રેન્ક 26મો હતો.
  - ➢ વિશ્વના શ્રેષ્ઠ ફૂલટાઈમ એમ.બી.એ. પ્રોગ્રામ્સને દર વર્ષે ફાઈનાન્સીયલ ટાઈમ્સ દ્વારા રેન્કીંગ આપવામાં આવે છે.
  - ➢ આઈ.આઈ.એમ.-અમદાવાદમાં મહિલા અધ્યાપકો, વિદ્યાર્થીનીઓ અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં વધારો થયો હોવાથી રેન્કમાં સુધારો થયો છે. અહીં મહિલા અધ્યાપકોનું પ્રમાણ વધીને 19% થયું છે. જ્યારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ 4% નોંધાયા છે.
  - ➢ છેલ્લા પાંચ વર્ષના અમદાવાદના રેન્ક :

| ક્રમ | વર્ષ | રેન્ક |
|---|---|---|
| 1 | 2011 | 11 |
| 2 | 2012 | 11 |
| 3 | 2013 | 30 |
| 4 | 2014 | 26 |
| 5 | 2015 | 24 |

- ❖ ફિલ્મ 'સંતા બંતા' સામે હાઈકોર્ટમાં રીટ :
  - ➢ બોલિવુડની ફિલ્મ 'સંતા બંતા' સામે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે.
  - ➢ અરજદાર અનિલ દુબે દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે.

- અનિલ દુબેના એડવોકેટ પ્રકાશ કસવાલાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે જુનિયર કેજીની 'મછલી જલ કી રાની હે, બહાર નિકાલો તો મર જાયેગી' એ કવિતાના શબ્દોની નકલ કરીને આ ફિલ્મમાં એક ગીત છે. 'મછલી જલ કી રાની હે, દારૂ સંગ ખાની હે' એ મુજબના આ ફિલ્મના ગીતનો વિરોધ કરવામાં આવ્યો છે.
- આ કવિતા એજ્યુકેશનલ સોન્ગ છે અને તે જુનિયર કેજીમાં ભણાવવામાં આવે છે. આ પ્રકારના ગીતની અસર લોઅર પ્રાઈમરી એજ્યુકેશનના વિદ્યાર્થીઓ પર પડી શકે છે. આથી આ ગીતના શબ્દો દૂર કરવા દાદ માંગવામાં આવી છે.

❖ ઘન કચરાના નિકાલમાં ગુજરાતની પહેલ :

- શહેરમાંથી નીકળતા ઘન કચરામાંથી ઓર્ગેનિક ખાતર બનાવવામાં ગુજરાતે દેશમાં પહેલ કરી છે.
- હાલ કચરામાંથી 19 હજાર મેટ્રિક ટન સિટી કમ્પોસ્ટ ખાતરનું ઉત્પાદન થઈ રહ્યું છે.
- આ સંબંધમાં GNFC (ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કોર્પોરેશન) દ્વારા અમદાવાદ કોર્પોરેશન, સુરેન્દ્રનગર, મોરબી અને પાટણ નગરપાલિકા સાથે કરાર કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરના કૃષિભવન ખાતેથી કૃષિમંત્રી શ્રી બાબુભાઈ બોખિરિયાએ GNFC સીટી કમ્પોસ્ટ ઓર્ગેનિક ખાતરના માર્કેટીંગના પ્રથમ જથ્થાને રવાના કર્યો હતો.

❖ તરુણી સુવિધા યોજના :

- માસિક ઋતુચક્ર દરમ્યાન સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર કિશોરીઓને સેનેટરી નેપકીન આપશે.
- છ સેનેટરી નેપકીનનું એક પેકેટ રૂ. 1 ના દરે 10 થી 19 વર્ષ સુધીની કિશોરીઓને અપાશે.
- આ તરુણી સુવિધા કાર્યક્રમ હેઠળ આશરે રાજ્યની 40 લાખ યુવતીઓને નેપકીન આપવામાં આવશે. આ વર્ષના બજેટમાં પણ સેનેટરી નેપકીન્સ માટે નાણાંની જોગવાઈ કરાઈ છે.
- આ યોજના હેઠળ ચાર જિલ્લાઓમાં છ સેનેટરી નેપકીનનું રૂ. 6 ના દરે વિતરણ કરાતું હતું. પરંતુ આ યોજનાનો હવે વિસ્તાર કરવામાં આવ્યો છે.
- સ્કૂલ - કોલેજોમાં અભ્યાસ કરતી કિશોરીઓને આગામી નવા શૈક્ષણિક વર્ષથી વિતરણ કરવામાં આવશે. આંગણવાડીની આશા બહેનો દ્વારા સેનેટરી નેપકીનનું વિતરણ કરાશે.


current663.wordpress.com

❖ ટ્રાઈનો રીપોર્ટ :

- દેશમાં ટેલિફોન ગ્રાહકોની સંખ્યા વધીને 105 કરોડ સુધી પહોંચી ગઈ છે.
- આ ઉપરાંત વાયરલેસ ગ્રાહકોનો આંકડો પણ 102 કરોડ પર પહોંચ્યો છે.

❖ દીપીકાએ કરી વર્લ્ડ રેકોર્ડની બરાબરી :

- વિશ્વની ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત તથા કોમનવેલ્થમાં બે વખત ગોલ્ડ મેડલ વિજેતા ભારતની તીરંદાજ દીપીકા કુમારીએ શાંઘાઈમાં યોજાયેલા આર્ચરી વર્લ્ડકપમાં વિમેન્સ રિકર્વ ઈવેન્ટમાં 72 તીર (એરો) સાથે 686નો સ્કોર કરીને લંડન ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડાલિસ્ટ કોરિયાની કી બો બેઈના રેકોર્ડને સરભર કર્યો છે.

❖ હર્ડલર ફેલિક્સ સાંચેઝે સંન્યાસ લીધો :

- અમેરિકન 400 મીટર હર્ડલર ફેલિક્સ સાંચેઝે સંન્યાસની જાહેરાત કરી છે.
- 38 વર્ષીય સાંચેઝે લંડન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ અગાઉ તેણે એથેન્સ ઓલિમ્પિક (2004)માં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- પરંતુ આ વખતે તેઓ રિયોમાં ઉતરશે નહીં.
- તેમણે પોતાની કારકિર્દીમાં 2001 થી 2004 સુધી સતત 43 હર્ડલ મેચ જીતી છે.

❖ વિમ્બલ્ડનની ઈનામી રકમમાં વધારો :

- ગ્રાન્ડસ્લેમ ટેનિસ ચેમ્પિયનશિપ વિમ્બલ્ડનની કુલ ઈનામી રકમમાં ગયા વર્ષની તુલનામાં 5%નો વધારો કરવામાં આવ્યો છે.
- હવે વિમ્બલ્ડનની પુરસ્કારની કુલ રકમ 2.81 લાખ પાઉન્ડ થઈ ગઈ છે.
- ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ ક્લબ (એઈએલટીસી)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે મેન્સ અને વિમેન્સ વિજેતા ખેલાડીઓને અત્યાર સુધી 18.8 લાખ પાઉન્ડની રકમ આપવામાં આવતી હતી. તેની જગ્યાએ હવે 20 લાખ પાઉન્ડ આપવામાં આવશે.
- અત્રે ઉલ્લેખનીય છે કે વિમ્બલ્ડનની ઈનામી રકમમાં વધારો કરાયો હોવા છતાં પણ તમામ ગ્રાન્ડસ્લેમમાં યુએસ ઓપનની ઈનામી રકમ સૌથી વધુ છે.

❖ મહારાષ્ટ્રમાં IPL નહીં રમાય : સુપ્રિમ કોર્ટ

❖ પાક.માં સૈન્યની ફિલ્મ પર પ્રતિબંધ :

- પાકિસ્તાન દ્વારા અત્યાર સુધી ભારતીય ફિલ્મો પર પ્રતિબંધ લગાવવામાં આવતો હતો.
- પરંતુ હવે ત્યાં સૈન્યની ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



current663.wordpress.com

- તાજેતરમાં રીલીઝ થયેલ 'માલિક' નામની ફિલ્મ પર ત્યાં દેશવ્યાપી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ફિલ્મ ઉગ્રવાદ સંબંધિત છે. આ ફિલ્મમાં સૈન્યનાં ગુણગાન ગવાયા છે અને રાજનેતાઓને ખરાબ છબીવાળા દર્શાવવામાં આવ્યા છે.
- આ ફિલ્મ પાકિસ્તાની સૈન્યની મીડિયા શાખાના સહયોગથી બનાવવામાં આવી છે. ફિલ્મ મૂળ ઉર્દુ ભાષામાં બનાવવામાં આવી છે.

❖ કોહિનૂર રાજા રણજિતસિંહે અંગ્રેજોને આપ્યો હતો : પાકિસ્તાન

- પાકિસ્તાને હવે એવું નિવેદન આપ્યું છે કે કોહિનૂર હીરો બ્રિટન પાસેથી પરત લાવી ન શકાય.
- પાકિસ્તાનના પંજાબ પ્રાંતની સરકારે લાહોર હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે મહારાજા રણજિતસિંહે 1849માં ઈસ્ટ ઈન્ડીયા કંપની સાથે સમજૂતી કરીને કોહિનૂર બ્રિટનને આપ્યો હતો.

❖ અંગ્રેજોની એફ.આઇ.આર. કે કેસમાં શહીદ ભગતસિંહનું નામ ન હતું :

- ભગતસિંહ મેમોરિયલ ફાઉન્ડેશન પાકિસ્તાનના ચેરમેન ઈમ્તિયાજ રાશિદ કુરૈશી પોતાની ટીમ સાથે ભારત આવ્યા છે.
- તેમણે કહ્યુ કે ફાઈલોની તપાસમાં બહાર આવ્યું છે કે ભગતસિંહ અને તેમના સાથીઓના નામ અંગ્રેજ સરકારની એફ.આઇ.આર.માં નથી. તેમ છતાં તેમને સજા આપવામાં આવી હતી.
- આ કારણે તેમના તરફથી આ કેસ રીઓપન કરાયો છે.
- ટીમે ભારતમાં ભગતસિંહના પૈતૃક ગામ ખટ્કડકલાની મુલાકાત પણ લીધી હતી.

❖ યુ.એસ.માં ટ્રમ્પનો પાંચ રાજ્યોમાં વિજય અને હિલેરીને ચારમાં વિજય મળ્યો.

❖ વિદેશી રોકાણમાં ગુજરાત મોખરે :

- એશિયા પેસિફિક રિજિયનમાં આવતા દેશોમાં સીધું વિદેશી મૂડી રોકાણ મેળવવામાં દસ રાજ્યોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- દેશનાં અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ઝારખંડનો પણ સમાવેશ થાય છે.
- FDIના મામલે ગુજરાતે ચીનના શાંઘાઈ રાજ્યને પણ પાછળ મૂકી દીધું છે.

❖ અમદાવાદમાં એર-શો :

- અમદાવાદમાં સતત બીજા વર્ષે ગાંધીબ્રિજથી નહેરુબ્રિજ વચ્ચે રિવરફ્રન્ટ પર યુકેની ગ્લોબલ સ્ટાર ટીમ દ્વારા એર-શોનુ આયોજન કરવામાં આવ્યું છે.
- આ એર શો 29 એપ્રિલથી 1 મે સુધી સવારે 10 વાગે અને સાંજે 4 વાગે યોજાશે.

❖ નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ હવે 3 વર્ષ સુધી માન્ય :

- બક્ષીપંચના વિદ્યાર્થીઓએ મેળવવાનું નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ હવે 3 વર્ષ સુધી માન્ય રહેશે એવો નિર્ણય રાજ્ય સરકારે જાહેર કર્યો છે.
- આ નિર્ણયનો અમલ 1 એપ્રિલ, 2016થી થશે.
- જો કે કેન્દ્ર સરકારની ભરતી પ્રક્રિયા માટે આ નિયમો લાગુ પડશે નહીં.
- હાલમાં નોન ક્રિમિલેયર માટે આવકની મર્યાદા રૂ. 6 લાખની રાખવામાં આવેલ છે.

❖ **UJALA : Unnat Jyoti by Affordable LEDs for All :**

- ઉજાલા યોજના અંતર્ગત 10 કરોડથી વધુ LED બલ્બનું વિતરણ કરવામાં આવશે.
- આવનારા 3 વર્ષમાં 77 કરોડ LED બલ્બનું વિતરણ કરવાનું લક્ષ્ય છે.
- તેના પરિણામે પ્રતિ વર્ષ 10.5 મિલિયન ટન $CO_2$નું ઉત્સર્જન ઘટશે.

## April 29 2016

❖ ઉત્તર ભારતમાં ચાર રાજ્યોમાં અણુ વીજમથકો સ્થપાશે :

- સરકાર ઉત્તર ભારતમાં અણુ વીજમથકો સ્થાપવા માંગે છે.
- જેમાં ઉત્તરાખંડ અને પંજાબમાં એક-એક વીજમથક સ્થપાશે તેવી માહિતી લોકસભામાં આપવામાં આવી હતી.
- વડાપ્રધાન કાર્યાલયના રાજ્ય કક્ષાના પ્રધાન જિતેન્દ્રસિંહે માહિતી આપી હતી કે ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં સરકાર અણુ વીજમથકો સ્થાપશે.
- આ ઉપરાંત કાકરાપાર વીજમથકમાં થયેલા ગળતર સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે અણુસ્ત્રાવને એક થી સાત ક્રમ અપાય છે, જેમાં આ ગળતર માત્ર પ્રથમ ક્રમનું હતું. આથી તેને એક ઘટના કહી શકાય. તે અકસ્માત નથી.

❖ ઝારખંડના જમશેદપૂર ખાતે યોજાયેલ પંચાયતીરાજ દિનની ઉજવણી :

- ગ્રામોદયથી ભારત ઉદય અભિયાન હેઠળ ઝારખંડ રાજ્યના જમશેદપુરના ટાટાનગર ખાતે યોજાયેલ પંચાયતીરાજ દિનની ઉજવણીના સમારોહમાં ગુજરાતની ગાંધીનગર જિલ્લા પંચાયતને શ્રેષ્ઠ જિલ્લા પંચાયતનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

current663.wordpress.com

- આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અમરાપર-ખરણા ગ્રામ પંચાયતને શ્રેષ્ઠ ગ્રામપંચાયત તથા માણસા તાલુકાના મોતીપુર વેડાની ગ્રામસભાને શ્રેષ્ઠ ગ્રામસભાનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

❖ મિસ ક્વીન ઑફ ઈન્ડીયા :

- કોચીમાં યોજાયેલ મિસ ક્વીન ઑફ ઈન્ડીયા સૌંદર્ય સ્પર્ધામાં મુંબઈની અંકિતા કરાત વિજેતા થઈ છે.
- આ સ્પર્ધામાં ચિકમંગલુરની રશ્મિતા ગૌડા પ્રથમ રનર-અપ અને બેંગલુરુની ઐશ્વર્યા દાનિશ દ્વિતીય રનર-અપ રહી હતી.

❖ ગંગામાં હવે ઈ-બોટ્સ :

- ગંગા નદીમાં હવે ઈ-બોટ્સનો ઉપયોગ જોવા મળશે.
- વડાપ્રધાન 1 લી મેના રોજ કાશીની મુલાકાત લેવાના છે. આ વખતે તેઓ ભારતની પ્રથમ ઈ-બોટ લોન્ચ કરશે.
- તે ઉપરાંત તેઓ ડીરેકા મેદાનમાં ઈ-રિક્ષાનું પણ લોન્ચિંગ કરશે.
- આ શરૂઆત ગંગાને પ્રદૂષણ મુક્ત બનાવવાના પ્રયાસના ભાગરૂપ છે.
- શરૂઆતમાં 11 ઈ-બોટ તૈયાર કરવામાં આવી રહી છે. 1 વર્ષમાં બનારસમાં ટ્રેડીશનલ બોટ્સને 3000 બેટરી ઓપરેટેડ બોટ્સમાં ફેરવવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

❖ ગુજકેટના બદલે હવે નીટ :

- સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ગુજરાત રાજ્યમાં મેડીકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે 2016ના વર્ષથી નીટ (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.
- આગામી 10 મી મેના રોજ ગુજકેટ આપી રહેલા વિદ્યાર્થીઓ તેનાથી મૂંઝવણમાં મૂકાયા છે. કારણ કે બંનેનો સિલેબસ અલગ હોવાથી ઓછા સમયમાં તૈયારી કરવી મુશ્કેલ છે.

❖ **સૌથી વધુ વેતન મેળવતા 100 CEOમાં ત્રણ ભારતીય ;**

- ત્રણ ભારતીય વિશ્વના સૌથી વધુ વેતન મેળવતા CEOમાં સામેલ થયા છે.
- તેમાં લિયોન્ડેલબેસલના ભાવેશ પટેલ, પેપ્સીકોના ઈન્દ્રા નૂયી અને માઈક્રોસોફ્ટના સત્યા નદેલાનો સમાવેશ થાય છે.
- ઈક્વિલર સંસ્થાના જણાવ્યા પ્રમાણે તેમના પગાર નીચે મુજબ છે.

current663.wordpress.com

| ક્રમ | નામ | કંપની | પગાર | 100 CEOમાં ક્રમ |
|---|---|---|---|---|
| 1 | ભાવેશ પટેલ | લિયોન્ડેલબેસલ | 163 કરોડ | 6 |
| 2 | ઈન્દ્રા નૂયી | પેપ્સિકો | | 8 |
| 3 | સત્યા નદેલા | માઈક્રોસોફ્ટ | 122 કરોડ | 26 |

❖ પાકિસ્તાન અને ચીન સંયુક્ત રીતે લડાકુ વિમાનો બનાવશે :

- તાજેતરમાં જ ચીન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે તે પાકિસ્તાનને JF-17 થંડર પ્રકારના 110 લડાકુ વિમાનો આપશે.
- હવે ચીન પાકિસ્તાન સાથે મળીને JF-17 B પ્રકારના નવા વિમાનો બનાવશે.
- ચીન સાથે થયેલા કરાર મુજબ આગામી ત્રણ વર્ષમાં JF-17 થંડર 50 વિમાનો પાકિસ્તાનની વાયુસેનામાં જોડાશે.

❖ 'રઈસ' સામે 101 કરોડનો દાવો :

- શાહરૂખ ખાનની 'રઈસ' ફિલ્મ સામે 101 કરોડનો દાવો કરવામાં આવ્યો છે.
- આ દાવો ડોન લતીફના પુત્ર મુસ્તાક અહેમદ અબ્દુલ લતીફ શેખ દ્વારા કરવામાં આવ્યો છે. આ ફિલ્મ લતીફ પર આધારિત છે.
- અબ્દુલ લતીફના કહેવા પ્રમાણે ફિલ્મમાં કેટલાંક એવાં દૃશ્યો છે જેનાથી તેના પિતાની છબી ખરડાય છે.

❖ ઈસરોનું 'નાવિક' અભિયાન :

- ઈસરોએ ઈન્ડીયન રીજીયોનલ નેવીગેશનલ સેટેલાઈટ સિસ્ટમ (IRNSS)નો અંતિમ 7મો ઉપગ્રહ ભ્રમણ કક્ષામાં સફળતાપૂર્વક પ્રસ્થાપિત કર્યો છે.
- ઈસરોના વૈજ્ઞાનિકો 17 વર્ષથી આ કામમાં લાગેલા હતા.
- જો કે 1420 કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટને સરકારે 2006માં જ મંજૂરી આપી દીધી હતી.
- ભારત 1973થી GPS સંબંધમાં અમેરિકા પર નિર્ભર રહ્યું છે અને કારગીલ યુદ્ધ વખતે પાકિસ્તાની ઘૂસણખોરોની સ્થિતિ દર્શાવવા બાબતની ભારતની રજૂઆત છતાં અમેરિકાએ તેનો ઈન્કાર કરી દીધો હતો.
- આ સફળતાની સાથે જ ભારત હવે દુનિયાનો ત્રીજો દેશ બની ચૂક્યો છે, જેને પોતાની નેવિગેશન સિસ્ટમ છે.
- આ સિવાય અમેરિકા અને રશિયા પાસે પોતાની નેવિગેશન સિસ્ટમ છે.

current663.wordpress.com

- આ સિવાય ભારત હવે જીપીએસ સિસ્ટમ ધરાવતા પાંચ દેશોની સાથે ઊભુ રહી શકશે. આ પાંચ દેશોમાં અમેરિકા, રશિયા, યુરોપીયન સંઘ, ચીન અને જાપાનનો સમાવેશ થાય છે.
- નેવિગેશનની મર્યાદિત સેવા જુલાઈ 2016થી શરૂ થઈ જશે. પરંતુ સંપૂર્ણ કામ શરૂ થતાં અને નાગરિકો માટે સેવા ઉપલબ્ધ બનતાં હજુ દોઢ વર્ષનો સમય લાગશે એમ ઈસરોના વૈજ્ઞાનિક ડી. પી. કાર્ણિક દ્વારા જણાવવામાં આવ્યું હતું.
- ઈસરોએ પૃથ્વીથી ઉપર 36,000ની ઊંચાઈએ કક્ષામાં 7 ઉપગ્રહ સ્થાપિત કર્યા છે. તેમાં 4 જિયોસિન્ક્રોનસ અને 3 જિયોસ્ટેશનરી છે.
- આ ઉપગ્રહના સફળ પ્રસ્થાપન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તેને 'નાવિક' નામ આપ્યુ છે.
- આ શ્રેણીનો પ્રથમ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં 2013માં પ્રસ્થાપિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 2014માં બે, 2015માં 1 અને 2016માં 3 ઉપગ્રહો પ્રસ્થાપિત થતાં આ પ્રણાલી હવે સંપૂર્ણ બની છે.
- 1425 કિગ્રા તેનું કુલ વજન છે. આ ઉપગ્રહને માત્ર 20 મિનિટમાં જ PSLV-C33 દ્વારા 497.8 કિમીની ઊંચાઈએ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.
- આ સેવાના ભારતને લાભ :
  - ☞ અમેરિકા પરના આધાર પરથી છૂટકારો મળશે.
  - ☞ સેનાને પોતાની નેવિગેશન, પોઝીશનીંગ અને જિયો મેપિંગની સુવિધા મળશે. ભારતની સરહદની આસપાસ 1500 કિમી સુધી નજર રાખી શકાશે.
  - ☞ કુદરતી આફતોમાં દેખરેખમાં મદદ મળશે.
  - ☞ સ્થાનિક મોબાઈલ લોકેશન મેળવી શકાશે.
  - ☞ જહાજ, વિમાન, બસ, રેલવેની સચોટ જાણકારી મળશે.
  - ☞ વિઝ્યુઅલ – વોઈસ નેવિગેશનથી ડ્રાઈવરો માટે સુવિધાજનક રસ્તાની જાણકારી મળશે.

❖ **T-20**માં વર્લ્ડ રેકોર્ડ :

- T-20માં ઈરાક થોમસે માત્ર 21 બોલમાં સદી ફટકારીને વર્લ્ડ રેકોર્ડ કર્યો છે.
- 23 વર્ષીય ઈરાકે વેસ્ટ ઈન્ડીઝમાં ટોબેકો ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજીત ટુર્નામેન્ટમાં આ રેકોર્ડ બનાવ્યો છે.

# April 30 2016

❖ ગરીબ સવર્ણોને 10% અનામત :

- અનામત આંદોલનનો અંત લાવવા સરકારે 29 એપ્રિલના રોજ ગરીબ સવર્ણો માટે 10% અનામતની જાહેરાત કરી છે.
- મુખ્યમંત્રીની હાજરીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી વિજય રૂપાણીએ આ જાહેરાત કરી હતી.
- જનરલ કેટેગરીમાં આવતી તમામ જ્ઞાતિઓને શિક્ષણ અને નોકરીમાં આ અનામતનો લાભ મળશે. 1લી મેના રોજ ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે આ અંગે વટહૂકમ બહાર પાડવામાં આવશે. આ વર્ષના જૂન માસથી આ અનામતનો અમલ શરૂ થશે.
- આ માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. 6 લાખ રાખવામાં આવી છે.
- રાજ્યની અનામત પરિસ્થિતિ પર એક નજર :
  1. સવર્ણોને શિક્ષણ અને નોકરીમાં 10% અનામત.
  2. SC-ST-OBCની 49% અનામત યથાવત.
  3. રાજ્યમાં હવે અનામત કેટેગરી 59% થઈ.
  4. Economic Backward Class માટે આવકની મર્યાદા રૂ. 6 લાખ રખાઈ.
- કેન્દ્રનો આ સંબંધમાં 1991નો પ્રયાસ :
  - ☞ નરસિંહરાવ સરકારે 1991માં 25 સપ્ટેમ્બરના રોજ આર્થિક પરિસ્થિતિના આધારે 10% અનામતનું જાહેરનામું બહાર પાડ્યું હતું.
  - ☞ સુપ્રિમ કોર્ટે તેને ગેરકાયદે ઠરાવ્યું હતું.
  - ☞ સુપ્રિમ કોર્ટની 9 જજોની બેન્ચે કહ્યું હતું કે અનામતનો આધાર આવકને માની શકાય નહીં. કોર્ટે કહ્યુ હતુ કે બંધારણની કલમ 16(4)માં અનામત જૂથને અપાય છે, વ્યક્તિને નહીં.
- અન્ય રાજ્યોમાં અનામત :
  - ☞ હરિયાણા સરકારે તાજેતરમાં જાટ સહિત 6 જાતિઓ માટે 10% અનામતની જાહેરાત કરી છે. તેમના માટે નવી બેકવર્ડ કેટેગરી  ક્લાસ-સી બનાવી છે. રાજ્યમાં કુલ 67% અનામત છે.
  - ☞ રાજસ્થાને ગૂર્જરો સહિત 5 જ્ઞાતિઓ માટે 5% અનામતની જાહેરાત કરી છે. અહીં સ્પેશ્યલ બેકવર્ડ ક્લાસ બનાવવામાં આવ્યો છે.

current663.wordpress.com

❖ અમદાવાદ એરપોર્ટ પર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવાશે :

- અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોડી રાતે ફોર વ્હીલર પાર્કિંગ કરવાને લઈને પ્રવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.
- હાલમાં પાર્કિંગની ક્ષમતા 400 વાહનોની છે. તેના કારણે બાકીના વાહનો લોકો રસ્તામાં જ પાર્ક કરી દેતા હોઈ ટ્રાફીકની સમસ્યા ઉભી થાય છે.
- આથી હવે આ ક્ષમતા 1000ની કરવા માટે અહીં મલ્ટીલેવલ પાર્કિંગ બનાવાશે.

❖ 139 પર કોલ કરવાથી રેલ ટિકીટ કેન્સલ થશે :

- હવે રેલવે ટિકિટ કેન્સલ કરાવવા માટે સ્ટેશને જવું નહીં પડે કે રેલવેની વેબસાઈટ પણ ખોલવી નહીં પડે.
- હવે માત્ર 139 નંબર પર ફોન કે એસ.એમ.એસ. કરીને પણ ટિકિટ કેન્સલ થઈ શકશે.
- રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભુએ ગઈ કાલે આ જાહેરાત કરી હતી.
- આ ઉપરાંત પેસેન્જર IRCTCની વેબસાઈટ પરથી આંતરરાષ્ટ્રીય ડેબિટ કે ક્રેડીટ કાર્ડથી પણ ઈ-ટિકિટ બુક કરી શકશે.

❖ પિન્કી 8 વર્ષ બાદ ટ્રેક પર પરત :

- વિવાદાસ્પદ એશિયન ગેમ્સની ગોલ્ડ મેડલ વિજેતા પિંકી પ્રમાણિક 8 વર્ષ બાદ ટ્રેક પર પરત ફરી છે.
- 30 વર્ષીય પિન્કી પર અગાઉ 2012માં તેની એક મહિલા મિત્રએ તેના પર દુષ્કર્મનો આરોપ લગાવ્યો હતો અને તેના લિંગ પરીક્ષણની માંગ કરી હતી.
- જો કે કોલકાતા હાઈકોર્ટે પિન્કીને દુષ્કર્મના અને છેતરપિંડીના આરોપમાંથી મુક્ત કરી હતી.
- હાલમાં તે રિયો ઑલિમ્પિક માટે તૈયારીઓ કરી રહી છે.

❖ **EPF (Employees Provident Fund)** પર સરકારે વ્યાજ દર ફરીથી 8.8 % કર્યો :

- સરકારે વર્ષ 2015-16ના વર્ષ માટે ઈ.પી.એફ. પર 8.8% વ્યાજ આપવાનો નિર્ણય કર્યો છે.
- નાણા મંત્રાલય દ્વારા ગત સપ્તાહે 8.7% વ્યાજદરને બહાલી આપવામાં આવી હતી.
- શ્રમ પ્રધાન બંડારુ દત્તાત્રેયે આ જાહેરાત કરી હતી.
- ગયા નાણાકીય વર્ષમાં 8.75% વ્યાજ ચૂકવવામાં આવતુ હતું.

❖ વિશ્વના સૌથી ઊંચા ત્રિરંગાનું અપમાન :

- પહાડી મંદિર પર લગાવવામાં આવેલા વિશ્વના સૌથી ઊંચા તિરંગાને મજૂરોએ ગુરુવારે ખેંચી-ચિંથરા કરીને નીચે ઉતાર્યો હતો.
- છેલ્લા 10 દિવસથી અહીં ફાટી ગયેલો તિરંગો ફરકતો હતો.
- આ તિરંગો 23 જાન્યુઆરીએ ફરકાવવામાં આવ્યો હતો. સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે તેનું ઉદઘાટન કર્યું હતું.
- આ તિરંગો ઉતારવા માટે પોલ પાસે માંચડો બનાવવામાં આવી રહ્યો હતો. પરંતુ ગુરુવાર સુધી આ કામ પૂરુ ન થઈ શક્યું અને તિરંગો વધારે ફાટી ગયો.
- તેનો લીલો ભાગ ફાટીને ટુકડા થઈ ગયો પછી બપોરે ત્યાં કામ કરી રહેલા મજૂરોએ તેને ખેંચીને ચિંથરા કરીને ઉતારી દીધો.

❖ દિલ્હીમાં નેતાજીનું વિશાળ સ્મારક :

- દેશની રાજધાની નવી દિલ્હીમાં નેતાજી સુભાષચંદ્ર બોઝનું સ્મારક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ સાથે જ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી મહેશ શર્માએ નેતાજીને લગતી 25 ફાઈલો જાહેર કરી હતી. તેમાંથી પાંચ-પાંચ ફાઈલો વડાપ્રધાન કાર્યાલય અને ગૃહ મંત્રાલય સાથે તેમજ 15 ફાઈલો વિદેશ મંત્રાલય સાથે સંકળાયેલી છે. આ ફાઈલો 1956 થી 2009 દરમ્યાનની છે.
- અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ સરકાર દ્વારા 23 જાન્યુઆરીના રોજ તેમના જીવનને સંબંધિત 100 ફાઈલો જાહેર કરવામાં આવી હતી. ત્યાર બાદ બીજા તબક્કામાં 29 માર્ચના રોજ 50 ફાઈલો જાહેર કરવામાં આવી હતી.

❖ અમદાવાદમાં પાંચ વર્ષનું રેકોર્ડ બ્રેક 43.6 ડિગ્રી તાપમાન નોંધાયુ.

## 🕮 તાજેતરના મહત્વના બનાવોની મુદ્દાવાર અને વિગતવાર માહિતી :

❖ ગુજરાતને મળ્યો 'મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ'નો રાષ્ટ્રીય એવોર્ડ

❖ ખેલ મહાકુંભ :-

- ભરૂચ ખાતેથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



current663.wordpress.com

- સુરેન્દ્રનગરના લીંબડી ખાતે તેનો સમાપન સમારોહ યોજવામાં આવ્યો. શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યુ કે 'ખેલે તે ખીલે'ના સૂત્રને સાકાર કરતો આ ગુજરાતનો એક અનેરો મહોત્સવ છે.
- આ વર્ષે યોજાયેલા ખેલ મહાકુંભમાં 24.84 લાખ પુરૂષો અને 15.46 લાખ મહિલાઓ મળી કુલ 40.31 લાખ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- તેમણે મહાનગર કક્ષાએ રમતગમતમાં શ્રેષ્ઠતમ દેખાવ માટે અમદાવાદને 94 ગોલ્ડ સાથે કુલ 269, સુરતને 229, વડોદરાને 168 અને રાજકોટને 130 મેડલ્સ આપ્યા હતા.
- જિલ્લા કક્ષાના અને અન્ય મળીને કુલ 576 ગોલ્ડ, 574 સિલ્વર, 695 બ્રોન્ઝ એમ કુલ 1845 મેડલ્સ આપ્યા હતા.
- આ પ્રસંગે રમતગમત મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના મહાનિયામક શ્રી સંદિપ પ્રધાન અને રમતગમત વિભાગના સચિવશ્રી મનીષ ભારદ્વાજ પણ ઉપસ્થિત રહ્યા હતા.

❖ સ્વચ્છ ભારત અભિયાન :-

  - સ્વચ્છ ભારત મિશનમાં મહેસાણા જિલ્લો અગ્રેસર – વિશ્વ બેન્ક
  - સમગ્ર રાજ્યમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સંપૂર્ણ શૌચાલય અને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્તિની કામગીરી ચાલી રહી છે.
  - મહેસાણા જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ જિલ્લામાં 1,38,013 શૌચાલય બનાવવાનાં બાકી હતાં. જિલ્લા વહીવટીતંત્રએ આ કામગીરીને યુદ્ધના ધોરણે કરીને 2015 સુધીમાં 38,332 શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરીને ગતિશીલતા આણી છે.
  - સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સમગ્ર જિલ્લાને ઓ.ડી.એફ. (Open Defecation Free) (ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત) કરવા માટે તંત્ર પ્રયત્નશીલ બન્યું છે.
  - મહેસાણા જિલ્લાની આ કામગીરીથી પ્રભાવિત થઈ વિશ્વ બેન્કના પ્રતિનિધિઓએ મહેસાણા તાલુકાના ધનપુરા(જો), જમનાપુર અને દેલા ગામની મુલાકાત લીધી હતી.

❖ ગુડા **(Gandhinagar Urban Development Authority)** (ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ) ના 21મા જન્મદિન નિમિત્તે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અંતર્ગત લોઅર ઈનકમ ગ્રૂપ (LIG) આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

- રાયસણ ગામ ખાતે તૈયાર કરવામાં આવેલાં એલ.આઈ.જી. આવાસોને પંડિત દીનદયાળ નગર નામ આપવામાં આવશે.



current663.wordpress.com

- આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે એફોર્ડેબલ હાઉસિંગ, સ્લમ હેબિલિટેશન તથા મુખ્યમંત્રી આવાસ ગૃહ યોજના અંતર્ગત લાભાર્થીઓને સક્ષમ અને સુવિધાયુક્ત મકાનો સરકારે પૂરાં પાડ્યાં છે.

- ❖ રાયસણ ખાતે ખાણ-ખનિજ અને ભૂસ્તરશાસ્ત્ર વિભાગની અદ્યતન પેટ્રોગ્રાફી – મિનરલ પ્રયોગશાળાનો પ્રારંભ.

- ❖ ગુજરાત વિધાનસભાની તવારીખમાં રચાયો ઈતિહાસ :-

- ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન રાજ્યભરમાંથી વિપુલ માત્રામાં લોકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. જેમાં 63 હજાર મહિલાઓ અને 22 હજાર યુવા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ પૈકી ગ્રામ્ય વિસ્તારમાંથી 72 હજાર, આદિવાસી વિસ્તારમાંથી 17 હજાર ખેડૂતો, યુવાઓ, મહિલાઓ મળીને કુલ 1,05,000 ઉપરાંત નાગરિકો વિધાનસભાની મુલાકાતે આવ્યા હતા.
- 1લી મે, 1960ના રોજ મુંબઈ રાજ્યમાંથી પશ્ચિમ વિભાગના 17 જિલ્લાઓ અલગ કરી ગુજરાત રાજ્યની રચના થઈ. અમદાવાદને રાજ્યનું કામચલાઉ પાટનગર બનાવવામાં આવ્યું. અમદાવાદની સિવિલ હોસ્પિટલ ભવનના હાલના ઓ.પી.ડી. વિભાગમાં વિધાનસભાની કામગીરી થતી હતી. ત્યારબાદ રાજ્યના વહીવટીતંત્રને ગાંધીનગર ખાતે 1971માં ખસેડવામાં આવ્યું. 20 માર્ચ, 1978ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. નીલમ સંજીવ રેડ્ડીએ નવી વિધાનસભાના ભવન ‘વિઠ્ઠલભાઈ પટેલ ભવન’ ની આધારશિલા મૂકી હતી.

❖ 2 જી એપ્રિલથી સમગ્ર રાજ્યમાં લોકસંવાદ સેતુની નવી શ્રુંખલા શરૂ :

- 1 લી ઑગસ્ટ, 2014 ના રોજ ખેડા જિલ્લાના માતર ખાતેથી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા લોકસંવાદ સેતુના પ્રથમ રાજ્યવ્યાપી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો.
- અત્યારે રાજ્યના 33 જિલ્લાના તમામ 247 તાલુકાઓમાં લોકસંવાદ સેતુનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.
- અત્રે નોંધનીય છે કે દર મહિનાના ચોથા અથવા છેલ્લા ગુરુવારે યોજાતો ‘સ્વાગત’ (SWAGAT) કાર્યક્રમ પણ આ પ્રકારનો જ મુખ્યમંત્રી દ્વારા સીધા જ અરજદારોના પ્રશ્નોનો નિકાલ કરતો એક કાર્યક્રમ છે, જેને સંયુક્ત રાષ્ટ્રોનો પબ્લિક સર્વીસ એવોર્ડ પણ મળેલો છે.

❖ **2016** - આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ :

- 2016ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો નારો ‘2030 સુધીમાં પૃથ્વી 50-50 જાતિની સમાનતા માટે ગતિ વધારો’ છે.

current663.wordpress.com

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ 1975 દરમ્યાન નક્કી કરવામાં આવ્યું કે દર વર્ષે 8 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' મનાવવામાં આવે. ત્યારબાદ બે વર્ષ પછી 1977માં મહાસભા દ્વારા એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો; જેમાં જોગવાઈ કરવામાં આવી કે સભ્ય દેશો પોતાની રાષ્ટ્રીય અને ઐતિહાસિક પરંપરાઓ મુજબ કોઈ પણ દિવસે 'સંયુક્ત રાષ્ટ્ર મહિલા અધિકાર તથા આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' મનાવી શકે છે.

❖ **સામાન્ય બજેટ 2016 – 2017 :**

- નાણામંત્રી શ્રી અરુણ જેટલી દ્વારા નાણાકીય વર્ષ 2016-17નું બજેટ 29 ફેબ્રુઆરી, 2016ના રોજ રજૂ કરવામાં આવ્યું.
- આ બજેટમાં ટ્રાન્સફોર્મ ઈન્ડીયાના હેતુથી 9 ક્ષેત્રો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.
- 9 ક્ષેત્રોમાંથી એક ક્ષેત્ર કૃષિ સંબંધમાં આવનારા પાંચ વર્ષમાં એટલે કે 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- આ માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાને મિશન મોડમાં લાગુ કરવામાં આવશે.
- નાબાર્ડમાં આશરે 20,000 કરોડ રૂપિયાની પ્રારંભિક રાશિથી 'દીર્ઘાવધિક સિંચાઈ નિધિ'નું નિર્માણ કરવામાં આવશે.
- વર્ષ 2015-16માં કૃષિ અને સિંચાઈ ક્ષેત્ર માટે રૂ. 25,988 કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જ્યારે વર્ષ 2016-17માં રૂ. 47,912 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી પાક વિમા યોજના અંતર્ગત 5,500 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ખેડૂત પરિવારોની આવક વધારવા માટે ચાર નવી યોજનાઓ શરૂ કરવામાં આવશે. 1. પશુધન સંજીવની 2. ઉન્નત બ્રીડીંગ ટેકનોલોજી 3. ઈ-પશુધન હાટ 4. રાષ્ટ્રીય દેશી નસલ જેનોમિક કેન્દ્ર.
- ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે રૂ. 87,765 કરોડની જોગવાઈ.
- મનરેગા માટે 38,500 કરોડ રૂપિયાની જોગવાઈ.
- શ્યામાપ્રસાદ મુખરજી ગ્રામીણ શહેરી મિશન અંતર્ગત 300 ગ્રામીણ શહેરી ક્લસ્ટરનો વિકાસ કરવામાં આવશે.
- 1 મે, 2018 સુધીમાં 100% વીજળીકરણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. દીનદયાળ ગ્રામ જ્યોતિ યોજના અને એકીકૃત વિદ્યુત વિકાસ સ્કીમ હેઠળ 8,500 કરોડ રૂપિયાની જોગવાઈ.
- સ્વચ્છ ભારત અભિયાન માટે 9000 કરોડની જોગવાઈ.
- ગ્રામીણ ભારત માટે એક નવું ડીજીટલ સાક્ષરતા મિશન શરૂ કરવામાં આવશે.
- પંચાયતી રાજની સંસ્થાઓ માટે 'રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન' નામે નવી યોજના શરૂ કરવામાં આવશે.

current663.wordpress.com

- વર્ષ 2016-17 દરમ્યાન પ્રધાનમંત્રીની જન ઔષધિ યોજના અંતર્ગત 3000 સ્ટોર ખોલવામાં આવશે.
- પીપીપી મોડલ પર 'રાષ્ટ્રીય ડાયાલિસિસ સેવા કાર્યક્રમ' શરૂ કરવામાં આવશે.
- પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ગુરુ ગોવિંદ સિંહની 350મી જન્મ જ્યંતીની ઉજવણી માટે 100-100 કરોડની જોગવાઈ.
- 62 નવાં નવોદય વિદ્યાલયો શરૂ કરવામાં આવશે.
- 1000 રૂપિયાની પ્રારંભિક મૂડીથી 'ઉચ્ચ શિક્ષણ નાણાં પોષણ એજન્સી' (હેફા) શરૂ કરવામાં આવશે.
- કૌશલ્ય વિકાસ માટે રૂ. 1804 કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત  મંજૂર રકમ વધારીને 1,80,000 કરોડ કરવામાં આવી.
- ખાતરો માટે પ્રાયોગિક આધાર પર Direct Benefit Transfer (DBT) યોજનાનો પ્રારંભ.

❖ રેલવે બજેટ 2016-17 :-

- રેલવેનો ઈતિહાસ :- વર્ષ 1924 માં રેલવેનું બજેટ સામાન્ય બજેટના લગભગ 70% હતું; જે હવે માત્ર 14 થી 15% જ છે. 1924 પહેલાં રેલવે માટે બજેટમાં જોગવાઈ હાલના સામાન્ય બજેટમાં અન્ય ક્ષેત્રોમાં જે પ્રમાણે કરવામાં આવે છે, તે મુજબ કરવામાં આવતી હતી. પરંતુ 1921માં વિલિયમ એક્વર્થની અધ્યક્ષતાવાળી 'ઈસ્ટ ઈન્ડીયન રેલવે સમિતિ' દ્વારા રેલવે બજેટને અલગ કરવાની ભલામણ કરવામાં આવી. તેના ફળસ્વરૂપ રેલવેને નાણાંમંત્રાલયથી અલગ કરવામાં આવ્યું અને 1924થી તેના બજેટ માટે અલગથી જોગવાઈ કરવામાં આવે છે.
- રેલવેમંત્રી શ્રી સુરેશ પ્રભુ દ્વારા 25 ફેબ્રુઆરી, 2016ના રોજ નાણાકીય વર્ષ 2016-17નું રેલવે બજેટ રજૂ કરવામાં આવ્યું.
- રેલવે દ્વારા વિશ્વનું પ્રથમ બાયો વેક્યુમ શૌચાલય વિકસિત કરવામાં આવ્યું છે. રેલવેમાં આવાં 17,000 શૌચાલય ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- રેલવે માટે સમગ્ર દેશમાં મોબાઈલ એપની સાથે સ્વચાલિત ટીકિટ મશીન પણ પૂરાં પાડવાનો પ્રસ્તાવ છે. બીજાં 400 સ્ટેશનો પર વાઈ-ફાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- ચેન્નઈમાં ભારતના પ્રથમ રેલ ઓટો હબનું નિર્માણ કરવામાં આવશે.
- રેલવે હોસ્પિટલોમાં આયુષ પ્રણાલી શરૂ કરવામાં આવશે.
- ગેંગમેનોને આવનારી ગાડીઓ વિશે સૂચના આપવા માટે એક સાધન આપવામાં આવશે; જેને 'રક્ષક' કહેવામાં આવશે.
- નાણાં અને નીતિવિકાસ સંબંધિત સી. ટી. વેણુગોપાલ પીઠ અને ભારતીય રેલવે માટે 'જીયો સ્પેટલ ટેકનોલોજી'થી સંબંધિત કલ્પના ચાવલા પીઠની સ્થાપના કરવામાં આવશે.

- વીજળીની નવી વ્યવસ્થામાં માત્ર LED લાઈટની વ્યવસ્થા કરવા માટે આગામી 2-3 વર્ષમાં તમામ રેલવે સ્ટેશનો પર LED બલ્બ લગાવવામાં આવશે.

❖ **આર્થિક સર્વેક્ષણ - 2015-16 :**

- નાણામંત્રી શ્રી અરુણ જેટલી દ્વારા 26 ફેબ્રુઆરી, 2016ના રોજ વર્ષ 2015-16નું આર્થિક સર્વેક્ષણ લોકસભાના મંચ પર રજૂ કરવામાં આવ્યું.
- તે મુજબ વિશ્વના કુલ દૂધ ઉત્પાદનના 18.5% સાથે ભારત દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને છે.
- ટપાલ વિભાગમાં 'સુકન્યા સમૃદ્ધિ યોજના' અંતર્ગત 80 લાખથી પણ વધુ ખાતાં ખોલવામાં આવ્યાં છે.
- અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય ટપાલ સેવા એ વિશ્વનું સૌથી મોટું ટપાલ નેટવર્ક છે.

❖ **તાજેતરમાં જીનેટીકલી મોડીફાઈડ (GM) સરસવના તેલ સંબંધમાં વિવાદ ચાલી રહ્યો છે.**

❖ **'હાઈડ્રોકાર્બન વિઝન 2030' લોન્ચ :**

- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા 9 ફેબ્રુઆરી 2016ના રોજ ગુવાહાટીમાં પૂર્વોત્તર ભારત માટે 'હાઈડ્રોકાર્બન વિઝન 2030' લોન્ચ કરવામાં આવ્યું. તેમાં આ ક્ષેત્રના વિકાસ માટે હાઈડ્રોકાર્બન ક્ષેત્રોનો ભરપૂર ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે અને તે માટે લેવાનાં પગલાંઓનો ઉલ્લેખ છે. આમાં અરૂણાચલ પ્રદેશ, અસમ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ તથા ત્રિપુરાનો સમાવેશ થાય છે. તેનો ઉદ્દેશ્ય વર્ષ 2030 સુધી ખનિજતેલ અને ગેસનું ઉત્પાદન બમણું કરવું, રોજગારીની ઉપલબ્ધિ તથા પડોશી દેશો સાથે સારા સંબંધ સ્થાપિત કરવાની બાબતનો સમાવેશ થાય છે.

❖ **હરિયાણામાં અનામત આંદોલન :-**

- હરિયાણામાં થયેલા હિંસક આંદોલન બાદ હરિયાણા સરકારે જાટ સમુદાયને અન્ય પછાત વર્ગ (OBC) માં સમાવેશ કરવા માટે અનુમતિ આપી દીધી છે. આ માટે રાજ્ય સરકાર આગામી વિધાનસભાના સત્રમાં ખરડો રજૂ કરશે. કેન્દ્રની સેવાઓમાં જાટોનો અન્ય પછાત વર્ગમાં સમાવેશ કરવા સંબંધમાં વિચાર કરવા માટે કેન્દ્રીય મંત્રી વૈંકયા નાયડુની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. જો કે જાટોને અનામત આપવાના રાજ્ય સરકારના અગાઉના પ્રયાસને સર્વોચ્ચ અદાલત દ્વારા નિરર્થક બનાવવામાં આવેલ છે.
- આ અગાઉ 2014માં યુપીએ સરકારે લોકસભાની ચૂંટણીના એક દિવસ અગાઉ જ જાહેરનામું પ્રસિદ્ધ કરી જાટ સમુદાયને અનામત આપવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ સર્વોચ્ચ અદાલતે

તેને નિરર્થક જાહેર કરતાં પૂછ્યું હતું કે એક નવા સમુદાયને અનામત આપવાનો નિર્ણય લેતાં પહેલાં રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગની સલાહ કેમ લેવામાં ન આવી?

- આ પહેલાં સપ્ટેમ્બર 1992માં રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ છે કે જાટ સમુદાયનો અન્ય પછાત વર્ગમાં સમાવેશ થતો નથી. આ સિવાય હરિયાણામાં રાજ્ય પછાત વર્ગ આયોગ દ્વારા બે વાર 1995 અને 2011માં જાટ સમુદાયની અનામતની માંગણીનો અસ્વીકાર કરવામાં આવેલ છે.

📖 અનામત અંગે બંધારણીય જોગવાઈ :-

- બંધારણના અનુચ્છેદ 15(4) અને 16(4) મુજબ રાજ્ય સામાજીક અથવા શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની ઉન્નતિ માટે વિશેષ જોગવાઈ કરી શકશે, જેમાં રોજગારીમાં અનામતનો પણ સમાવેશ થાય છે.
- અનુચ્છેદ 38 મુજબ અલગ અલગ સમુદાયના લોકોમાં દરજ્જો, સુવિધાઓ અને તકોની અસમાનતા દૂર કરવા માટે રાજ્ય જરૂરી કાર્યો કરશે.
- અનુચ્છેદ 46 મુજબ રાજ્ય નબળા વર્ગો ખાસ કરીને અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક અને આર્થિક હિતોનું સંવર્ધન કરશે તથા સામાજીક અન્યાય અને શોષણ સામે એમનું રક્ષણ કરશે.
- અનુચ્છેદ 355 મુજબ સરકારી નોકરીઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દાવાઓ પર વિચાર કરવામાં આવશે.
- પછાત વર્ગમાં કોઈ સમુદાય છે કે નહીં તે નક્કી કરવા માટે ઈન્દ્રા સાહની કેસ તથા મંડળ આયોગની ભલામણોના આધારે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ દ્વારા સામાજીક, શૈક્ષણિક અને આર્થિક મળીને કુલ 11 માપદંડ નક્કી કરવામાં આવ્યા છે.

❖ ભારત અમેરિકા વિવાદ અને **World Trade Organization (WTO) :-**

- 23 ફેબ્રુઆરી, 2016ના રોજ World Trade Organization (WTO) એ ભારતના 'મેઈક ઈન ઈન્ડીયા' કાર્યક્રમને નુકસાન થાય તે મુજબનો અમેરિકાના પક્ષમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો.
- ભારતે પોતાના રાષ્ટ્રીય સૌર મિશન અંતર્ગત સ્થાનીય ઉપકરણોના ઉપયોગ અંગે નિયમો બનાવ્યા હતા. અમેરિકાએ ભારતના આ નિર્ણયની વિરુદ્ધમાં World Trade Organization (WTO)માં એ આધાર પર અરજી દાખલ કરી હતી કે આ નિયમ ભેદભાવપૂર્ણ છે અને તેનાથી આયાત થનારી વસ્તુઓ પર પ્રભાવ પડે છે. જે વેપારના આંતરરાષ્ટ્રીય નિયમોથી વિરુદ્ધ છે.
- World Trade Organization (WTO) દ્વારા ભારતના એ તર્કને નામંજૂર કરવામાં આવ્યો કે સ્થાનીય ઉપકરણોનો ઉપયોગ એ આયાત થનારી વસ્તુઓમાં આવનારાં વિઘ્નોથી બચાવ અને સતત વિકાસના હેતુથી દેશની જરૂરિયાતોને પૂરી કરવાનો છે.

- World Trade Organization (WTO) નું હેડક્વાર્ટર જીનીવા, સ્વીત્ઝર્લેન્ડમાં છે. તેના વર્તમાન અધ્યક્ષ રોબર્ટ અજેવેદો છે. World Trade Organization (WTO) ની સ્થાપના 1 જાન્યુઆરી, 1995ના રોજ કરવામાં આવી હતી. ભારત પણ તેનો એક સભ્યદેશ છે. World Trade Organization (WTO) ની સ્થાપના 'General Agreement on Tariff and Trade' (GATT) (ગેટ) ની જગ્યાએ કરવામાં આવી છે. 'General Agreement on Tariff and Trade' (GATT) ની સ્થાપના 1948માં ત્યારે કરવામાં આવી; જ્યારે 23 દેશોએ કસ્ટમ ટેરીફ ઓછી કરવાના હેતુથી પરસ્પર હસ્તાક્ષર કર્યા હતા. World Trade Organization (WTO) એ 'General Agreement on Tariff and Trade' (GATT)નું વિસ્તૃત સ્વરૂપ છે.
- ભારતનું સૌર મિશન 11 જાન્યુઆરી, 2010ના રોજ શરૂ થયું હતું. આ મિશન અંતર્ગત 2022 સુધીમાં 100 ગીગાવોટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ મિશનનો હેતુ ભારતને સૌરઊર્જાના ક્ષેત્રમાં અગ્રણી રાષ્ટ્ર બનાવવાનો છે. ભારતમાં સૌરઊર્જા ઉત્પાદનના ખર્ચને ઘટાડાવું તથા એ માટે દીર્ઘકાલીન રણનીતિ તૈયાર કરવી, સંશોધન અને વિકાસ પર ભાર મૂકવો, કાચા માલ, ઉપકરણો વગેરેના ઘરેલુ ઉત્પાદન પર ભાર આપવો એ તેનાં મહત્વનાં પાસાં છે.

## ❖ બેંક બોર્ડ બ્યૂરો :- (Bank Board Bureau)

- પ્રધાનમંત્રી દ્વારા 28 ફેબ્રુઆરી, 2016ના રોજ Bank Board Bureauના પ્રસ્તાવને મંજૂરી આપી દેવામાં આવી છે. પૂર્વ કેગ શ્રી વિનોદ રાયને Bank Board Bureauના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. Bank Board Bureauના અધ્યક્ષનું કાર્ય જાહેર ક્ષેત્રની બેંકોના પ્રમુખોની નિયુક્તિ માટે ભલામણ કરવી તથા જાહેર ક્ષેત્રની બેંકોના ફંડને વધારવા માટે એમની સહાય કરવી છે. આ એક Autonomous Body રહેશે. Bank Board Bureauની જાહેરાત ઑગસ્ટ 2015માં સાત સૂત્રીય ઈન્દ્રધનુષ યોજના અંતર્ગત કરવામાં આવી હતી. આ સંસ્થા જાહેર ક્ષેત્રની 22 બેન્કોના સુચારુ સંચાલન અને તેમના વિકાસ માટે રણનીતિ પણ બનાવશે. Bank Board Bureauમાં અધ્યક્ષ સિવાય પણ ત્રણ સભ્યો રહેશે. જેમાં અનિલ ખંડેલવાલ – (પૂર્વ પ્રબંધન નિદેશક - બેંક ઑફ બરોડા), એચ. એન. સિનૌર (પૂર્વ સંયુક્ત પ્રબંધ નિદેશક – ICICI બેંક) તથા રૂપા કુદવા (પૂર્વ પ્રબંધ નિદેશક – ક્રિસિલ)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## ❖ Make in India સપ્તાહ :-

- 3 થી 18 ફેબ્રુઆરી 2016 દરમ્યાન પ્રથમ Make in India સપ્તાહનું આયોજન મુંબઈમાં કરવામાં આવ્યું. 13 ફેબ્રુઆરી, 2016ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા Make in India સપ્તાહનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ ઉદઘાટન સમારોહમાં સ્વીડનના પ્રધાનમંત્રી સ્ટીફન

current663.wordpress.com

લોફવેન તથા ફિનલેન્ડના પ્રધાનમંત્રી જુહા સિપિલાએ પણ ભાગ લીધો હતો. Make in India સપ્તાહ દરમ્યાન કેટલીક મહત્વપૂર્ણ સમજૂતીઓ કરવામાં આવી હતી.

❖ વેપાર અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા 15 ફેબ્રુઆરી, 2016ના રોજ જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ વર્તમાન નાણાકીય વર્ષના જાન્યુઆરી સુધીમાં જથ્થાબંધ મોંઘવારીનો દર સતત 15 મહિના સુધી શૂન્યથી નીચે 0.90% રહ્યો છે.

❖ લોકસભા દ્વારા ચૂંટણી અધિનિયમ (સંશોધન) બિલ 2016 પસાર:-

➢ 25 ફેબ્રુઆરી, 2016ના રોજ લોકસભા દ્વારા ચૂંટણી અધિનિયમ (સંશોધન) બિલ 2016 પસાર કરવામાં આવ્યું. આ બિલ અંતર્ગત પરિસીમા અધિનિયમ 2022ની કલમ 11 અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1950ની કલમ 9માં સંશોધન કરવાનો પ્રસ્તાવ છે. આ અધિનિયમ અંતર્ગત સંસદીય અને વિધાનસભા ક્ષેત્રોની બેઠકોનું નિર્ધારણ તથા પરિસીમા નક્કી થઈ શકશે.

❖ **AADHAR :-**

➢ 3 ફેબ્રુઆરી, 2016ના રોજ આધાર કાર્ડને બંધારણીય દરજ્જો આપવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં આધાર વિધેયક 2016 રજૂ કરવામાં આવ્યું.

❖ **Association of South East Asian Nations – ASEAN :-**

➢ 15 થી 16 ફેબ્રુઆરી દરમ્યાન અમેરિકા અને Association of South East Asian Nationsના દેશો વચ્ચે શિખરવાર્તા થઈ. અમેરિકા Association of South East Asian Nationsમાં સૌથી વધુ રોકાણ કરનાર દેશ છે. તે Association of South East Asian Nationsનો ચોથો સૌથી મોટો વ્યાપારીક ભાગીદાર દેશ છે.

➢ Association of South East Asian Nations એ વિશ્વના અન્ય સંગઠનો જેવાં કે યુરોપિય સંઘ, આફ્રિકન યુનિયન, શાંઘાઈ સંગઠન સહયોગ અને એપેકની જેમ એક મહત્વનું સંગઠન છે. ASEANમાં કુલ 10 દેશોનો સમાવેશ થાય છે. ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલીપાઈન્સ, વિયેટનામ, સિંગાપુર, કંબોડિયા, મ્યાનમાર, થાઈલેન્ડ, બ્રુનેઈ અને લાઓસ જેવા દેશોનો સમાવેશ ASEANમાં થાય છે.

❖ પાકિસ્તાનની સિંધ વિધાનસભા દ્વારા 15 ફેબ્રુઆરી, 2016ના રોજ હિંદુ વિવાહ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. આથી હવે સિંધ પ્રાંત પાકિસ્તાનનો એક એવો પ્રદેશ બની ગયો છે, કે જ્યાં હિંદુ સમુદાય પોતાનાં લગ્નની નોંધણી કરાવી શકશે.

current663.wordpress.com

❖ નેપાળના પ્રધાનમંત્રી કે. પી. શર્મા ઓલી 19 થી 24 ફેબ્રુઆરી 2016 દરમ્યાન ભારતની મુલાકાતે આવ્યા હતા.

❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર યુ.એ.ઈ.ના સશસ્ત્ર બળોના ઉપસુપ્રિમ કમાન્ડર જનરલ શેખ મોહમ્મદ બિન જાએદ અલ નહયાન 10 થી 12 ફેબ્રુઆરી, 2016 દરમ્યાન ભારતની પોતાની પહેલી રાજકીય યાત્રાએ આવ્યા હતા.

❖ 19 ફેબ્રુઆરી, 2016ના રોજ ભારતના કૃષિ મંત્રી રાધામોહન સિંહ અને આર્મેનિયાના કૃષિ મંત્રી સર્ગોકરાપેત્યાન વચ્ચે થયેલી એક બેઠકમાં બન્ને દેશો વચ્ચે સહકાર અને અનેક ક્ષેત્રોમાં ભાગીદારી પર ચર્ચા કરવામાં આવી. બંને દેશો વચ્ચે કૃષિનાં વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા.

❖ **INS (Indian Naval Ship)** અરિહંત :-

➢ પરમાણુ હથિયારોથી સમૃદ્ધ ભારતનું INS (Indian Naval Ship) અરિહંત ભારતીય નૌસેનામાં સામેલ થવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયેલ છે. પાંચ મહિના સુધી સમુદ્રમાં ચાલેલા સફળ પરીક્ષણ બાદ તેને લીલી ઝંડી આપવામાં આવી છે. INS (Indian Naval Ship) અરિહંત પહેલું એવું સ્વદેશી પરમાણુ સબમરીન છે; કે જે બેલેસ્ટીક મિસાઈલ પ્રક્ષેપિત કરવાની ક્ષમતા ધરાવે છે. ભારત INS (Indian Naval Ship) અરિહંત જેવાં અન્ય બે સબમરીન પણ બનાવી રહ્યું છે.

❖ ઈન્ટરનેશનલ ફ્લીટ રીવ્યુ – 2016

➢ 4 ફેબ્રુઆરી, 2016ના રોજ દેશના પૂર્વ કિનારે સૌપ્રથમવાર ઈન્ટરનેશનલ ફ્લીટ રીવ્યુ - 2016નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું. 8 ફેબ્રુઆરી, 2016 સુધી વિશાખાપટ્ટનમ ખાતે ચાલેલા આ આયોજનમાં વિશ્વની 50 દેશોની નૌસેનાઓની સાથે ભારતની નૌસેનાએ પણ પ્રદર્શન કર્યું.

❖ પૃથ્વી – 2 મિસાઈલનું સફળ પરીક્ષણ :-

➢ ઓરિસ્સાના ચાંદીપુર ખાતે આવેલા પરીક્ષણ કેન્દ્રથી 16 ફેબ્રુઆરી, 2016ના રોજ પૃથ્વી- 2 મિસાઈલનું સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું.

➢ ભારત સરકાર દ્વારા 1983માં સમન્વિત નિર્દેશિત પ્રક્ષેપાસ્ત્ર વિકાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય બેલેસ્ટીક મિસાઈલ, જમીન પરથી હવામાં હૂમલો કરનારી મિસાઈલ વગેરેના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો. આ મિસાઈલોના વિકાસની જવાબદારી DRDO (Defense Research and Development Organization) ને સોંપવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત વિકસિત કરવામાં આવેલી પ્રથમ મિસાઈલ પૃથ્વી જ હતી; જેને 'પ્રોજેક્ટ

પૃથ્વી' અંતર્ગત વિકસિત કરવામાં આવી હતી. આ મિસાઈલ એ પરમાણુ શસ્ત્રો લઈ જવા માટે સક્ષમ ટેક્ટીકલ મિસાઈલ છે.

- પૃથ્વી – 2 એ 500 થી 1000 કિગ્રા સુધીનો ભાર વહન કરવા માટે સક્ષમ છે.
- પૃથ્વી – 2 ને વર્ષ 2003માં ભારતીય સૈન્યમાં સામેલ કરવામાં આવી હતી.
- જમીનથી જમીન પર 350 કિમી સુધી હૂમલો કરવા માટે સક્ષમ આ પૃથ્વી – 2 મિસાઈલ લિક્વિડ પ્રપલ્શન એન્જીનથી ચાલે છે.
- સંસ્કરણ :-
    - આ મિસાઈલનાં ત્રણ સંસ્કરણ છે; જે ભૂમિ સેના, વાયુ સેના અને નૌસેના માટે વિકસિત કરવામાં આવ્યાં છે.
    - પૃથ્વી – 1 :- ભૂમિસેના માટેનું સંસ્કરણ છે. 1000 કિગ્રાના શસ્ત્રો સાથે 150 કિમી સુધી હૂમલો કરવા માટે સક્ષમ છે.
    - પૃથ્વી – 2 :- વાયુસેના માટેનું સંસ્કરણ છે. 500 કિગ્રા શસ્ત્રો સાથે 250 કિમી સુધી હૂમલો કરી શકે છે. જો કે પાછળથી તેની પ્રહાર ક્ષમતા 350 કિમી સુધી અને શસ્ત્રો લઈ જવાની ક્ષમતા 1000 કિગ્રા સુધી વિકસિત કરવામાં આવી છે.
    - પૃથ્વી – 3 :- નૌસેના સંસ્કરણ છે. 1000 કિગ્રા શસ્ત્રો સાથે 350 કિમી સુધી અને 500 કિગ્રા શસ્ત્રો સાથે 600 કિમી સુધી હૂમલો કરવા માટે સક્ષમ છે.

❖ ભારત વિશ્વનો સૌથી વધુ શસ્ત્રો આયાત કરનાર દેશ :-

- ભારત સતત ત્રીજા વર્ષે પણ દુનિયાનો સૌથી વધુ શસ્ત્રો આયાત કરનાર દેશ બન્યો છે. Staukhom International Peace Research Institute (SIPRI – સિપરી) દ્વારા પોતાના આંતરરાષ્ટ્રીય શસ્ત્ર હસ્તાંતરણ નામે એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે; કે 2006-2010 ની સરખામણીમાં 2011-2015માં હથિયારોની આયાતમાં 90% વૃદ્ધિ થઈ છે. સ્ટોકહોમ સ્થિત Staukhom International Peace Research Institute (SIPRI - સિપરી)ના અહેવાલ મુજબ દુનિયામાં આયાત થતાં શસ્ત્રોમાં 14% શસ્ત્રોની આયાત સાથે ભારત પ્રથમ નંબરે છે. આ આયાત ચીન અને પાકિસ્તાનની આયાત કરતાં ત્રણ ગણી છે. સિપરી દર પાંચ વર્ષે આ આંકડા જાહેર કરે છે.
- વર્ષ 2011-2015 દરમ્યાન શસ્ત્રોની આયાતમાં અગ્રેસર 10 દેશોમાં 6 એશિયાઈ દેશો હતા. જેમાં 14% સાથે ભારત પ્રથમ સ્થાન પર, 4.7% સાથે ચીન બીજા સ્થાન પર, 3.6% સાથે ઓસ્ટ્રેલિયા ત્રીજા સ્થાન પર તથા 3.3% સાથે પાકિસ્તાન ચોથા સ્થાન પર છે.
- થિંક ટેંક દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આટલા મોટા પ્રમાણમાં આયાત એ દર્શાવે છે કે ભારતીય સ્વદેશી ઉદ્યોગ હજુ સુધી સ્પર્ધાત્મક હથિયારો બનાવવામાં નિષ્ફળ રહ્યો

છે. ભારત સૌથી વધુ હથિયાર રશિયા પાસેથી ખરીદે છે. જો કે અમેરિકા પાસેથી પણ આયાતમાં વધારો થઈ રહ્યો છે.

➢ દુનિયાના પાંચ દેશો દ્વારા સમગ્ર વિશ્વનાં 34% હથિયાર ખરીદવામાં આવ્યાં છે. જેમાં ભારત, સઉદી અરબ, ચીન, સંયુક્ત અરબ અમીરાત અને ઑસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

➢ અમેરિકા વિશ્વનો સૌથી મોટો નિકાસ કરનાર દેશ છે. સમગ્ર વિશ્વની હથિયારોની નિકાસના 34% હથિયારો અમેરિકા નિકાસ કરે છે. સઉદી અરબ અમેરિકાનો સૌથી મોટો ગ્રાહક દેશ છે. 25% સાથે રશિયા બીજા સ્થાન પર છે. 5.9% સાથે ચીન ત્રીજા સ્થાન પર છે. અમેરિકા વિશ્વના કુલ 96 દેશોને હથિયાર આપે છે.

➢ ચીનના હથિયારોનો સૌથી મોટો ખરીદદાર દેશ પાકિસ્તાન છે. ચીન 35% હથિયાર પાકિસ્તાનને નિકાસ કરે છે.

➢ હથિયારો આયાત કરવાની બાબતમાં સૌથી વધુ વધારો સાત ગણો વિયેટનામની બાબતમાં ધ્યાને આવ્યો છે. વિયેટનામની આયાતમાં 699%નો વધારો થયો છે. જે ટોચના 10 દેશોમાં સૌથી વધારે છે. આયાતની બાબતમાં 2006-2010 દરમ્યાન વિયેટનામ 43મા ક્રમે હતો. પરંતુ 2011-2015 દરમ્યાન તેણે 8 મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિયેટનામ પોતાનાં 93% હથિયાર રશિયા પાસેથી ખરીદે છે.

➢ આયાત નિકાસ કરતા દેશોની સરખામણી નીચે મુજબ છે.

☞ આયાત કરનારા દેશો :-

| ક્રમ | દેશ | આયાત | દેશ | નિકાસ |
|---|---|---|---|---|
| 1 | ભારત | 14% | રશિયા | 70% |
| 2 | સઉદી અરબ | 7% | અમેરિકા | 46% |
| 3 | ચીન | 4.7% | રશિયા | 59% |
| 4 | યુ.એ.ઈ. | 4.6% | અમેરિકા | 65% |
| 5 | ઓસ્ટ્રેલિયા | 3.6% | અમેરિકા | 57% |

☞ નિકાસ કરનારા દેશો :-

| ક્રમ | દેશ | આયાત | દેશ | નિકાસ |
|---|---|---|---|---|
| 1 | અમેરિકા | 33% | સઉદી અરબ | 9.7% |
| 2 | રશિયા | 25% | ભારત | 39% |
| 3 | ચીન | 5.9% | પાકિસ્તાન | 35% |
| 4 | ફ્રાન્સ | 5.6% | મોરક્કો | 16% |
| 5 | જર્મની | 4.7% | અમેરિકા | 13% |

current663.wordpress.com

☞ આયાતમાં વૃદ્ધિ

| ક્રમ | દેશ | આયાત |
|---|---|---|
| 1 | વિયેટનામ | 699% |
| 2 | મોરક્કો | 528% |
| 3 | મેક્સિકો | 331% |
| 4 | કતર | 279% |
| 5 | સાઉદી અરબ | 275% |

આયાતમાં ઘટાડો

| ક્રમ | દેશ | નિકાસ |
|---|---|---|
| 1 | ગ્રીસ | 77% |
| 2 | પોલેન્ડ | 65% |
| 3 | યુરોપ | 41% |
| 4 | ચીન | 25% |
| 5 | પાકિસ્તાન | 23% |

❖ **જ્યોતિ અભિયાન :- અંધશ્રદ્ધા વિરુદ્ધ એક પહેલ.....**

➢ 28 ફેબ્રુઆરી, 2016ના રોજ ભારતના સૌથી વધુ નિર્ધન જિલ્લા ઓડિસાના નવરંગપુર ખાતે એક વ્યાપક જાગૃતિ અભિયાન 'જ્યોતિ અભિયાન'ની શરૂઆત કરવામાં આવી. આ અભિયાન સ્વાસ્થ્ય સુરક્ષાની ચિંતાજનક સ્થિતિમાં સુધાર માટે ચલાવવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં આ અત્યંત પછાત વિસ્તારમાં અંધશ્રદ્ધા અને જાદુટોણાની બોલબાલા છે.

➢ 45 દિવસનું આ અભિયાન નવરંગપુરની તમામ 169 પંચાયતોમાં ચલાવવામાં આવશે. આ જિલ્લાની 12.2 લાખ વસ્તીમાંથી 56% વસ્તી અનુસૂચિત જનજાતિની છે.

➢ જ્યોતિ નામના આ અભિયાન અંતર્ગત પહેલીવાર આ વિસ્તારમાં પરંપરાગત રીતે ઉપચાર કરનાર 4200 લોકોનો સંપર્ક કરવામાં આવશે તથા તેમને આ અભિયાન અંતર્ગત શિક્ષિત કરવામાં આવશે.

❖ **ઈલેક્ટ્રોનિક વિકાસ કોષની રચના :-**

➢ ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં નિર્માણને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ અને મૈસર્જ કૈનબેંક વેંચર કેપિટલ ફંડ લિમિટેડ (કેનેડા બેંકનો એક એકમ) દ્વારા 15 ફેબ્રુઆરી, 2015ના રોજ મુંબઈમાં 10,000 કરોડ રૂપિયાનો ઈલેક્ટ્રોનિક વિકાસ કોષ એટલે કે EDF (Electronic Development Fund) નો શુભારંભ કરવામાં આવ્યો. આ 10,000 કરોડમાંથી 2,000 કરોડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે અને બાકીની રકમ ખાનગી ક્ષેત્રમાંથી મેળવવામાં આવશે એમ સંચાર અને સુચના પ્રસારણ મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું. ઈલેક્ટ્રોનિક વિકાસ નીતિનો શુભારંભ 1 જુલાઈ, 2015ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.

❖ **વર્ષ 2030 સુધીમાં મેલેરિયા નાબૂદીનું લક્ષ્ય :-**

➢ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે. પી. નડ્ડા દ્વારા 11 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય મેલેરિયા નાબૂદી સંરચના 2016-2030નું લોન્ચિંગ કરવામાં આવ્યું.



current663.wordpress.com

- જેમાં 2030 સુધીમાં આ બિમારીની નાબૂદી માટે ભારતની રણનીતિ દર્શાવવામાં આવી છે.

❖ રાષ્ટ્રીય રૂર્બન મિશનનો શુભારંભ :-

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 21 ફેબ્રુઆરી 2016ના રોજ છત્તીસગઢના રાજનંદગામ જિલ્લાના કુરુભાત નામના સ્થાનેથી 'શ્યામાપ્રસાદ મુખરજી રાષ્ટ્રીય રૂર્બન મિશન'નો શુભારંભ કરવામાં આવ્યો. આ યોજનાએ આ પહેલાંની યોજના 'પુરા' મિશન (ગ્રામીણ ક્ષેત્રોમાં શહેરી સુવિધાઓ)નું સ્થાન લીધું છે.

❖ કેરળમાં દેશનો પહેલો જેન્ડર પાર્ક :-

- રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ કેરલના કોજીકોડમાં દેશના પ્રથમ લિંગ સમાનતા કનવર્જન્સ સેન્ટર પાર્કનું 27 ફેબ્રુઆરી, 2016ના રોજ ઉદઘાટન કર્યું. આ પાર્ક એ રાજ્યના સામાજીક ન્યાય મંત્રાલય દ્વારા લેવામાં આવેલું એક પગલું છે કે જેનો ઉદ્દેશ્ય લિંગ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે શિક્ષણવિદ, નાગરિકો અને રાજ્યને એક મંચ પર લાવવાનો છે.

❖ દેશનું પહેલું ડીજીટલ રાજ્ય :-

- રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ 27 ફેબ્રુઆરી, 2016ના રોજ કેરળને દેશનું પહેલું ડીજીટલ રાજ્ય જાહેર કર્યું છે. કેરળની પાસે 600 જેટલી ઈ-એપ્લિકેશન છે, જે રાજ્યના જુદા જુદા વિભાગો સાથે જોડાયેલી છે. રાજ્યમાં મોબાઈલની ટેલીડેન્સિટી 95% છે, જ્યારે રાજ્યની 60% જનસંખ્યાની પહોંચ ઈન્ટરનેટ સુધી છે.

❖ દેશની પહેલી રેલવે યુનિવર્સિટી :-

- 25 ફેબ્રુઆરી, 2016ના રોજ રજૂ કરવામાં આવેલા રેલવે બજેટમાં દેશની પહેલી રેલવે યુનિવર્સિટી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાતના વડોદરામાં થશે. રેલવે યુનિવર્સિટી બનાવવાના પ્રસ્તાવને રેલવે મંત્રાલય દ્વારા ડિસેમ્બર 2016માં જ મંજૂરી આપી દેવામાં આવી છે. રેલવે યુનિવર્સિટી શરૂ કરવા માટે નેશનલ એકેડમી ઓફ ઈન્ડીયન રેલવેઝ (NAIR) ના વર્તમાન પરિસર પ્રતાપ વિલાસ પેલેસનો જ ઉપયોગ કરવામાં આવશે. જમીન અધિગ્રહણની કામગીરી પૂર્ણ થયા બાદ ત્યાં યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે. માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય આ સંબંધમાં વિસ્તૃત રૂપરેખા તૈયાર કરી રહ્યું છે; જેને અનુમતિ માટે સંસદમાં રજૂ કરવામાં આવશે.

current663.wordpress.com

❖ સ્વચ્છ પર્યટન એપ :-

➢ પર્યટન સ્થળોની સફાઈ માટે કેન્દ્રીય પર્યટન મંત્રી શ્રી મહેશ શર્માએ 22 ફેબ્રુઆરી, 2016ના રોજ 'સ્વચ્છ પર્યટન' મોબાઈલ એપ રજૂ કરી. કોઈ જગ્યાએ ગંદકી જોવા મળે તો તેનો ફોટો આ એપ પર શેર કરી શકાશે. આવી ફરિયાદો પર ત્વરિત કાર્યવાહી કરવામાં આવશે. આ પરિયોજના ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા DEGS અને NICના માધ્યમથી અમલમાં મૂકવામાં આવી છે. આ એપનું નિરીક્ષણ પર્યટન મંત્રાલયમાં સ્વચ્છ ભારત મિશનની પરિયોજનાનું નિરીક્ષણ કરતા એકમ દ્વારા કરવામાં આવશે.

❖ સ્માર્ટ સિટી યોજનાના અમલ માટે **SPV (special Purpose Vehicle) :-**

➢ શહેરોની સ્માર્ટ સિટી યોજનાના અમલ માટે SPV (special Purpose Vehicle)ની રચનામાં દેશમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાન સૌથી મોખરે છે. વાસ્તવમાં આ એ શહેરો છે, જેમની સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં જીત થતાં તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યાં છે. મધ્યપ્રદેશમાં જબલપુર, ઈન્દોર અને ભોપાલ તથા રાજસ્થાનમાં જયપુર અને ઉદયપુર માટે SPV (special Purpose Vehicle)ની રચના કરી દેવામાં આવી છે. આ શહેરો સ્માર્ટ સિટી ચેલેન્જ પ્રતિસ્પર્ધાના 20 વિજેતાઓની પહેલી બેચમાં સામેલ થઈ ગયાં છે, જેમની જાહેરાત 29 જાન્યુઆરી, 2016ના રોજ કરવામાં આવી હતી.

❖ ભારતમાં ફ્રી બેસિક્સ બંધ :-

➢ ભારતીય દૂરસંચાર વિનિયામક પ્રાધિકરણનો નેટ ન્યુટ્રાલિટીનો નિર્ણય આવ્યા પછી ફેસબુક દ્વારા ભારતમાં પોતાની ફ્રી બેસિક્સ પરિયોજનાને બંધ કરી દેવામાં આવી છે. ફેસબુક દ્વારા ભારતમાં આ યોજના રીલાયન્સ કોમ્યુનિકેશન સાથે મળીને શરૂ કરવામાં આવી હતી.

❖ દેશનો પહેલો એવિએશન પાર્ક ગુજરાતમાં :-

➢ ભારતનો પહેલો એવિએશન એટલે કે વિમાની પાર્ક ગુજરાતમાં સ્થાપવામાં આવશે. તેમાં રન વે, પ્રશિક્ષણ વિદ્યાલય, હેલીપેડ અને નાના નિર્માણ માટેના એકમો સ્થાપિત કરવામાં આવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વિશ્વમાં આ પ્રકારના માત્ર 3 કે 4 જ પાર્ક છે. ગુજરાતમાં સ્થાપવામાં આવનાર આ પાર્કને પીપીપી (Public Private Partnership) મોડલ પર વિકસિત કરવામાં આવશે. આ પાર્કનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ, વ્યવસાયકારો, નીતિ નિર્માતાઓ અને કારોબારી સંસ્થાઓ વચ્ચે જાગૃતિ ફેલાવવાનો છે કે વિમાની ક્ષેત્રમાં ભરપૂર શક્યતાઓ રહેલી છે. ગુજસેલ દ્વારા પાર્ક માટે બાગડોરા નજીક 60 હેક્ટર જમીન પણ નક્કી કરવામાં આવી છે.

❖ સોનાની ખાણોની હરાજી :

➢ ભારતમાં પહેલીવાર સોનાની ખાણો હરાજી માટે ખુલ્લી મૂકવામાં આવી છે.



current663.wordpress.com

- આ હરાજીમાં વેદાંતા લિમિટેડને મોટી જીત હાંસલ થઈ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા પહેલીવાર ગોલ્ડ સેક્ટરને ખાનગી કંપનીઓ માટે ખૂલ્લુ મૂકવામાં આવ્યું છે.

❖ ગૌહાટી(ગુવાહાટી) અને શિલોંગમાં તિખોર પાર્ક :-

- 12મા દક્ષિણ એશિયાઈ રમતોત્સવની આયોજન સમિતિએ ગુવાહાટી અને શિલોંગમાં બનનાર તિખોર (રમતોત્સવનું શુભંકર) પાર્ક માટે 2 કરોડ રૂપિયા આપ્યા છે.

❖ હોસ્પિટલ સર્વિસ કન્સલટન્સી કોર્પોરેશન **(HSCC)** લિમિટેડને મિનિરત્ન-1 શ્રેણીનો દરજ્જો :

- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે. પી. નડ્ડા દ્વારા 1 ફેબ્રુઆરી, 2016ના રોજ હોસ્પિટલ સર્વિસ કન્સલટન્સી કોર્પોરેશન (HSCC) લિમિટેડને મિનિરત્ન-1 શ્રેણીનો દરજ્જો આપ્યો છે.
- આ કંપની કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય હેઠળની જાહેર ક્ષેત્રની કંપની છે.
- જાહેર ક્ષેત્રની એવી કંપનીઓને મિનિરત્નનો દરજ્જો આપવામાં આવે છે કે જે કંપનીઓ દ્વારા છેલ્લા 3 વર્ષ દરમ્યાન નફો પ્રાપ્ત કરવામાં આવ્યો હોય અને જેની નેટવર્થ પોઝીટીવ હોય.

❖ પ્રોજેક્ટ સનરાઈઝ :-

- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે. પી. નડ્ડા દ્વારા 6 ફેબ્રુઆરી 2016ના રોજ પૂર્વોત્તરના 8 રાજ્યોમાં નશા માટે ઈન્જેક્શનનો પ્રયોગ કરતા યુવાનોને અઈડ્સથી બચાવવા માટે પ્રોજેક્ટ સનરાઈઝનો શુભારંભ કરવામાં આવ્યો. આ પરિયોજનાનો ઉદ્દેશ્ય 2020 સુધી નશાખોરીના શિકાર 90% લોકોનો ઈલાજ કરવો અને તેમને દેશની મુખ્યધારામાં જોડવાનો છે.

❖ કેન્દ્રીય લોખંડ અને ખાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા 17 ફેબ્રુઆરી, **2016**ના રોજ નવી દિલ્હીમાં ભારતીય ભૂગર્ભ સર્વેક્ષણની 'અનાવરણ પરિયોજના'નો શુભારંભ કરવામાં આવ્યો.

❖ 24*7 પર્યટક ટોલ ફ્રી ઈન્ફોલાઈન :

- ભારતમાં આવનારા પર્યટકો માટે 24*7 પર્યટક ટોલ ફ્રી ઈન્ફોલાઈન શરૂ કરવામાં આવી છે.

- આ ઈન્ફોલાઈન 12 આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં શરૂ કરવામાં આવી છે. જેમાં અંગ્રેજી, હિન્દી, અરબી, ફ્રેંચ, જર્મન, ઈટાલી, જાપાની, કોરિયાઈ, ચાઈનીઝ, પોર્ટુગીઝ, રશિયન અને સ્પેનીશનો સમાવેશ થાય છે.

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 18 ફેબ્રુઆરી, 2016ના રોજ મધ્યપ્રદેશના શિહોર જિલ્લાના શેરપુર ગામમાં આયોજીત કિસાન મેળામાં પ્રધાનમંત્રી પાક વિમા યોજનાની જાહેરાત કરવામાં આવી.
- સિક્કિમની રાજધાની ગંગટોકમાં રાષ્ટ્રીય જૈવિક ખેતી અનુસંધાનની સ્થાપના કરવામાં આવશે.
- કેન્દ્રીય નાણામંત્રી શ્રી અરૂણ જેટલી દ્વારા 5 ફેબ્રુઆરી, 2016 ના રોજ નાણા મંત્રાલયની અધિકૃત **you-tube** ચેનલ લોન્ચ કરવામાં આવી. તેના થકી બહારની દુનિયાના લોકોને નાણા મંત્રાલયની ગતિવિધિઓ વિશે જાણકારી પ્રાપ્ત થશે.
- કેન્દ્ર સરકાર દ્વારા ઝારખંડના દેવઘરમાં સંસ્કૃત યુનિવર્સિટી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે.
- સંયુક્ત અરબ અમીરાતમાં 'મિનિસ્ટ્રી ઑફ હેપ્પીનેસ' અને 'મિનિસ્ટ્રી ઑફ ટોલરન્સ'ની સ્થાપના કરવામાં આવી.
- 3 ફેબ્રુઆરી, 2016ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ઉત્તરાખંડમાં જંગલી સુવરને એક વર્ષ માટે હિંસક પશુ જાહેર કરવામાં આવ્યું છે. **Wildlife (protection) Act, 1972** અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે એ અધિકાર છે કે તે કોઈ પણ પશુને અમુક સમયાવધિ માટે જંગલી પશુ જાહેર કરી શકે છે.
- સાત રાજ્યોમાં ઉત્પન્ન થતા બાસમતિ ચોખાને જીયોગ્રાફીકલ ઈન્ડીકેશન ટેગ લગાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ સાત રાજ્યોમાં પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, દિલ્લી, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશનું પશ્ચિમી ક્ષેત્ર અને જમ્મુ કશ્મીરના બે જિલ્લાઓનો સમાવેશ થાય છે.
- **United Nations** ના **Scientific Mega Report**માં ચેતવણી આપવામાં આવી છે કે જંગલી મધમાખીઓ, પતંગિયાં અને કીડા કે જે પરાગનયનની ક્રિયા કરે છે તે વિલુપ્ત થવાનો ભય વધી ગયો છે.
- 14 ફેબ્રુઆરી, 2016ના રોજ ગંગાની સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત અને સંશોધિત કરનારી 'ગંગા સંસ્કૃતિ યાત્રા' આરંભ કરવામાં આવી. ગંગા સંસ્કૃતિ યાત્રાનો ઉદ્દેશ ગંગા

current663.wordpress.com

નદીની સાંસ્કૃતિક વિરાસત પ્રદર્શિત કરવાની સાથે સાથે ગંગા નદીને સુરક્ષિત રાખવા અને પુનર્જીવિત કરવા સંબંધમાં લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.

❖ ઉત્તરાખંડમાં હશે ત્રણ દેશોની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ :-

- યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં ત્રણ દેશોની સાઈટ ઉત્તરાખંડમાં છે.
- આ પ્રકારનું ઉત્તરાખંડ વિશ્વનું એકમાત્ર રાજ્ય છે.
- કૈલાસ માનસરોવર યાત્રા માર્ગ એશિયાનો પહેલો ટ્રાન્સ બાઉન્ડ્રી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ બનશે.
- દહેરાદૂન સ્થિત યુનેસ્કો સેન્ટરે એ માટે પોતાના તરફથી લીલી ઝંડી પણ આપી દીધી છે.
- ભારત, નેપાળ અને ચીન એ ત્રણ વચ્ચે બનનાર આ વર્લ્ડ હેરીટેજ અન્ય એક બાબતમાં પણ વિશિષ્ટ છે. આ એશિયાની એવી પહેલી મિશ્રિત વર્લ્ડ હેરિટેજ હશે કે જેમાં ત્રણેય દેશોની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિશિષ્ટતાની પણ ભાગીદારી રહેશે.

❖ 19 થી 28 ફેબ્રુઆરી દરમ્યાન હરિયાણાના કરનાલમાં રાષ્ટ્રીય સ્તરના દસ દિવસીય સરસ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

❖ 20-26 ફેબ્રુઆરી, 2016 દરમ્યાન મધ્યપ્રદેશના ખજૂરાહોમાં 42મા ખજૂરાહો નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

❖ જનશિક્ષણ સંસ્થાન, મલ્લપુરમ(કેરળ રાજ્ય)નો **The Vocational skill Development Training and literacy Equivalency Programme**ને યુનેસ્કો દ્વારા 2015માં દુનિયાભરમાં અમલી સૌથી શ્રેષ્ઠ સાત સાક્ષરતા કાર્યક્રમોમાંથી એક તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે.

❖ મુજીરિસ વિરાસત પરિયોજના :-

- રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ 27 ફેબ્રુઆરી, 2016ના રોજ કેરળના કોચ્ચિથી 50 કિમી દૂર સૌથી જૂના બંદર શહેર કોડુંગલ્લુરમાં દેશની સૌથી મોટી સંરક્ષણ પરિયોજના 'મુજીરિસ વિરાસત' અને કેરળની પહેલી લીલી પરિયોજનાનો શુભારંભ કર્યો.
- આ પરિયોજના અંતર્ગત ત્રિશૂર સ્થિત પારાવુરમાં એર્નાકુલમથી લઈને કોડુંગલ્લુરના વચ્ચે ફેલાયેલી ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વની ઈમારતોનું સંરક્ષણ કરવું એ બાબત સમાવિષ્ટ છે. આ પરિયોજનાનો ઉદ્દેશ વિવિધ વિકાસ કાર્યોમાં સ્થાનિક લોકોને સામેલ કરવાનો છે. આ પરિયોજનાનું કાર્યક્ષેત્ર ઉત્તરી પારાવુરમાં એર્નાકુલમથી ત્રિશૂર જિલ્લામાં કોડુંગલ્લુર સુધી ફેલાયેલું છે. વર્ષ 2015માં આ પરિયોજનાને વિરાસત અને સંસ્કૃતિ શ્રેણીમાં પેસિફિક એશિયા ટ્રાવેલ એસોશિએશન (Pacific Asia Journey Affiliation – PATA) પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો.


current663.wordpress.com

- ❖ ફોટોનિક પ્રોપલ્સન :-
  - ➢ અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીના ભૌતિક વિજ્ઞાનીઓ આપણા સૌરમંડળના સૌથી નજીકના તારાઓ સુધી માણસને મોકલવાની યોજના પર કામ કરી રહ્યા છે. પરંતુ એ હાલની ટેકનોલોજીથી શક્ય નથી. આ માટે વૈજ્ઞાનિકો ફોટોન પ્રોપલ્સન ટેકનોલોજી પર સંશોધન કરી રહ્યા છે કે જે થ્રસ્ટ ઉત્પન્ન કરવા માટે લેસરના પ્રકાશનો ઉપયોગ કરે છે.
  - ➢ આપણા મંગળયાનને મંગળ સુધી પહોંચવામાં એક વર્ષ લાગી ગયું. જો કે નાસાના મંગળયાનને પણ એટલો જ સમય લાગ્યો હતો. જ્યારે માણસને આવા ગ્રહો પર મોકલવાનો હોય ત્યારે આ સમય ઘણો લાંબો કહેવાય. આથી આ બાબત ધ્યાનમાં રાખીને અમેરિકાના યુસી સાંતાબારબારા યુનિવર્સિટીના પ્રોફેસર ફિલિપ રૂબિને ઑક્ટોબર 2015માં જાહેરાત કરી હતી કે તેઓ એવી કોઈ ટેકનીક પર કામ કરી રહ્યા છે કે જે માત્ર ત્રણ જ દિવસમાં અંતરિક્ષયાનને  આવા ગ્રહો પર પહોંચાડી શકે.
  - ➢ પરંતુ હાલમાં (ફેબ્રુઆરી, 2016) તેમણે એવી જાહેરાત કરી બધાને આશ્ચર્ય પમાડી દીધા છે કે મંગળ ગ્રહ પર કોઈ પણ યાનને માત્ર 30 મિનિટમાં જ મોકલી શકાશે. આ આશ્ચર્યની પાછળ લેસર પ્રોપલ્સન ટેકનોલોજી રહેલી છે.

- ❖ ક્રાયો સીઈ-20નું સફળ પરીક્ષણ :-
  - ➢ ઈસરોને 19 ફેબ્રુઆરીના રોજ સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનના પરીક્ષણમાં સફળતા પ્રાપ્ત થઈ છે.
  - ➢ ઈસરોના મહેન્દ્રગિરિના ઈસરો પ્રોપલ્સન સેન્ટરમાં 'ક્રાયો સીઈ-20'નું હોટ પરીક્ષણ કરવામાં આવ્યું.
  - ➢ આ પરીક્ષણ 640 સેકન્ડની ઉડવાની અવધિ માટે કરવામાં આવ્યું હતું.
  - ➢ આનું પરીક્ષણ ક્લોઝ લૂપ મોડમાં મિક્સચર રેશિયો કંટ્રોલર (Mixture Ratio Controller - MRT) ની સાથે કરવામાં આવ્યું.
  - ➢ સંપૂર્ણ રીતે સ્વદેશી ક્રાયોજેનિક એન્જીનનો વિકાસ એ ડિસેમ્બર મહિનામાં થનાર GSLV MK3ના પ્રક્ષેપણ માટે એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે.
  - ➢ બે ટૂંકા સમયનાં પરીક્ષણો આ પહેલાં પણ કરવામાં આવેલાં છે. દરેક પરીક્ષણ વખતે તેની પ્રજ્વલન ક્ષમતામાં સુધારો જોવા મળ્યો છે અને તેનું પ્રદર્શન પણ સુધર્યું છે.

- ❖ 'રાષ્ટ્રીય વન્યજીવ એક્શન પ્લાન' – (2017-2031)
  - ➢ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે 'રાષ્ટ્રીય વન્ય જીવ એક્શન પ્લાન' નો મુસદ્દો 3 ફેબ્રુઆરી, 2016ના રોજ રજૂ કર્યો.

current663.wordpress.com

- આ મુસદ્દો જે. સી. કાળાની અધ્યક્ષતાવાળી સમિતિએ તૈયાર કર્યો છે.
- આ સમિતિની રચના રાષ્ટ્રીય વન્યજીવ કાર્યવાહી યોજના 2002-2016 ના અમલીકરણની સમીક્ષા માટે તેમજ વન્યજીવ સંરક્ષણ પર આગળની કાર્યવાહી પર ભલામણો કરવા માટે કરવામાં આવી હતી.

❖ અમેરિકાની ક્લીવલેન્ડ હોસ્પિટલમાં સફળતાપૂર્વક પહેલા ગર્ભાશયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

❖ આર્જેન્ટીનામાં જુરાસિક યુગનો સૌથી મોટો સંગ્રહ :-

- જુરાસિક યુગનો સૌથી મોટો જીવાશ્મિ સંગ્રહ આર્જેન્ટિનાના પૈટાગોનિયામાં મળી આવ્યો છે.
- આ સ્થળ 23,000 ચોરસ માઈલ (60,000 ચોરસ કિલોમીટર) વિસ્તારમાં ફેલાયેલું છે.
- વિશ્વના અન્ય કોઈ પણ સ્થળે આટલો મોટો અને વૈવિધ્યવાળો વિસ્તાર મળ્યો નથી.
- જુરાસિક યુગ ક્રિટેસિયસ યુગની પહેલાં માનવામાં આવે છે. આ યુગ 199.6 થી 145.5 મિલિયન વર્ષ પહેલાં હતો.
- પૈટાગોનિયાના જે વિસ્તારમાં જુરાસિક સંગ્રહ મળી આવ્યો છે તે સ્થળને 'દિસિયાદોમાસિફ' પણ કહેવામાં આવે છે.

❖ ઝીકા વાયરસની રસી શોધવાનો દાવો :-

- ભારતના તેલંગાણા રાજ્યની એક દવા કંપની ભારત બાયોટેકે ઝીકા વાયરસની રસી શોધવાનો દાવો કર્યો છે.
- 'બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ' અનુસાર કંપનીએ પહેલેથી જ રસી માટે પેટન્ટ દાખલ કરી લીધી છે.
- કંપની દ્વારા પોતાના વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવેલ રસીનાં માણસ અને પશુઓ પર પરીક્ષણ માટે મંજૂરી માંગી છે.

❖ અનિર્બાન લાહિડી : હિલ્ટન એશિયન ટૂર ગોલ્ફર ઑફ ધ યર :-

- ભારતના ગોલ્ફ ખેલાડી અનિર્બાન લાહિડીને ઓનલાઈન પોલમાં મતદાન પછી પ્રશંસકોએ હિલ્ટન એશિયન ટૂર ગોલ્ફર ઑફ ધ યર તરીકે પસંદ કર્યો છે.
- ગયા વર્ષે મેબૈંક ઓપન હીરો અને હીરો ઓપન ઈન્ડીયાનો ખિતાબ તેણે જીત્યો હતો.
- પ્રેસિડેન્ડ કપમાં રમનાર તે પ્રથમ ભારતીય બન્યો છે.



current663.wordpress.com

- ❖ કલિખોપુલ અરૂણાચલ પ્રદેશના 9મા મુખ્યમંત્રી બન્યા. તેમને 19 ફેબ્રુઆરીના રોજ રાજ્યપાલ જે. પી. રાજખોવાએ ગુપ્તતાના અને પદના સોગંદ લેવડાવ્યા હતા.
- ❖ પ્રખ્યાત ભારતીય ગીતકાર સમીર અંજાનનું નામ 18 ફેબ્રુઆરી, 2016ના રોજ સૌથી વધુ ગીત લખવાના કારણે ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે. તેમણે અત્યાર સુધીમાં 3524 ગીત લખ્યાં છે. ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થનાર તેઓ પ્રથમ ભારતીય ગીતકાર છે.
- ❖ યુ. કે. સિંહાને સેબીના અધ્યક્ષ તરીકે પુનર્નિયુક્ત કરવામાં આવ્યા છે.
- ❖ ફેસબુક ઈન્ડીયાની પ્રબંધ નિદેશક કિર્તિગા રેડ્ડીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ફેસબુકની મહત્વાકાંક્ષી યોજના ફ્રી બેસિક્સને ભારતમાં મંજૂરી નહીં મળવાને કારણે તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે.
- ❖ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રાહુલ દ્રવિડને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ એટલે કે આઈ.સી.સી.ની ભ્રષ્ટાચાર નિવારક કમિટીના સભ્ય બનાવવામાં આવ્યા છે.

❖ પૂર્વ ન્યાયમૂર્તિ શ્રી એચ. એલ. દત્તુ :- રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ

- ➢ દેશના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એચ. એલ. દત્તુને 23 ફેબ્રુઆરી, 2016ના રોજ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. કે. જી. બાલકૃષ્ણનની સેવા નિવૃત્તિ બાદ છેલ્લા આઠ મહિનાથી આ પદ ખાલી હતું.
- ➢ દત્તુ 2 ડિસેમ્બર, 2015ના રોજ ભારતના મુખ્ય ન્યાયાધીશ પદ પરથી સેવા નિવૃત્ત થયા હતા. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષનું પદ સંભાળ્યા બાદ તેમનો કાર્યકાળ આ પદ પર પાંચ વર્ષનો રહેશે.
- ➢ માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993 મુજબ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણ પર રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિયુક્તિ કરે છે.
- ➢ શ્રી દત્તુ 28 સપ્ટેમ્બર, 2014 થી 2 ડિસેમ્બર, 2015 સુધી ભારતના મુખ્ય ન્યાયાધીશ હતા.

❖ ડી. જે. પાંડિયન : એશિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંકના ઉપાધ્યક્ષ :

- ➢ ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી ડી. જે. પાંડિયનને બેઈજિંગ સ્થિત નવરચિત એશિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંકના ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે.
- ➢ તેમની આ પદની નિયુક્તિ માટે ભારત સરકાર દ્વારા ભલામણ કરવામાં આવી હતી.
- ➢ આ બેંકના અધ્યક્ષ ચીનના પૂર્વ નાણા મંત્રી જિન લિકુન છે.



current663.wordpress.com

- શ્રી પાંડિયન ગુજરાત કેડરના 1981ની બેચના આઈ.એ.એસ. અધિકારી છે.
- 100 અરબ ડોલરની અધિકૃત મૂડી સાથે આ બેંકની સ્થાપના 25 ડિસેમ્બર, 2015ના રોજ બેઈજિંગમાં કરવામાં આવી હતી.
- આ બેંકમાં ચીન, ભારત અને રશિયાની ભાગીદારી ક્રમશઃ 30.34%, 8.52% અને 6% છે. આ ત્રણેયની મતની ભાગીદારી 26.06%, 7.5% અને 5.92% છે.

❖ અમિત મિત્રા : **Goods and Service Tax** કમિટીના અધ્યક્ષ :

- પશ્ચિમ બંગાળના પૂર્વ નાણામંત્રી શ્રી અમિત મિત્રાને 19 ફેબ્રુઆરી, 2016ના રોજ વસ્તુ અને સેવા કર સંબંધિત રાજ્યોના નાણામંત્રીઓની સમિતિના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેમની નિમણૂક કેરળના પૂર્વ નાણામંત્રી શ્રી કે. એમ. મણિની જગ્યાએ કરવામાં આવી છે.

❖ કે. એન. વ્યાસ : બાર્કના નિદેશક :

- પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક કે. એન. વ્યાસને ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (બાર્ક)ના નિદેશક તરીકે 19 ફેબ્રુઆરી, 2016ના રોજ નિમવામાં આવ્યા છે.
- તેમના પહેલાં આ સ્થાન પર શ્રી શેખર બસુ હતા; જેમને ઑક્ટોબર, 2015માં ભારતના પરમાણુ ઊર્જા આયોગના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

❖ અશોક ચાવલા : ટેરીના અધ્યક્ષ નિયુક્ત :

- પૂર્વ નાણા સચિવ અશોક ચાવલાને ટેરી (The Energy and Resources Institute – TERI) ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેમની નિમણૂંક બી. વી. શ્રીકાંતના સ્થાન પર કરવામાં આવી છે.
- શ્રી અશોક ચાવલા આ પહેલાં ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (Competition Commission of India – CCI) ના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

❖ શ્રી સી. વી. સુબ્રમણ્યમનું નિધન :

- ભારતીય વૈજ્ઞાનિક અને મશરૂમના વિશેષજ્ઞ શ્રી સી. વી. સુબ્રમણ્યમનું 92 વર્ષની વયે અવસાન થયું છે.
- તેમને ભારતના વિજ્ઞાન ક્ષેત્રના સર્વોચ્ચ પુરસ્કાર શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કારથી 1965માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

current663.wordpress.com

- તેમણે મશરૂમ પર વિશેષ સંશોધન કર્યું હતું અને તેના નિષ્ણાત હતા. તેમણે શોધેલ મશરૂમને સંસ્કૃત નામ પણ આપ્યું હતું.
- તેમણે 1973માં 'માઈકોલોજી સોસાયટી ઓફ ઈન્ડીયા'ની સ્થાપના પણ કરી હતી.
- આ સિવાય તેઓ 'કવક' નામે પત્રિકાનું સંપાદન પણ કરતા હતા.

❖ લાંસ નાયક હનુમનથપ્પા કોપ્પાડનું નિધન :

- સિયાચીન ગ્લેશિયરમાં થયેલા હિમ સ્ખલનમાં ફસાયા બાદ એક માત્ર જીવીત મળેલ જવાન લાંસ નાયક હનુમનથપ્પા કોપ્પાડનું 11 ફેબ્રુઆરી, 2016ના રોજ નિધન થઈ ગયું છે.

❖ કાર્ટુનિસ્ટ સુધીર તૈલંગનું નિધન:

- પ્રખ્યાત કાર્ટુનિસ્ટ સુધીર તૈલંગનું 55 વર્ષની વયે 6 ફેબ્રુઆરીના રોજ અવસાન થયું છે. તેમનો જન્મ રાજસ્થાનના બિકાનેરમાં થયો હતો.
- 2004માં એમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- તેમણે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પર એક કાર્ટુનોની શ્રેણી પુસ્તકના સ્વરૂપમાં પ્રકાશિત કરી હતી; જેનું નામ 'નો પ્રાઈમ મિનિસ્ટર' હતું.

❖ લોકસભાના પૂર્વ અધ્યક્ષ પી. એ. સંગમાનું નિધન :

- લોકસભાના પૂર્વ અધ્યક્ષ અને વર્તમાન સાંસદ પી. એ. સંગમાનું નિધન થયું છે.
- તેઓ 1996-1998 વચ્ચે લોકસભાના અધ્યક્ષ રહી ચૂક્યા છે.
- તેઓ 1988-1990 દરમ્યાન મેઘાલયના મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે.
- રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સહસ્થાપક રહી ચૂકેલા સંગમા 8 વાર ચૂંટણી જીતીને લોકસભામાં પહોંચેલા છે.
- વર્તમાન સમયમાં તેઓ મેઘાલયના વેસ્ટ ગારો હિલ્સ જિલ્લાની તુરા બેઠકના સાંસદ હતા.

❖ અરવિંદો મુખરજીનું નિધન:

- બાંગ્લા ફિલ્મોના ખ્યાતનામ નિર્દેશક શ્રી અરવિંદો મુખરજીનું 96 વર્ષની વયે નિધન થયું છે.
- તેમના દ્વારા નિર્દેશિત પ્રથમ ફિલ્મ 'કિચ્છુખુન' (1959) રાષ્ટ્રપતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવી હતી.



current663.wordpress.com

- અરવિંદોએ 1970માં 'નિશિપદ્મા' નામે ફિલ્મનું નિર્દેશન કર્યું હતું; જેને પાછળથી હિંદીમાં 'અમર પ્રેમ' નામે બનાવવામાં આવી. અરવિંદોએ આ ફિલ્મની પટકથા લખી હતી. જે માટે તેમને 1973માં ફિલ્મફેર એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

❖ લામિત્યે 2016 :

- ભારતીય સેના અને સિસલીની પિપુલ્સ ડિફેન્સ ફોર્સીસનો 'લામિત્યે 2016' નામે સાતમા ચરણનો યુદ્ધ અભ્યાસ 15-28 ફેબ્રુઆરી વચ્ચે સિસલીના વિક્ટોરિયામાં આયોજીત કરવામાં આવ્યો હતો.

❖ **IBSAMAR 2016 :**

- ભારત, બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાના સંયુક્ત નૌકાસૈન્યનો અભ્યાસ 19 થી 29 ફેબ્રુઆરી દરમ્યાન ગોવામાં આયોજીત કરવામાં આવ્યો.
- આ અભ્યાસ પાંચમી વાર યોજવામાં આવ્યો. પરંતુ ભારતીય ક્ષેત્રમાં આ અભ્યાસ પહેલીવાર કરવામાં આવ્યો.
- આ પ્રકારનો પહેલો ત્રિપક્ષીય યુદ્ધ અભ્યાસ 2006માં યોજવામાં આવ્યો હતો.
- આ અભ્યાસને ચીનને ઘેરવાની રણનીતિના ભાગરૂપ જોવામાં આવી રહ્યો છે.

❖ આંતરરાષ્ટ્રીય ફ્લીટ રીવ્યુ 2016 :

- ઈન્ટરનેશનલ ફ્લીટ રીવ્યુ નામથી આંતરરાષ્ટ્રીય સૈન્ય અભ્યાસ 4-8 ફેબ્રુઆરી દરમ્યાન વિશાખાપટ્ટનમ ખાતે યોજવામાં આવ્યો.
- આ સૈન્ય અભ્યાસની થીમ હતી - United Through Nations
- તેનું શુભંકર ડોલ્ફિન હતી.
- આ પહેલાં 2001માં ભારતીય નૌકા સૈન્ય દ્વારા મુંબઈમાં ઈન્ટરનેશનલ ફ્લીટ રીવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

❖ કોબરા ગોલ્ડ અભ્યાસ 2016 (થાઈલેન્ડ) :

- 20 જાન્યુઆરીથી 18 ફેબ્રુઆરી દરમ્યાન થાઈલેન્ડમાં 'કોબરા ગોલ્ડ યુદ્ધ અભ્યાસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસમાં આ વર્ષે પહેલી વાર ભારત, ચીન અને પાકિસ્તાને એક સાથે ભાગ લીધો હતો.

- કોબરા ગોલ્ડનો ઈતિહાસ 1982માં શરૂ થયો હતો; જ્યારે અમેરિકાએ ચીનના વિરુદ્ધમાં તૈયારીના ભાગરૂપે થાઈલેન્ડની સેનાને પ્રશિક્ષિત કરવા માટે એશિયાઈ પેસિફિક મહાસાગરના ક્ષેત્રમાં આ સૌથી મોટા યુદ્ધ અભ્યાસનું આયોજન કર્યું હતું.
- કોબરા ગોલ્ડ 2016નું લક્ષ્ય કુદરતી સમસ્યાઓ સામે રક્ષણ મેળવવા અને જનતાને રાહત આપવા માટે વિવિધ દેશોની સેનાઓ વચ્ચે પરસ્પર સહયોગ અને સહકાર્યનો વિકાસ કરવાનું હતું.

❖ સિનો – ઈન્ડિયા કો ઓપરેશન 2016 :

- ભારત અને ચીનની સેનાઓ વચ્ચે પહેલો રણનીતિ અંગેનો સંયુક્ત સૈન્ય અભ્યાસ 7 ફેબ્રુઆરી 2016ના રોજ લદ્દાખમાં આયોજીત કરવામાં આવ્યો.
- આ યુદ્ધ અભ્યાસ ભારત-ચીન સીમા પર ચુશુલ મોલ્દોમાં કરવામાં આવ્યો.

❖ ડૉ. સુનિતા જૈન :

- હિંદીની પ્રખ્યાત લેખિકા ડૉ. સુનિતા જૈનને વર્ષ 2015નું વ્યાસ સન્માન આપવામાં આવ્યું.
- વર્ષ 2008માં પ્રકાશિત તેમના કાવ્યસંગ્રહ 'ક્ષમા' માટે તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- આ પુરસ્કાર અંતર્ગત 2.5 લાખ રૂપિયાની સન્માન રાશી આપવામાં આવે છે.
- ડૉ. સુનિતા જૈનનો જન્મ 1941માં અંબાલામાં થયો હતો.
- આ પુરસ્કાર માટે તેમની પસંદગી વિશ્વનાથ તિવારીની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા કરવામાં આવી હતી.
- કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા વર્ષ 1991થી દસ વર્ષની પ્રકાશન અવધિ દરમ્યાન પ્રકાશિત થયેલ હિંદી સાહિત્યની ઉત્તમ કૃતિને વ્યાસ સન્માન આપવામાં આવે છે.
- પહેલું વ્યાસ સન્માન ડૉ. રામવિલાસ શર્માને 1991માં 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર' માટે આપવામા આવ્યું હતું. વર્ષ 2014માં કમલ કિશોર ગોયન્કાને 'પ્રેમચંદકી કહાનિયોં કા કાલ ક્રમાનુસાર અધ્યયન' માટે આપવામાં આવ્યો હતો.

❖ રેસુલ પુકુટ્ટીને ગોલ્ડન રીલ એવોર્ડ :

- ઓસ્કાર વિજેતા સાઉન્ડ ડિઝાઈનર રેસુલ પુકુટ્ટીને ચર્ચિત તેમની ડોક્યુમેન્ટરી 'India's daughter' માટે ગોલ્ડન રીલ એવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો.


current663.wordpress.com

- રેસુલને વાર્ષિક મોશન પિક્ચર્સ એડીટર્સ 63મા ગોલ્ડન રીલ એવોર્ડમાં બે શ્રેણીઓમાં નામાંકન મળ્યું હતું. તેમને આ નામાંકન 'Unfreedom' અને 'India's daughter' ફિલ્મો માટે મળ્યું હતું.
- પુકુટ્ટીને 'સર્વશ્રેષ્ઠ ધ્વનિ અને સંગીત સંપાદન : ટીવી વૃત્તચિત્ર લઘુ પ્રારૂપ' નો પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- એશિયામાં પહેલી વાર ભારતને ગોલ્ડન રીલ એવોર્ડ મળ્યો છે.
- 'India's daughter' એ દિલ્હીમાં 16 ડિસેમ્બર, 2012ના રોજ ચાલુ બસમાં 23 વર્ષીય વિદ્યાર્થીની ફિઝિયોથેરપિસ્ટના સાથે થયેલ સામુહિક દુષ્કર્મની ઘટના પર આધારિત છે. આ ફિલ્મને ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવેલ છે.

## ❖ યસ બેંકને 'ગ્રીન બોન્ડ પોયનીયર' એવોર્ડ :

- ખાનગી ક્ષેત્રની ભારતની પ્રમુખ બેંક યસ બેન્કને લંડનમાં પ્રથમવાર ગ્રીન બોન્ડ પોયનીયર પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- ગ્રીન બોન્ડ બજારમાં યસ બેંકાની શરૂઆતની અને ઉલ્લેખનીય સફળતા માટે એવોર્ડ આપવામાં આવ્યો છે.
- અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ રજૂ કરનાર યસ બેન્ક દેશની પહેલી બેંક છે. બેંક દ્વારા વર્ષ 2015માં 1000 કરોડ રૂપિયાના ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા.

## ❖ ગોલ્ડન બીવર એવોર્ડ :

- મુંબઈમાં આયોજીત છઠ્ઠા રાષ્ટ્રીય વિજ્ઞાન ફિલ્મ મહોત્સવ અને સ્પર્ધામાં 'નાગાલેન્ડ ઈઝ ચેન્જીંગ બટ...'ને વર્ષ 2016નો સર્વશ્રેષ્ઠ ફિલ્મનો ગોલ્ડન બીવર એવોર્ડ આપવામાં આવ્યો.
- આ ફિલ્મ નાગાલેન્ડ વન વિભાગ દ્વારા નિર્દેશિત છે અને તેમાં ગ્રામીણ લોકોના સંરક્ષણના પ્રયાસને દર્શાવવામાં આવ્યો છે.

## ❖ ઓસ્કાર એવોર્ડ 2016 :

- 88મો એકેડમી એવોર્ડ જે ઓસ્કારના નામથી લોકપ્રિય છે; તે 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકાના લોસ એન્જેલસમાં આપવામાં આવ્યો.
- કુલ 24 શ્રેણીઓમાં આ એવોર્ડ આપવામાં આવ્યો.
- 'મેઈડ મેક્સ ફ્યુરી' ફિલ્મને સૌથી વધુ 6 એવોર્ડ મળ્યા.

current663.wordpress.com

- ભારતીય મૂળના બ્રિટની ફિલ્મકાર આસિફ કાપડીયાને 'એમી' ફિલ્મ માટે સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટરીનો ઓસ્કાર આપવામાં આવ્યો. આ ડોક્યુમેન્ટરી એમી વાઈનહાઉસની જિંદગી અને 27 વર્ષની ઉમરમાં એમની ત્રાસપૂર્વકની મોતની તીખી તપાસ કરે છે.

- અન્ય એવોર્ડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 1 | સર્વશ્રેષ્ઠ ફિલ્મ | સ્પોટલાઈટ |
| 2 | સર્વશ્રેષ્ઠ અભિનેતા | લિયોનાર્દો ડીકેપ્રિયો (રેવનેંટ) |
| 3 | સર્વશ્રેષ્ઠ અભિનેત્રી | બ્રાઈ લાર્સન (રૂમ) |
| 4 | સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી | એમી |
| 5 | સર્વશ્રેષ્ઠ નિર્દેશક | અલેજેંદ્રો જી. ઈનારિતુ (રેવનેંટ) |
| 6 | સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા | માર્ક રાયલંસ (બ્રિજ ઓફ સ્પાઈસ) |
| 7 | સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રી | એલીશિયા વિકેંડર (ડેનિશ ગર્લ) |
| 8 | સર્વશ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ | સન ઑફ સોલ (હંગેરી) |
| 9 | સર્વશ્રેષ્ઠ લાઈવ એક્શન લઘુ ફિલ્મ | સ્ટટરર |
| 10 | સર્વશ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી (લઘુ વિષય) | ધ ગર્લ ઈન ધ રીવર, ધ પ્રાઈસ ઑફ ફરગીવનેસ |
| 11 | સર્વશ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ | ઈનસાઈડ આઉટ |
| 12 | સર્વશ્રેષ્ઠ ઓરિજીનલ સ્કોર | એનિઓ મોરિકોન (ધ હેટફુલ એટ) |
| 13 | સર્વશ્રેષ્ઠ એનિમેટેડ લઘુ ફિલ્મ | બેયર સ્ટોરી |
| 14 | સર્વશ્રેષ્ઠ વિઝ્યુઅલ ઈફેક્ટસ | એક્સ માકિના |
| 15 | સર્વશ્રેષ્ઠ સાઉન્ડ મિક્સિંગ | મેઈડ મેક્સ, ફ્યુરી રોડ |
| 16 | સર્વશ્રેષ્ઠ ફિલ્મ એડીટીંગ | મેઈડ મેક્સ, ફ્યુરી રોડ |
| 17 | સર્વશ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી | ધ રેવનેંટ |
| 18 | સર્વશ્રેષ્ઠ પ્રોડક્શન ડિઝાઈન | કોલિન ગિબ્સન અને લીઝા થોમ્પસન (મેઈડ મેક્સ, ફ્યુરી રોડ) |
| 19 | બેસ્ટ કોસ્ટ્યુમ | ફૈની બેવન (મેઈડ મેક્સ, ફ્યુરી રોડ) |
| 20 | સર્વશ્રેષ્ઠ એડેપ્ટેડ સ્ક્રીન પ્લે | ચાર્લ્સ રેન્ડોલ્ફ અને એડમ મૈકેસ (ધ બિગ શોર્ટ) |
| 21 | સર્વશ્રેષ્ઠ ઓરીજીનલ સ્ક્રીન પ્લે | જોશ સિંગર અને ટોમ મૈકાર્થી (સ્પોટલાઈટ) |
| 22 | બેસ્ટ ઓરીજીનલ સોન્ગ | રાઈટીંગ્સ ઓન ધ વોલ ((સ્પેક્ટર) |


current663.wordpress.com

- ❖ બાફ્ટા ફિલ્મ એવોર્ડ :

  - ➢ બાફ્ટા ફિલ્મ એવોર્ડ 2015 અંતર્ગત આપવામાં આવેલ એવોર્ડ નીચે મુજબ છે.

| ક્રમ | કેટગરી | વિજેતા |
|---|---|---|
| 1 | સર્વશ્રેષ્ઠ ફિલ્મ | ધ રેવનેંટ |
| 2 | સર્વશ્રેષ્ઠ અભિનેતા | લિયોનાર્દો ડીકેપ્રિયો (ધ રેવનેંટ) |
| 3 | સર્વશ્રેષ્ઠ અભિનેત્રી | બ્રાઈ લાર્સન (રૂમ) |
| 4 | સર્વશ્રેષ્ઠ નિર્દેશક | અલેજેંદ્રો જી. ઈનારિતુ (રેવનેંટ) |
| 5 | સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા | માર્કા રીલાંસ ( બ્રિજ ઓફ સ્પાઈ) |
| 6 | સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રી | કેટ વિંસ્ટલેટ (સ્ટીવ જોબ્સ) |
| 7 | સર્વશ્રેષ્ઠ બાફ્ટા વૃત્તચિત્ર | એમી |
| 8 | સર્વશ્રેષ્ઠ એનિમેટેડ ફિલ્મ | ઈનસાઈડ આઉટ |
| 9 | સર્વશ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ | વાઈલ્ડ ટેલ્સ (બ્રાઝીલ) |

- ❖ નવી દિલ્હી નગર નિગમ (એન.ડી.એમ.સી.)ને મુંબઈમાં આયોજીત ત્રીજા સ્માર્ટ સીટી સંમેલનમાં 'સ્માર્ટ પ્રોજેક્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવેલ છે.

- ❖ અરમાન ઈબ્રાહીમ : મોટર સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર :
  - ➢ ભારતીય કાર રેસર અરમાન ઈબ્રાહીમને ભારતીય ફેડરેશન ઑફ મોટર સ્પોર્ટ્સ ક્લબ દ્વારા મોટર સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર નો એવોર્ડ આપવામાં આવ્યો છે.
  - ➢ લૅંબોર્ગિની બ્લાન્પૈન સુપર ટ્રોફી એશિયા સીરીઝમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે તેને રેમંડ ગૌતમ સિંઘાનિયા રોલિંગ ટ્રોફી આપવામાં આવી.

- ❖ દીનાનાથ મંગેશકર એવોર્ડ :
  - ➢ અભિનેતા રણવીર સિંહ અને ફિલ્મ નિર્દેશક સંજય લીલા ભણસાલીને વર્ષ 2016ના દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.
  - ➢ આ પુરસ્કાર લતા મંગેશકરના પિતા દીનાનાથ મંગેશકરની યાદમાં આપવામાં આવે છે.



current663.wordpress.com

- ❖ નાઈટ ઑફ ધ લીઝન :
  - ભારતીય ફેશન ડિઝાઈનર મનીષ અરોરાને ફ્રાંસના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'નાઈટ ઑફ ધ લીજન ઑફ ઓનર'થી સન્માનિત કરવામાં આવ્યા.
  - આ પુરસ્કાર ફ્રાંસના શાસક નેપોલિયન બોનાપાર્ટ દ્વારા વર્ષ 1802માં શરૂ કરવામાં આવ્યો હતો.

- ❖ પ્રાઈડ ઑફ કેરલ એવોર્ડ :
  - રાષ્ટ્રીય ફિલ્મ  એવોર્ડથી સન્માનિત હિંદી ફિલ્મ અભિનેત્રી વિદ્યા બાલનને પ્રાઈડ ઑફ કેરલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી.
  - વિધા બાલન મૂળ કેરળની રહેવાસી છે.

- ❖ દાદા સાહેબ ફાળકે એવોર્ડ :
  - બોલીવુડના અભિનેતા અને નિર્દેશક મનોજ કુમારને 2015નો 27મો દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એનાયત થયો.
  - એમને પુરસ્કારના રૂપમાં એક સુવર્ણ કમળ, 10 લાખ રૂ. રોકડા અને એક શાલ આપવામાં આવી.
  - તેઓ 1957 થી 1995 સુધી ફિલ્મોમાં સક્રિય રહ્યા અને દેશભક્તિની ભાવનાથી સમૃદ્ધ અનેક ફિલ્મો બનાવી.
  - 'ઉપકાર' ફિલ્મ માટે તેમને રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ત્યારબાદ ભારત સરકારે 1992માં તેમને પદ્મશ્રીથી પણ સન્માનિત કર્યા છે.
  - તેમનો જન્મ જુલાઈ, 1937માં અવિભાજીત ભારતના એબટાબાદમાં થયો હતો.
  - વર્ષ 1995માં 'શહીદ' ફિલ્મથી એમની દેશભક્તિના હીરો તરીકેની એક છબી બની હતી.
  - 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ બાદ તત્કાલિન વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ તેમને 'જય જવાન, જય કિસાન'ના નારા પર આધારિત ફિલ્મ બનાવવા માટે કહ્યું હતું. જેના કારણે તેમણે ઉપકાર નામની એક યાદગાર ફિલ્મ બનાવી હતી.

- ❖ જનધન યોજના : સર્વોત્તમ બેંકનો એવોર્ડ :
  - કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના પ્રધાનમંત્રી જનધન યોજના માટે પંજાબ નેશનલ બેંકને સર્વોત્તમ બેંકનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

current663.wordpress.com

❖ વેંકૈયા નાયડુ (જાટ અનામત) સમિતિ :

- કેન્દ્ર સરકારે જાટ જ્ઞાતિને અનામત આપવાના મુદ્દા પર એક પાંચ સભ્યોની સમિતિ બનાવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે કેન્દ્રીય મંત્રી શ્રી વેંકૈયા નાયડુ રહેશે.
- આ સમિતિ જાટ જ્ઞાતિને બંધારણની મર્યાદામાં રહીને અનામત આપવાના મુદ્દાઓ પર વિચારણા કરશે અને તેનો અહેવાલ સરકારને સોંપશે.
- જો કે ગયા વર્ષે જ સર્વોચ્ચ અદાલતે નવ રાજ્યોમાં જાટોને અનામત આપવાની બાબતને ફગાવી દીધી હતી.

❖ ચોથી વિશ્વ સરકાર બેઠક : દુબઈ :

- ચોથી વિશ્વ સરકાર બેઠક (World Government summit) દુબઈમાં 8-10 ફેબ્રુઆરી દરમ્યાન યોજાઈ ગઈ.
- આ બેઠકમાં જળવાયુ પરિવર્તન, નાણા સમાવેશીયતા, પેંશન સતતતા, બધા માટે શિક્ષણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.
- સમ્મેલન દરમ્યાન કર્ણાટકના 'મોબાઈલ વન પ્રોજેક્ટ'ને સર્વશ્રેષ્ઠ એમ-શાસનનો સેવા પુરસ્કાર આપવામાં આવ્યો.

❖ રાષ્ટ્રીય આરોગ્ય મેળો – 2016 :

- રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું આયોજન ઉત્તરાખંડના દહેરાદૂન અને ઝારખંડના રાંચીમાં ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવ્યું.
- આ મેળાનું ઉદઘાટન કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી શ્રીપદ એસ્સો નાઈક દ્વારા કરવામાં આવ્યું.


❖ તિખોર :

- ગુવાહાટી અને શિલાંગમાં આયોજીત 12મા દક્ષિણ એશિયાઈ રમતોત્સવનું શુભંકર 'તિખોર' હતું.
- વાસ્તવમાં તિખોર એ ગેંડાનું બચ્ચુ છે.
- આ રમતોત્સવની શરૂઆત 5 ફેબ્રુઆરીના રોજ થઈ હતી અને તેનું ઉદઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

❖ પ્લેઈંગ ઈટ માય વે :- સચિન તેંડુલકરની આ આત્મકથા છે કે, જે કથા અથવા બિનકથા આધારિત વર્ગમાં સૌથી વધુ વેચાણ પામેલ પુસ્તક છે.

current663.wordpress.com

- ❖ સ્ટેન્ડીંગ ગાર્ડ : અ યર ઈન ઓપોઝીશન : પી. ચિદમ્બરમ દ્વારા લિખિત પુસ્તક છે.
- ❖ ફેબ્રુઆરી – માર્ચ માસના મહત્વના દિવસો :
- ❖ 21 ફેબ્રુઆરી : આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ : વર્ષ 2016માં આ દિવસની ઉજવણીમાં થીમ હતી : 'ગુણવત્તાપૂર્ણ શિક્ષણ, શિક્ષણની ભાષાઓ અને તેનાં પરિણામો'.
- ❖ 28 ફેબ્રુઆરી : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ : આ વર્ષની થીમ હતી : 'રાષ્ટ્રના વિકાસમાં વૈજ્ઞાનિક તથ્ય'. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે 28 ફેબ્રુઆરીના દિવસે સર ચંદ્રશેખર વેંકટરામન દ્વારા રામન ઈફેક્ટની શોધના સંદર્ભમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે. ડૉ. વેંકટરામન દ્વારા 28 ફેબ્રુઆરી, 1928ના રોજ રામન ઈફેક્ટની શોધ કરવામાં આવી હતી અને તે માટે તેમને 1930માં ભૌતિક વિજ્ઞાનનો નોબલ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.
- ❖ 2 ફેબ્રુઆરી : વિશ્વ આર્દ્રભૂમિ (વેટલેન્ડ) દિવસ : આ વર્ષે આ દિવસની થીમ હતી : વેટલેન્ડસ – આપણા ભવિષ્ય માટે ટકાઉ રોજગારી.
- ❖ 3 માર્ચ : વિશ્વ વન્ય જીવ દિવસ : આ વર્ષે આ દિવસની થીમ હતી : 'વન્યજીવોનું ભવિષ્ય આપણા હાથમાં'.




current663.wordpress.com